# પ્રકરણ – 4

# સંશોધનનું પૃથક્કરણ, અર્થઘટન અને પરિણામ ચર્ચા

## 4.1 પ્રસ્તાવના :–

સાંપ્રત સમયમાં માનવીએ મહત્વની મનોવૈજ્ઞાનિક બાબતો વિશે જે જ્ઞાન મેળવ્યું છે તે વૈજ્ઞાનિક સંશોધનનું પરિણામ છે. આજના યુગમાં બધા જ વિજ્ઞાનોમાં એકત્રીત કરેલી સંખ્યાત્મક માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન કરવા માટે આંકડાશાસ્ત્રનો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ થાય છે. મનોવિજ્ઞાનમાં જૂદી જૂદી અનેક મનોવૈજ્ઞાનિક કસોટીઓના પ્રાપ્તાંકોનું પૃથક્કરણ અને અર્થઘટન કરવામાં મનોવૈજ્ઞાનિક કસોટીઓની રચનામાં અને માનવ વર્તન અંગેના સામાન્ય નિયમો તારવવામાં આંકડાશાસ્ત્રનો ઉપયોગ થાય છે.

"પૂર્વયોજીત હેતુ અનુસાર અનેકવિધ પરિબળોની અસર નીચે આવતી પરસ્પર સંબંધ ધરાવતી સંખ્યાત્મક માહિતી એકત્રીત કરી તેનું વર્ગીકરણ અને પૃથક્કરણ કરી તે પરથી સામાન્ય નિયમો કે અગત્યના નિરાકરણો તારવવાની પદ્ધતિના શાસ્ત્રને આંકડાશાસ્ત્ર કહેવામાં આવે છે."

મનોવિજ્ઞાન એક વિજ્ઞાન હોવાને લીધે તે વૈજ્ઞાનિક પદ્ધતિઓ દ્વારા વર્તન અંગેના સામાન્ય નિયમો તારવે છે. માહિતી પ્રાપ્ત કરવા માટે પ્રશ્નાવલિ, મૂલાકાત વગેરે પદ્ધતિનો ઉપયોગ કરે છે. સાથે સાથે આ માહિતીને વ્યવસ્થિત ગોઠવવા માટે તેમજ વર્ગીકરણ અને પૃથક્કરણ માટે ઉપરાંત તેના પરથી અનુમાનો કરવા માટે આંકડાશાસ્ત્ર અને આંકડાકીય પદ્ધતિનો ઉપયોગ કરે છે.

પ્રસ્તુત સંશોધનનો હેતુ વ્યકિતગત સામાજિક પરિવર્ત્યોના સંદર્ભમાં વ્યવસાય સંતોષ, જીવન સંતોષ અને માનસિક સ્વાસ્થ્ય ઉપર થતી અસર તપાસવાનો છે. કોઈપણ અભ્યાસ સમષ્ટિના બધા જ લોકો પર થઈ શકતો નથી તેથી આ મર્યાદાને દૂર કરવા માટે એ સમષ્ટિમાં પ્રતિનિધીરૂપ એકમ પસંદ કરી જૂનાગઢ જિલ્લામાંથી શિક્ષકોની જાતિ, શાળાનો પ્રકાર અને લગ્ન દરજ્જાની અસર તપાસવા માટે$2\times2\times2$ ફેકટોરિયલ ડિઝાઈન પસંદ કરવામાં આવી હતી. સ્વતંત્ર પરિવર્ત્યની આંતરિક અસર તપાસવા માટે વિચરણ પૃથક્કરણ દ્વારા ગણતરી કરવામાં આવી હતી. તેમજ શિક્ષકોની ઉંમર, વેતનદર અને કાર્યભાર જેવા વ્યકિતગત સામાજિક પરિવર્ત્યોની અસર તપાસવા માટે $t$ કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તેમજ વ્યવસાય સંતોષ, જીવન સંતોષ અને માનસિક સ્વાસ્થ્ય વચ્ચેનો સહસંબંધ ગણવા માટે કાર્લ પિયરસન $r$ નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. દરેક હેતુ અનુસાર ઉત્કલ્પનાની ચકાસણી અને પૃથક્કરણ અને અર્થઘટન અને પરિણામ ચર્ચા વિગતવાર દરેક વિભાગમાં કરવામાં આવી હતી.

આ પ્રકરણને મુખ્યત્વે નીચેના વિભાગોમાં વહેંચવામાં આવ્યુ છે જે નીચે પ્રમાણે છે.

(1) સંશોધન અંગેની સામાન્ય માહિતીની ટકાવારી

(2) વ્યકિતગત સામાજિક પરિવર્ત્યોના સંદર્ભમાં વ્યવસાય સંતોષનો અભ્યાસ

(3) વ્યકિતગત સામાજિક પરિવર્ત્યોના સંદર્ભમાં જીવન સંતોષનો અભ્યાસ

(4) વ્યકિતગત સામાજિક પરિવર્ત્યોના સંદર્ભમાં માનસિક સ્વાસ્થ્યનો અભ્યાસ

(5) વ્યવસાય સંતોષ, જીવન સંતોષ અને માનસિક સ્વાસ્થ્ય વચ્ચેના સહસંબંધનો અભ્યાસ

## 4.2 સંશોધન અંગેની સામાન્ય માહિતીની ટકાવારી :–

અહી વ્યકિતગત પરિવર્ત્યો અને માહિતીની સંખ્યા તેમજ ટકાવારીમાં પૃથક્કરણ કરવામાં આવ્યું જે જૂદા જૂદા કોષ્ટકો દ્વારા વ્યકત કરવામાં આવ્યુ છે.

### 4.2.1 શિક્ષકોની જાતિ અને સંખ્યા પ્રમાણે ટકાવારી :–

પ્રસ્તુત અભ્યાસમાં શિક્ષકોને જાતિના સંદર્ભમાં બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

(1) સ્ત્રી

(2) પુરૂષ

કોષ્ટક નં. 4.1

શિક્ષકોની જાતિ અને સંખ્યા પ્રમાણે ટકાવારી (N = 1200)

| ક્રમાંક | શિક્ષકોની જાતિ | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| 1 | સ્ત્રી | 600 | 50% |
| 2 | પુરૂષ | 600 | 50% |
| કુલ | | 1200 | 100% |

ઉપરના કોષ્ટકમાં જોતા જણાય છે કે 50% એટલે કે 600 સ્ત્રી શિક્ષકો અને 50% એટલે કે 600 પુરૂષ શિક્ષકોને નિદર્શમાં સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા.

### 4.2.2 શિક્ષકોની શાળાના પ્રકાર અને સંખ્યા પ્રમાણે ટકાવારી :–

પ્રસ્તુત અભ્યાસમાં શિક્ષકોને શાળાના પ્રકારના સંદર્ભમાં બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

(1) ખાનગી

(2) સરકારી

કોષ્ટક નં. 4.2

શિક્ષકોની શાળાના પ્રકાર અને સંખ્યા પ્રમાણે ટકાવારી (N = 1200)

| ક્રમાંક | શાળાનો પ્રકાર | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| 1 | ખાનગી | 600 | 50% |
| 2 | સરકારી | 600 | 50% |
| કુલ | | 1200 | 100% |

ઉપરના કોષ્ટકમાં જોતા જણાય છે કે 50% એટલે કે 600 ખાનગી શાળામાં નોકરી કરતા શિક્ષકો અને 50% એટલે કે 600 સરકારી શાળામાં નોકરી કરતા શિક્ષકોને નિદર્શમાં સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા.

### 4.2.3 **શિક્ષકોના વૈવાહિક દરજ્જા અને સંખ્યા પ્રમાણે ટકાવારી :–**

પ્રસ્તુત અભ્યાસમાં શિક્ષકોને વૈવાહિક દરજ્જાના સંદર્ભમાં બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

(1) ખાનગી

(2) સરકારી

કોષ્ટક નં. 4.3

શિક્ષકોના વૈવાહિક દરજ્જા અને સંખ્યા પ્રમાણે ટકાવારી (N = 1200)

| ક્રમાંક | વૈવાહિક દરજ્જો | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| 1 | પરણિત | 600 | 50% |
| 2 | અપરણિત | 600 | 50% |
| કુલ | | 1200 | 100% |

ઉપરના કોષ્ટકમાં જોતા જણાય છે કે 50% એટલે કે 600 પરણિત શિક્ષકો અને 50% એટલે કે 600 અપરણિત શિક્ષકોને નિદર્શમાં સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા.

### 4.2.4 **શિક્ષકોના ઉંમર અને સંખ્યા પ્રમાણે ટકાવારી :–**

પ્રસ્તુત અભ્યાસમાં શિક્ષકોને ઉંમરના સંદર્ભમાં બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

(1) 21 થી 40 વર્ષ

(2) 41 થી 58 વર્ષ

કોષ્ટક નં. 4.4

શિક્ષકોની ઉંમર અને સંખ્યા પ્રમાણે ટકાવારી (N = 1200)

| ક્રમાંક | શિક્ષકોની ઉંમર | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| 1 | 21 થી 40 વર્ષ | 789 | 65.75% |
| 2 | 41 થી 58વર્ષ | 411 | 34.25% |
| કુલ | | 1200 | 100% |

ઉપરના કોષ્ટકમાં જોતા જણાય છે કે 65.75% એટલે કે789 શિક્ષકો 21 થી 40 વર્ષના અને 34.25% એટલે કે 411 શિક્ષકો 41 થી 58 વર્ષના શિક્ષકોને નિદર્શમાં સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા.

**4.2.5 શિક્ષકોના વેતનદર અને સંખ્યા પ્રમાણે ટકાવારી :–**

પ્રસ્તુત અભ્યાસમાં શિક્ષકોને વેતનદરના સંદર્ભમાં બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

(1) 10,000 થી ઓછો

(2) 10,000 થી વધુ

કોષ્ટક નં. 4.5

શિક્ષકોના વેતનદર અને સંખ્યા પ્રમાણે ટકાવારી (N = 1200)

| ક્રમાંક | શિક્ષકોની ઉંમર | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| 1 | 10,000 થી ઓછો | 821 | 68.42% |
| 2 | 10,000 થી વધુ | 379 | 31.58% |
| કુલ | | 1200 | 100% |

ઉપરના કોષ્ટકમાં જોતા જણાય છે કે 68.42% એટલે કે 821 10,000 થી ઓછો પગાર ધરાવતા શિક્ષકો અને 31.58% એટલે કે 379 10,000 થી વધુ પગાર ધરાવતા શિક્ષકોને નિદર્શમાં સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા.

**4.2.6 શિક્ષકોના કાર્યભાર અને સંખ્યા પ્રમાણે ટકાવારી :–**

પ્રસ્તુત અભ્યાસમાં શિક્ષકોને કાર્યભારના સંદર્ભમાં બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

(1) ખંડ સમય

(2) પૂર્ણ સમય

કોષ્ટક નં. 4.6

શિક્ષકોના કાર્યભાર અને સંખ્યા પ્રમાણે ટકાવારી (N = 1200)

| ક્રમાંક | કાર્યભાર | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| 1 | ખંડ સમય | 293 | 24.42% |
| 2 | પૂર્ણ સમય | 907 | 75.58% |
| કુલ | | 1200 | 100% |

ઉપરના કોષ્ટકમાં જોતા જણાય છે કે 24.42% એટલે કે 293 ખંડ સમય નોકરી કરતા શિક્ષકો અને 75.58% એટલે કે 907 પૂર્ણ સમય નોકરી કરતા શિક્ષકોને નિદર્શમાં સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા.

## 4.3 વ્યક્તિગત સામાજિક પરિવર્ત્યોના સંદર્ભમાં વ્યવસાય સંતોષનો અભ્યાસ.

### 4.3.1 વ્યક્તિગત સામાજિક પરિવર્ત્યો અને વ્યવસાય સંતોષ વચ્ચેના સંબંધનું F કસોટી વડે પૃથક્કરણ, અર્થઘટન અને પરિણામ ચર્ચા :–

પ્રસ્તુત અધ્યયનમાં શિક્ષકોના વ્યક્તિગત ઘટકો જેવા કે શિક્ષકોની જાતિ, શાળાનો પ્રકાર અને વૈવાહિક દરજ્જાની શી અસર થાય છે તેમજ આ સ્વતંત્ર પરિવર્ત્યોની વ્યવસાય સંતોષ પર થતી અસરની ચકાસણી કરવા માટે વિચરણ પૃથક્કરણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

શિક્ષકોની જાતિ, શાળાનો પ્રકાર અને વૈવાહિક દરજ્જા જેવા સ્વતંત્ર પરિવર્ત્યો ઉપર મુખ્ય તેમજ આંતર ક્રિયાત્મક અસર જાણવા માટે વિચરણ પૃથક્કરણ પદ્ધતિ દ્વારા F મૂલ્ય શોધવામાં આવ્યા હતા. આ દરેકની વિગતવાર ચર્ચા નીચે પ્રમાણે કરવામાં આવી છે. ઉપરાંત વિચરણ પૃથક્કરણ પ્રક્રિયામાં પ્રાપ્ત થતી અંતિમ કિમત F ગુણોતર સમષ્ટિના વિવિધ જૂથોના મધ્યકો વચ્ચે OVER ALL તફાવત સાર્થક છે કે કેમ તેનો અંતિમ નિર્ણય કરવા માટે મદદ કરે છે અને અહીં સ્વતંત્ર પરિવર્ત્યો ત્રણ છે જે નીચે મુજબ છે.

(1) જાતિ (A)
- A1 : સ્ત્રી
- A2 : પુરૂષ

(2) શાળાનો પ્રકાર (B)
- B1 : ખાનગી
- B2 : સરકારી

(3) વૈવાહિક દરજ્જો (C)
- C1 : પરણિત
- C2 : અપરણિત

જયારે વ્યવસાય સંતોષ પરતંત્ર પરિવર્ત્ય છે. આ અંગેની તમામ વિગતો કોષ્ટક નં. 4.7માં દર્શાવવામાં આવી છે.

પરિણામ કોષ્ટક નં. 4.7

2×2×2 આવયવિક યોજના અને વ્યવસાય સંતોષનું વિચરણ પૃથક્કરણ પરિણામ

(N=1200)

| ચલનનો ઉદભવ Source of Variance | વર્ગોનો સરવાળો Sum of Square | સ્વાતંત્ર્યની કક્ષા df(n-1) | પ્રચરણ Mean Sum of Square | મૂલ્ય F | સાર્થકતાની કક્ષા Sig. |
|---|---|---|---|---|---|
| Main Effects | - | - | - | - | - |
| SSA | 991.63 | 1 | 991.63 | 14.64 | 0.01 |
| SSB | 761.49 | 1 | 761.49 | 11.24 | 0.01 |
| SSC | 1044.49 | 1 | 1044.49 | 15.42 | 0.01 |
| Interaction Effects | - | - | - | - | |
| SS A.B | 1163.37 | 1 | 1163.37 | 17.18 | 0.01 |
| SS B.C | 1081.99 | 1 | 1081.99 | 15.98 | 0.01 |
| SS A.C | 1341.41 | 1 | 1341.41 | 19.81 | 0.01 |
| SS A.B.C | 859.66 | 1 | 859.66 | 12.70 | 0.01 |
| Within SS Error | 80710.32 | 1192 | 67.71 | | |
| SS total | 87954.36 | 1199 | | | |

Significance Leval

| N | 0.05 | 0.01 |
|---|---|---|
| 150 | 3.91 | 6.81 |
| 300 | 3.86 | 6.70 |
| 600 | 3.85 | 6.66 |

### 4.3.1.1 **શિક્ષકોની જાતિ (A) અને વ્યવસાય સંતોષ વચ્ચેની F કસોટી :–**

શિક્ષકોને જાતિને ધ્યાનમાં રાખીને બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

(1) સ્ત્રી (2) પુરૂષ

આ બે પ્રકારના સંદર્ભમાં નીચે પ્રમાણે ઉત્કલ્પના રચવામાં આવી હતી.

$HO_1$ : શિક્ષકોની જાતિના સંદર્ભમાં વ્યવસાય સંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહિ.

પરિણામ કોષ્ટક નં. 4.8

શિક્ષકોની જાતિ (A) પરિવર્ત્યના વ્યવસાય સંતોષના

મધ્યકો અને F દર્શાવતુ કોષ્ટક :–

| શિક્ષકોની જાતિ (A) | N | Mean | F | Sig |
|---|---|---|---|---|
| સ્ત્રીઓ ($A_1$) | 600 | 67.35 | 14.64 | 0.01 |
| પુરૂષો ($A_2$) | 600 | 65.90 | | |

0.05 = 0.93

0.01 = 6.66

પરિણામ કોષ્ટક નં. 4.9

શિક્ષકોની જાતિ (A) પરિવર્ત્યના વ્યવસાય સંતોષના મધ્યકોના

તફાવત દર્શાવતુ L.S.D. કોષ્ટક :–

| Sr. No. | Pairs | Mean diff. | Sig. |
|---|---|---|---|
| 1 | $A_1$ Vs $A_2$ | 1.45 | 0.01 |

0.05 = 0.93

0.01 = 1.23

પરિણામ કોષ્ટક નં. 4.8 માં જોતા જણાય છે કે શિક્ષકોની જાતિના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ F ની કિંમત 14.64 છે. જયારે 0.05 અર્થસૂચક કક્ષાએ F ની કિંમત 3.85 અને 0.01 અર્થસૂચક કક્ષાએ F ની કિંમત 6.66 છે. અહી પ્રાપ્ત થયેલ F ની કિંમત મોટી છે તેથી તફાવત સાર્થક

છે. અહી $HO_1$ નો અસ્વિકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે પુરૂષ શિક્ષકો કરતા સ્ત્રી શિક્ષકોનો વ્યવસાય સંતોષ વધુ જોવા મળે છે.

શિક્ષકોની જાતિના સંદર્ભમાં L.S.D. તફાવત પણ સાર્થક જોવા મળે છે જે કોષ્ટક નં. 4.9માં દર્શાવવામાં આવેલ છે. અહી $A_1$ Vs $A_2$ એટલે કે સ્ત્રીઓ અને પુરૂષોના વ્યવસાય સંતોષના મધ્યકો અનુક્રમે 67.35 અને 65.90 છે અને બંને વચ્ચેનો તફાવત 1.45 છે જે 0.01 અર્થકક્ષાએ સાર્થક છે તેથી કહી શકાય કે પુરૂષ શિક્ષકો કરતા સ્ત્રી શિક્ષકોનો વ્યવસાય સંતોષ વધુ જોવા મળે છે.

આનું શકય કારણ આપતા કહી શકાય કે ભારત જેવા પુરૂષપ્રધાન સમાજમાં કૌટુંબિક, સામાજિક અને આર્થિક જવાબદારી પુરૂષના શીરે હોય છે. આવી જવાબદારી સાથે તેઓ નોકરીમાં જવાબદારીના અસંતોષ કે અસ્વસ્થતાથી નોકરી કરતા હોય છે. જયારે સ્ત્રીઓને માથે આવી કોઈ જવાબદારીયુકત ભૂમિકા હોતી નથી તેથી તેઓ સંતોષપૂર્ણ કાર્ય કરી શકે છે. તેથી કહી શકાય કે પુરૂષ શિક્ષકો કરતા સ્ત્રી શિક્ષકોનો વ્યવસાય સંતોષ વધુ જોવા મળે છે.

### 4.3.2.1 **શિક્ષકોની શાળાનો પ્રકાર (B) અને વ્યવસાય સંતોષ વચ્ચેની F કસોટી :–**

શિક્ષકોને શાળાના પ્રકારને ઘ્યાનમાં રાખીને બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

(1) ખાનગી (2) સરકારી

આ બે પ્રકારના સંદર્ભમાં નીચે પ્રમાણે ઉત્કલ્પના રચવામાં આવી હતી.

$HO_2$ : શિક્ષકોની શાળાના પ્રકારના સંદર્ભમાં વ્યવસાય સંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહિ.

પરિણામ કોષ્ટક નં. 4.10

શિક્ષકોની શાળાના પ્રકાર (B) પરિવર્ત્યના વ્યવસાય સંતોષના

મધ્યકો અને F દર્શાવતુ કોષ્ટક :–

| શાળાનો પ્રકાર (B) | N | Mean | F | Sig |
|---|---|---|---|---|
| ખાનગી ($B_1$) | 600 | 64.02 | 11.24 | 0.01 |
| સરકારી($B_2$) | 600 | 69.23 | | |

0.05 = 3.85

0.01 = 6.66

પરિણામ કોષ્ટક નં. 4.11

શિક્ષકોની શાળાનો પ્રકાર (B) પરિવર્ત્યના વ્યવસાય સંતોષના મધ્યકોના

તફાવત દર્શાવતુ L.S.D. કોષ્ટક :–

| Sr. No. | Pairs | Mean diff. | Sig. |
|---|---|---|---|
| 1 | $B_1$ Vs $B_2$ | 5.21 | 0.01 |

0.05 = 0.93

0.01 = 1.23

પરિણામ કોષ્ટક નં. 4.10 માં જોતા જણાય છે કે શિક્ષકોની શાળાના પ્રકારના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ F ની કિંમત 11.24 છે. જયારે 0.05 અર્થસૂચક કક્ષાએ F ની કિંમત 3.85 અને 0.01 અર્થસૂચક કક્ષાએ F ની કિંમત 6.66 છે. અહી પ્રાપ્ત થયેલ F ની કિંમત મોટી છે તેથી તફાવત સાર્થક છે. અહીં $HO_2$ નો અસ્વિકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે ખાનગી કરતા સરકારી શાળામાં નોકરી કરતા શિક્ષકોનો વ્યવસાય સંતોષ વધુ સારો છે.

શિક્ષકોની શાળાના પ્રકારના સંદર્ભમાં L.S.D. તફાવત પણ સાર્થક જોવા મળે છે જે કોષ્ટક નં. 4.11 માં દર્શાવવામાં આવેલ છે. અહી $B_1$ Vs $B_2$ એટલે કે ખાનગી અને સરકારી શાળાના શિક્ષકોના વ્યવસાય સંતોષના મધ્યકો અનુક્રમે 64.02 અને 69.23 છે અને બંને વચ્ચેનો તફાવત 5.21 છે જે 0.01 અર્થકક્ષાએ સાર્થક છે તેથી કહી શકાય કે ખાનગી કરતા સરકારી શાળામાં નોકરી કરતા શિક્ષકોનો વ્યવસાય સંતોષ વધુ સારો છે.

આનું શકય કારણ આપતા કહી શકાય કે સરકારી શાળામાં નોકરી કરતા શિક્ષકો પોતે નોકરીમાં સલામત હોય છે. ઉપરાંત સરકારી ધારાધોરણ મુજબ કાર્ય કરવાનું હોય તેમજ કાર્યના બદલામાં જરૂરિયાત મુજબ વેતન પ્રાપ્ત થાય છે. જયારે ખાનગી શાળામાં વધારે કાર્યના બદલામાં ખૂબજ ઓછું વેતન મળે છે અને વધારાના લાભો મળતા નથી તેમજ તેઓ નોકરીમાં તદ્દન અસલામત હોય છે તેથી કહી શકાય કે ખાનગી કરતા સરકારી શાળામાં નોકરી કરતા શિક્ષકોમાં વ્યવસાય સંતોષ વધુ સારો જોવા મળે છે.

**4.3.1.3શિક્ષકોના વૈવાહિક દરજ્જા (C) અને વ્યવસાય સંતોષ વચ્ચેની F કસોટી :–**

શિક્ષકોના વૈવાહિક દરજ્જાને ધ્યાનમાં રાખીને બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

(1) પરણિત (2) અપરણિત

આ બે પ્રકારના સંદર્ભમાં નીચે પ્રમાણે ઉત્કલ્પના રચવામાં આવી હતી.

$HO_3$ : શિક્ષકોના લગ્ન દરજ્જાના સંદર્ભમાં વ્યવસાય સંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહિ.

પરિણામ કોષ્ટક નં. 4.12

શિક્ષકોના લગ્ન દરજ્જા (C) પરિવર્ત્યના વ્યવસાય સંતોષના

મધ્યકો અને F દર્શાવતુ કોષ્ટક :–

| લગ્ન દરજ્જો (C) | N | Mean | F | Sig |
|---|---|---|---|---|
| પરણિત ($C_1$) | 600 | 65.17 | 15. 42 | 0.01 |
| અપરણિત($C_2$) | 600 | 68.08 | | |

0.05 = 3.85

0.01 = 6.66

પરિણામ કોષ્ટક નં. 4.13

શિક્ષકોની લગ્ન દરજ્જા(C) પરિવર્ત્યના વ્યવસાય સંતોષના મધ્યકોના

તફાવત દર્શાવતુ L.S.D. કોષ્ટક :–

| Sr. No. | Pairs | Mean diff. | Sig. |
|---|---|---|---|
| 1 | $C_1$ Vs $C_2$ | 2.91 | 0.01 |

0.05 = 0.93


0.01 = 1.23

પરિણામ કોષ્ટક નં. 4.12 માં જોતા જણાય છે કે શિક્ષકોના વૈવાહિક દરજ્જાના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ F ની કિંમત 15.42 છે. જ્યારે 0.05 અર્થસૂચક કક્ષાએ F ની કિંમત 3.85 અને 0.01 અર્થસૂચક કક્ષાએ F ની કિંમત 6.66 છે. અહીં પ્રાપ્ત થયેલ F ની કિંમત મોટી છે તેથી તફાવત સાર્થક છે. અહીં $HO_3$ નો અસ્વિકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે પરણિત કરતા અપરણિત શિક્ષકોનો વ્યવસાય સંતોષ વધુ સારો છે.

શિક્ષકોના વૈવાહિક દરજ્જાના સંદર્ભમાં L.S.D. તફાવત પણ સાર્થક જોવા મળે છે જે કોષ્ટક નં. 4.13માં દર્શાવવામાં આવેલ છે. અહીં $C_1$ Vs $C_2$ એટલે કે પરણિત અને અપરણિત શિક્ષકોના વ્યવસાય સંતોષના મધ્યકો અનુક્રમે 65.17 અને 67.08 છે અને બંને વચ્ચેનો તફાવત


## આલેખ નં. 4.1

**શિક્ષકોની જાતિના સંદર્ભમાં વ્યવસાય સંતોષના મધ્યકો દર્શાવતો સ્થંભાલેખ**




## આલેખ નં. 4.2

**શિક્ષકોની શાળાના પ્રકારનાં સંદર્ભમાં વ્યવસાય સંતોષના મધ્યકો દર્શાવતો સ્થંભાલેખ**



## આલેખ નં. 4.3

**શિક્ષકોના વૈવાહિક દરજ્જાના સંદર્ભમાં વ્યવસાય સંતોષના મધ્યકો દર્શાવતો સ્થંભાલેખ**



2.91 છે જે 0.01 અર્થકક્ષાએ સાર્થક છે તેથી કહી શકાય કે પરણિત કરતા અપરણિત શિક્ષકોનો વ્યવસાય સંતોષ વધુ સારો છે.

આનું શકય કારણ આપતા કહી શકાય કે પરણિત શિક્ષકોએ કૌટુંબિક, સામાજિક, વ્યવહારિક ઉપરાંત નોકરી તરીકેની પણ ભૂમિકા ભજવવાની હોય છે. જયારે અપરણિત શિક્ષકોએ ફકત નોકરીયાત તરીકેની જ ભૂમિકા ભજવવાની હોય છે. તેથી તેઓ કાર્યમાંથી સંતોષ મેળવી શકે છે. તેથી કહી શકાય કે પરણિત શિક્ષકો કરતા અપરણિત શિક્ષકોનો વ્યવસાય સંતોષ વધુ સારો જોવા મળે છે.

### 4.3.1.4 શિક્ષકોની જાતિ (A) અને શાળાનો પ્રકાર (B) વચ્ચેની આંતરક્રિયાની F કસોટી :–

શિક્ષકોની જાતિ અને શાળાના પ્રકાર વચ્ચેની આંતરક્રિયા પ્રમાણે શિક્ષકોને ચાર વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

(1) ખાનગી શાળાના સ્ત્રી શિક્ષકો (2) સરકારી શાળાના સ્ત્રી શિક્ષકો

(3) ખાનગી શાળાના પુરૂષ શિક્ષકો (4) સરકારી શાળાના પુરૂષ શિક્ષકો

આ પ્રકારોના સંદર્ભમાં નીચે પ્રમાણે ઉત્કલ્પના રચવામાં આવી હતી.

$HO_4$ : શિક્ષકોની જાતિ અને શાળાના પ્રકારની આંતરક્રિયાના સંદર્ભમાં વ્યવસાય સંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહિ.

પરિણામ કોષ્ટક નં. 4.14

શિક્ષકોની જાતિ અને શાળાના પ્રકાર પરિવર્ત્યના વ્યવસાય

સંતોષના મધ્યકો અને F દર્શાવતુ કોષ્ટક :–

| Variable | N | Mean | F | Sig |
|---|---|---|---|---|
| ખાનગી શાળાના સ્ત્રી શિક્ષકો ($A_1B_1$) | 300 | 64.54 | 17.18 | 0.01 |
| સરકારી શાળાના સ્ત્રી શિક્ષકો ($A_1B_2$) | 300 | 70.15 | | |
| ખાનગી શાળાના પુરૂષ શિક્ષકો ($A_2B_1$) | 300 | 63.50 | | |
| સરકારી શાળાના પુરૂષ શિક્ષકો ($A_2B_2$) | 300 | 68.31 | | |

0.05 = 3.86

0.01 = 6.70

પરિણામ કોષ્ટક નં. 4.15

શિક્ષકોની જાતિ અને શાળાનો પ્રકાર પરિવર્ત્યોના મધ્યકોના

તફાવત દર્શાવતુ L.S.D. કોષ્ટક :–

| Sr. No. | Pairs | Mean diff. | Sig. |
|---|---|---|---|
| 1 | $A_1$ $B_1$ Vs $A_1$ $B_2$ | 5.21 | 0.01 |
| 2 | $A_1$ $B_1$ Vs $A_2$ $B_2$ | 1.04 | Ns |
| 3 | $A_1$ $B_1$ Vs $A_2$ $B_2$ | 3.77 | 0.01 |
| 4 | $A_1$ $B_2$ Vs $A_2$ $B_1$ | 6.65 | 0.01 |
| 5 | $A_1$ $B_2$ Vs $A_2$ $B_2$ | 1.84 | 0.01 |
| 6 | $A_2$ $B_1$ Vs $A_2$ $B_2$ | 4.81 | 0.01 |

0.05 = 1.32

0.01 = 1.73

પરિણામ કોષ્ટક નં. 4.14માં જોતા જણાય છે કે શિક્ષકોની જાતિ અને શાળાના પ્રકારની આંતરક્રિયાના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ F ની કિંમત 17.18 છે. જ્યારે 0.05 અર્થસૂચક કક્ષાએ F ની કિંમત 3.86 અને 0.01 અર્થસૂચક કક્ષાએ F ની કિંમત 6.70 છે. અહીં પ્રાપ્ત થયેલ F ની કિંમત મોટી છે તેથી તફાવત સાર્થક છે. અહીં $HO_4$ નો અસ્વિકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે શિક્ષકોની જાતિ અને શાળાના પ્રકારની આંતરક્રિયાના સંદર્ભમાં વ્યવસાય સંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

પરિણામ કોષ્ટક નં. 4.15માં જોતા જણાય છે કે શિક્ષકોની જાતિ અને શાળાના પ્રકારની આંતરક્રિયાના સંદર્ભમાં L.S.D. તફાવત 5 Pairs માં 0.01 અર્થસૂચક કક્ષાએ સાર્થક અને 1 Pairs માં અસાર્થક જોવા મળે છે જેમાં $A_1B_1$ Vs $A_1B_2$ એટલે કે ખાનગી શાળાના સ્ત્રી શિક્ષકો અને સરકારી શાળાના સ્ત્રી શિક્ષકોના વ્યવસાય સંતોષના મધ્યકો અનુક્રમે 64.54 અને 70.15 છે અને બંને વચ્ચેનો તફાવત 5.61 છે જે 0.01 અર્થકક્ષાએ સાર્થક છે તેથી કહી શકાય કે ખાનગી શાળાના સ્ત્રી શિક્ષકો કરતા સરકારી શાળાના સ્ત્રી શિક્ષકોનો વ્યવસાય સંતોષ વધુ સારો છે.

આનું શકય કારણ આપતા કહી શકાય કે સરકારી શાળાની સરખામણીમાં ખાનગી શાળામાં કાર્ય વધુ હોય છે જયારે તેના પ્રમાણમાં પગાર ઓછો આપવામાં આવે છે. તેમજ ખાનગી શાળામાં નોકરી અંગેની કોઈ સલામતી હોતી નથી. જયારે સરકારી શાળામાં કોઈપણ પ્રકારની સલામતીની ચિંતા હોતી નથી. તેથી કહી શકાય કે ખાનગી શાળાના સ્ત્રી શિક્ષકો કરતા સરકારી શાળાના સ્ત્રી શિક્ષકોનો વ્યવસાય સંતોષ વધુ જોવા મળે છે.

$A_2B_1$ Vs $A_2B_2$ એટલે કે ખાનગી શાળાના પુરૂષ શિક્ષકો અને સરકારી શાળાના પુરૂષ શિક્ષકોના વ્યવસાય સંતોષના મઘ્યકો અનુક્રમે 63.50 અને 68.31 છે અને બંને વચ્ચેનો તફાવત 4.81 છે જે 0.01 અર્થકક્ષાએ સાર્થક છે તેથી કહી શકાય કે ખાનગી શાળાના પુરૂષ શિક્ષકો કરતા સરકારી શાળાના પુરૂષ શિક્ષકોનો વ્યવસાય સંતોષ વધુ છે.

આનું શકય કારણ આપતા કહી શકાય કે ખાનગી શાળામાં સરકારી શાળાની સરખામણીમાં કાર્ય વધુ હોય છે. તેમજ જરૂર હોય ત્યારે પુરતા પ્રમાણમાં રજાઓ મળવી મુશ્કેલ છે. પુરૂષોના માથે અનેક પ્રકારની જવાબદારીઓ હોય છે તે નિભાવવા માટે રજાઓ મળતી નથી જયારે સરકારી શાળામાં જરૂર મુજબ રજાઓ મળે છે તેથી તેઓ કાર્યમાંથી સંતોષ મેળવી શકે છે તેથી કહી શકાય કે ખાનગી શાળાના પુરૂષ શિક્ષકો કરતા સરકારી શાળાના પુરૂષ શિક્ષકોનો વ્યવસાય સંતોષ વધુ હોય છે.

### 4.3.1.5 શિક્ષકોની શાળાનો પ્રકાર (B) અને વૈવાહિક દરજ્જા (C) વચ્ચેની આંતરક્રિયાની F કસોટી :–

શિક્ષકોની શાળાના પ્રકાર અને વૈવાહિક દરજ્જા વચ્ચેની આંતરક્રિયા પ્રમાણે શિક્ષકોને ચાર વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

(1) ખાનગી શાળાના પરણિત શિક્ષકો (2) ખાનગી શાળાના અપરણિત શિક્ષકો

(3) સરકારી શાળાના પરણિત શિક્ષકો (4) સરકારી શાળાના અપરણિત શિક્ષકો

આ પ્રકારોના સંદર્ભમાં નીચે પ્રમાણે ઉત્કલ્પના રચવામાં આવી હતી.

$HO_5$ : શિક્ષકોની શાળાના પ્રકાર અને વૈવાહિક દરજ્જાની આંતરક્રિયાના સંદર્ભમાં વ્યવસાય સંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહિ.

પરિણામ કોષ્ટક નં. 4.16

શિક્ષકોની શાળાના પ્રકાર અને વૈવાહિક દરજ્જાના પરિવર્ત્યના વ્યવસાય

સંતોષના મધ્યકો અને F દર્શાવતુ કોષ્ટક :–

| Variable | N | Mean | F | Sig |
|---|---|---|---|---|
| ખાનગી શાળાના પરણિત શિક્ષકો ($B_1C_1$) | 300 | 62.91 | 15.98 | 0.01 |
| ખાનગી શાળાના અપરણિત શિક્ષકો ($B_1C_2$) | 300 | 65.12 | | |
| સરકારી શાળાના પરણિત શિક્ષકો ($B_2C_1$) | 300 | 67.42 | | |
| સરકારી શાળાના અપરણિત શિક્ષકો ($B_2C_2$) | 300 | 71.04 | | |

0.05 = 3.86

0.01 = 6.70

પરિણામ કોષ્ટક નં. 4.17

શિક્ષકોની શાળાના પ્રકાર અને વૈવાહિક દરજ્જા પરિવર્ત્યોના મધ્યકોના

તફાવત દર્શાવતુ L.S.D. કોષ્ટક :–

| Sr. No. | Pairs | Mean diff. | Sig. |
|---|---|---|---|
| 1 | $B_1$ $C_1$Vs $B_1$ $C_2$ | 2.21 | 0.01 |
| 2 | $B_1$ $C_1$Vs $B_2$ $C_2$ | 4.51 | 0.01 |
| 3 | $B_1$ $C_1$Vs $B_2$ $C_2$ | 8.13 | 0.01 |
| 4 | $B_1$ $C_2$Vs $B_2$ $C_1$ | 2.30 | 0.01 |
| 5 | $B_1$ $C_2$Vs $B_2$ $C_2$ | 5.92 | 0.01 |
| 6 | $B_2$ $C_1$Vs $B_2$ $C_2$ | 3.62 | 0.01 |

0.05 = 1.32

0.01 = 1.73

પરિણામ કોષ્ટક નં. 4.16માં જોતા જણાય છે કે શિક્ષકોની શાળાના પ્રકાર અને વૈવાહિક દરજ્જાની આંતરક્રિયાના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ F ની કિંમત 15.98 છે. જયારે 0.05 અર્થસૂચક કક્ષાએ F ની કિંમત 3.86 અને 0.01 અર્થસૂચક કક્ષાએ F ની કિંમત 6.70 છે. અહી પ્રાપ્ત થયેલ F ની કિંમત મોટી છે તેથી તફાવત સાર્થક છે. અહી $HO_5$ નો અસ્વિકાર થાય

છે અને તારણ તારવવામાં આવે છે કે શિક્ષકોની શાળાના પ્રકાર અને વૈવાહિક દરજ્જાની આંતરક્રિયાના સંદર્ભમાં વ્યવસાય સંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

પરિણામ કોષ્ટક નં. 4.17માં જોતા જણાય છે કે શિક્ષકોની શાળાના પ્રકાર અને વૈવાહિક દરજ્જાની આંતરક્રિયાના સંદર્ભમાં L.S.D. તફાવત 6 Pairs માં 0.01 અર્થસૂચક કક્ષાએ સાર્થક જેમાં $B_1C_1$ Vs $B_1C_2$ એટલે કે ખાનગી શાળાના પરણિત શિક્ષકો અને ખાનગી શાળાના અપરણિત શિક્ષકોના વ્યવસાય સંતોષના મધ્યકો અનુક્રમે 62.91 અને65.12 છે અને બંને વચ્ચેનો તફાવત 2.21 છે જે 0.01 અર્થકક્ષાએ સાર્થક છે તેથી કહી શકાય કે ખાનગી શાળાના પરણિત શિક્ષકો કરતા ખાનગી શાળાના અપરણિત શિક્ષકોનો વ્યવસાય સંતોષ વધુ છે.

આનું શકય કારણ આપતા કહી શકાય કે પરણિત શિક્ષકોએ નોકરી ઉપરાંત કૌટુંબિક અને સામાજિક જવાબદારીઓ પણ નિભાવવાની હોય છે. તેથી તેઓ સતત કાર્યના ભાર સાથે કામ કરતા હોય છે. જયારે અપરણિત શિક્ષકે ફકત નોકરીની ભૂમિકા ભજવવાની હોય છે. તેથી ખાનગી શાળાના પરણિત શિક્ષકો કરતા અપરણિત શિક્ષકોનો વ્યવસાય સંતોષ વધુ જોવા મળે છે.

$B_2C_1$ Vs $B_2C_2$ એટલે કે સરકારી શાળાના પરણિત શિક્ષકો અને સરકારી શાળાના અપરણિત શિક્ષકોના વ્યવસાય સંતોષના મધ્યકો અનુક્રમે 67.42 અને71.04 છે અને બંને વચ્ચેનો તફાવત 3.62 છે જે 0.01 અર્થકક્ષાએ સાર્થક છે તેથી કહી શકાય કે સરકારી શાળાના પરણિત શિક્ષકો કરતા સરકારી શાળાના અપરણિત શિક્ષકોનો વ્યવસાય સંતોષ વધુ છે.

આનું શકય કારણ આપતા કહી શકાય કે પરણિત શિક્ષકોએ ઘર, કુટુંબ તેમજ સમાજની ભૂમિકા પણ ભજવવાની હોય છે. ઉપરાંત નોકરી તેમજ સરકારી કાર્યની ભૂમિકા પણ તેના શિરે હોય છે. જયારે અપરણિત શિક્ષકોએ આવી ભૂમિકા ભજવવાની હોતી નથી તેથી કહી શકાય કે સરકારી શાળાના પરણિત શિક્ષકો કરતા સરકારી શાળાના અપરણિત શિક્ષકોનો વ્યવસાય સંતોષ વધુ હોય છે.

### 4.3.1.6 શિક્ષકોની જાતિ (A) અને વૈવાહિક દરજ્જા (C) વચ્ચેની આંતરક્રિયાની F કસોટી :–

શિક્ષકોની જાતિ અને વૈવાહિક દરજ્જા વચ્ચેની આંતરક્રિયા પ્રમાણે શિક્ષકોને ચાર વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

(1) સ્ત્રી પરણિત શિક્ષકો

(2) સ્ત્રી અપરણિત શિક્ષકો

(3) પુરૂષ પરણિત શિક્ષકો

(4) પુરૂષ અપરણિત શિક્ષકો

આ પ્રકારોના સંદર્ભમાં નીચે પ્રમાણે ઉત્કલ્પના રચવામાં આવી હતી.

$HO_6$ : શિક્ષકોની જાતિ અને વૈવાહિક દરજ્જાની આંતરક્રિયાના સંદર્ભમાં વ્યવસાય સંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહિ.

પરિણામ કોષ્ટક નં. 4.18

શિક્ષકોની જાતિ અને વૈવાહિક દરજ્જાના પરિવર્ત્યના વ્યવસાય

સંતોષના મધ્યકો અને F દર્શાવતુ કોષ્ટક :–

| Variable | N | Mean | F | Sig |
|---|---|---|---|---|
| સ્ત્રી પરણિત શિક્ષકો ($A_1C_1$) | 300 | 65.80 | 19.81 | 0.01 |
| સ્ત્રી અપરણિત શિક્ષકો ($A_1C_2$) | 300 | 68.90 | | |
| પુરૂષ પરણિત શિક્ષકો ($A_2C_1$) | 300 | 64.54 | | |
| પુરૂષ અપરણિત શિક્ષકો ($A_2C_2$) | 300 | 67.27 | | |

0.05 = 3.86

0.01 = 6.70

પરિણામ કોષ્ટક નં. 4.19

શિક્ષકોની જાતિ અને વૈવાહિક દરજ્જા પરિવર્ત્યોના મધ્યકોના

તફાવત દર્શાવતુ L.S.D. કોષ્ટક :–

| Sr. No. | Pairs | Mean diff. | Sig. |
|---|---|---|---|
| 1 | $A_1 C_1$ Vs $A_1 C_2$ | 3.10 | 0.01 |
| 2 | $A_1 C_1$ Vs $A_2 C_2$ | 1.26 | Ns |
| 3 | $A_1 C_1$ Vs $A_2 C_2$ | 1.47 | 0.05 |
| 4 | $A_1 C_2$ Vs $A_2 C_1$ | 4.36 | 0.01 |
| 5 | $A_1 C_2$ Vs $A_2 C_2$ | 1.63 | 0.05 |
| 6 | $A_2 C_1$ Vs $A_2 C_2$ | 2.73 | 0.01 |

0.05 = 1.32

0.01 = 1.73

પરિણામ કોષ્ટક નં. 4.18માં જોતા જણાય છે કે શિક્ષકોની જાતિ અને વૈવાહિક દરજ્જાની આંતરક્રિયાના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ F ની કિંમત 19.81 છે. જયારે 0.05 અર્થસૂચક કક્ષાએ F ની કિંમત 3.86 અને 0.01 અર્થસૂચક કક્ષાએ F ની કિંમત 6.70 છે. અહીં પ્રાપ્ત થયેલ F ની કિંમત મોટી છે તેથી તફાવત સાર્થક છ. અહીં $HO_6$ નો અસ્વિકાર

થાય છે અને તારણ તારવવામાં આવે છે કે શિક્ષકોની જાતિ અને વૈવાહિક દરજ્જાની આંતરક્રિયાના સંદર્ભમાં વ્યવસાય સંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

પરિણામ કોષ્ટક નં. 4.19માં જોતા જણાય છે કે શિક્ષકોની જાતિ અને વૈવાહિક દરજ્જાની આંતરક્રિયાના સંદર્ભમાં L.S.D. તફાવત 3 Pairs માં 0.01 અર્થસૂચક કક્ષાએ સાર્થક, 2 Pairs માં 0.05અર્થસૂચક કક્ષાએ સાર્થક અને 1 Pairs માં અસાર્થક જોવા મળે છે જેમાં $A_1C_1$ Vs $A_1C_2$ એટલે કે સ્ત્રી પરણિત શિક્ષકો અને સ્ત્રી અપરણિત શિક્ષકોના વ્યવસાય સંતોષના મધ્યકો અનુક્રમે 65.80 અને 68.90 છે અને બંને વચ્ચેનો તફાવત 3.10 છે જે 0.01 અર્થકક્ષાએ સાર્થક છે તેથી કહી શકાય કે સ્ત્રી પરણિત શિક્ષકો કરતા સ્ત્રી અપરણિત શિક્ષકોનો વ્યવસાય સંતોષ વધુ છે.

આનું શકય કારણ આપતા કહી શકાય કે સ્ત્રીઓએ પત્નિ, માતા અને ગૃહિણી તરીકેની પણ ભૂમિકા ભજવવાની હોય છે. ઉપરાંત નોકરી કરતી સ્ત્રીઓની ભૂમિકા બેવડાઈ જાય છે. જયારે અપરણિત સ્ત્રી શિક્ષકોએ ફકત નોકરીની જ ભૂમિકા ભજવવાની હોય છે. તેથી કહી શકાય કે સ્ત્રી પરણિત શિક્ષકો કરતા સ્ત્રી અપરણિત શિક્ષકોનો વ્યવસાય સંતોષ વધુ જોવા મળે છે.

$A_2C_1$ Vs $A_2C_2$ એટલે કે પુરૂષ પરણિત શિક્ષકો અને પુરૂષ અપરણિત શિક્ષકોના વ્યવસાય સંતોષના મધ્યકો અનુક્રમે 64.54 અને 67.27 છે અને બંને વચ્ચેનો તફાવત 2.73 છે જે 0.01 અર્થકક્ષાએ સાર્થક છે તેથી કહી શકાય કે પુરૂષ પરણિત શિક્ષકો કરતા પુરૂષ અપરણિત શિક્ષકોનો વ્યવસાય સંતોષ વધુ છે.

આનું શકય કારણ આપતા કહી શકાય કે પુરૂષોએ નોકરી ઉપરાંત આર્થિક જવાબદારી તેમજ કુટુંબના ભરણ પોષણની જવાબદારી પણ નિભાવવાની હોય છે. ઉપરાંત પરણિત શિક્ષકોએ પત્નિ અને બાળકોની જવાબદારી વધી જાય છે. જયારે અપરણિત શિક્ષકોને માથે આવી જવાબદારી ન હોવાથી ફકત નોકરીયાતની જ ભૂમિકા ભજવવાની હોય છે. તેથી કહી શકાય કે પુરૂષ પરણિત શિક્ષકો કરતા પુરૂષ અપરણિત શિક્ષકોનો વ્યવસાય સંતોષ વધુ હોય છે.

### 4.3.1.7 શિક્ષકોની જાતિ (A), શાળનો પ્રકાર (B) અને વૈવાહિક દરજ્જા (C) વચ્ચેની આંતરક્રિયાની F કસોટી :–

શિક્ષકોની જાતિ, શાળાનો પ્રકાર અને વૈવાહિક દરજ્જા વચ્ચેની આંતરક્રિયા પ્રમાણે શિક્ષકોને આઠ વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

(1) સ્ત્રી ખાનગી શાળામાં નોકરી કરતા પરણિત શિક્ષકો
(2) સ્ત્રી ખાનગી શાળામાં નોકરી કરતા અપરણિત શિક્ષકો
(3) સ્ત્રી સરકારી શાળામાં નોકરી કરતા પરણિત શિક્ષકો
(4) સ્ત્રી સરકારી શાળામાં નોકરી કરતા અપરણિત શિક્ષકો
(5) પુરૂષ ખાનગી શાળામાં નોકરી કરતા પરણિત શિક્ષકો

(6) પુરૂષ ખાનગી શાળામાં નોકરી કરતા અપરણિત શિક્ષકો
(7) પુરૂષ સરકારી શાળામાં નોકરી કરતા પરણિત શિક્ષકો
(8) પુરૂષ સરકારી શાળામાં નોકરી કરતા અપરણિત શિક્ષકો
આ પ્રકારોના સંદર્ભમાં નીચે પ્રમાણે ઉત્કલ્પના રચવામાં આવી હતી.

$HO_7$ : શિક્ષકોની જાતિ, શાળાનો પ્રકાર અને વૈવાહિક દરજ્જાની આંતરક્રિયાના સંદર્ભમાં વ્યવસાય સંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહિ.

પરિણામ કોષ્ટક નં. 4.20

શિક્ષકોની જાતિ, શાળાનો પ્રકાર અને વૈવાહિક દરજ્જાના પરિવર્ત્યના વ્યવસાય સંતોષના મધ્યકો અને F દર્શાવતુ કોષ્ટક :–

| Variable | N | Mean | F | Sig |
|---|---|---|---|---|
| સ્ત્રી ખાનગી શાળામાં નોકરી કરતા પરણિત શિક્ષકો ($A_1 B_1C_1$) | 150 | 63.17 | 12.70 | 0.01 |
| સ્ત્રી ખાનગી શાળામાં નોકરી કરતા અપરણિત શિક્ષકો ($A_1 B_1C_2$) | 150 | 65.91 | | |
| સ્ત્રી સરકારી શાળામાં નોકરી કરતા પરણિત શિક્ષકો ($A_1 B_2C_1$) | 150 | 68.43 | | |
| સ્ત્રી સરકારી શાળામાં નોકરી કરતા અપરણિત શિક્ષકો ($A_1 B_2C_2$) | 150 | 71.88 | | |
| પુરૂષ ખાનગી શાળામાં નોકરી કરતા અપરણિત શિક્ષકો ($A_1 B_1C_1$) | 150 | 62.66 | | |
| પુરૂષ ખાનગી શાળામાં નોકરી કરતા અપરણિત શિક્ષકો ($A_1 B_1C2_1$) | 150 | 64.33 | | |
| પુરૂષ સરકારી શાળામાં નોકરી કરતા પરણિત શિક્ષકો ($A_1 B_2C_1$) | 150 | 66.41 | | |
| પુરૂષ સરકારી શાળામાં નોકરી કરતા અપરણિત શિક્ષકો ($A_1 B_2C_2$) | 150 | 70.20 | | |

0.05 = 3.86

0.01 = 6.70

## પરિણામ કોષ્ટક નં. 4.21

### શિક્ષકોની જાતિ, શાળાનો પ્રકાર અને વૈવાહિક દરજ્જા પરિવર્ત્યોના મધ્યકોના તફાવત દર્શાવતુ L.S.D. કોષ્ટક :–

| Sr. No. | Pairs | Mean diff. | Sig. |
|---|---|---|---|
| 1 | $A_1B_1C_1$ Vs $A_1B_1C_2$ | 2.74 | 0.01 |
| 2 | $A_1B_1C_1$ Vs $A_1B_2C_1$ | 5.26 | 0.01 |
| 3 | $A_1B_1C_1$ Vs $A_1B_2C_2$ | 8.71 | 0.01 |
| 4 | $A_1B_1C_1$ Vs $A_2B_1C_1$ | 0.51 | NS |
| 5 | $A_1B_1C_1$ Vs $A_2B_1C_2$ | 1.16 | NS |
| 6 | $A_1B_1C_1$ Vs $A_2B_2C_1$ | 3.24 | 0.01 |
| 7 | $A_1B_1C_1$ Vs $A_2B_2C_2$ | 7.03 | 0.01 |
| 8 | $A_1B_1C_2$ Vs $A_1B_2C_1$ | 2.52 | 0.01 |
| 9 | $A_1B_1C_2$ Vs $A_1B_2C_2$ | 5.97 | 0.01 |
| 10 | $A_1B_1C_2$ Vs $A_2B_1C_1$ | 3.25 | 0.01 |
| 11 | $A_1B_1C_2$ Vs $A_2B_1C_2$ | 1.58 | NS |
| 12 | $A_1B_1C_2$ Vs $A_2B_2C_1$ | 0.50 | NS |
| 13 | $A_1B_1C_2$ Vs $A_2B_2C_1$ | 4.29 | 0.01 |
| 14 | $A_1B_2C_1$ Vs $A_1B_2C_2$ | 3.45 | 0.01 |
| 15 | $A_1B_2C_1$ Vs $A_2B_1C_1$ | 5.77 | 0.01 |
| 16 | $A_1B_2C_1$ Vs $A_2B_1C_1$ | 4.10 | 0.01 |
| 17 | $A_1B_2C_1$ Vs $A_2B_2C_1$ | 2.02 | 0.05 |
| 18 | $A_1B_2C_1$ Vs $A_2B_2C_2$ | 1.77 | NS |
| 19 | $A_1B_2C_2$ Vs $A_2B_1C_1$ | 9.22 | 0.01 |
| 20 | $A_1B_2C_2$ Vs $A_2B_1C_2$ | 7.55 | 0.01 |
| 21 | $A_1B_2C_2$ Vs $A_2B_2C_1$ | 5.47 | 0.01 |
| 22 | $A_1B_2C_2$ Vs $A_2B_2C_1$ | 1.68 | NS |

| | | | |
|---|---|---|---|
| 23 | $A_2B_1C_1$Vs $A_2B_2C_2$ | 1.67 | 0.01 |
| 24 | $A_2B_1C_1$Vs $A_2B_2C_1$ | 3.75 | 0.01 |
| 25 | $A_2B_1C_1$Vs $A_2B_2C_2$ | 7.54 | 0.01 |
| 26 | $A_2B_1C_2$Vs $A_1B_2C_1$ | 2.08 | 0.05 |
| 27 | $A_2B_1C_2$Vs $A_2B_2C_2$ | 5.87 | 0.01 |
| 28 | $A_2B_2C_1$Vs $A_2B_2C_2$ | 3.79 | 0.01 |

0.05 = 1.86

0.01 = 2.45

પરિણામ કોષ્ટક નં. 4.20 માં જોતા જણાય છે કે શિક્ષકોની જાતિ, શાળાનો પ્રકાર અને વૈવાહિક દરજ્જાની આંતરક્રિયાના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ F ની કિંમત 12.70 છે. જયારે 0.05 અર્થસૂચક કક્ષાએ F ની કિંમત 3.91 અને 0.01 અર્થસૂચક કક્ષાએ F ની કિંમત 6.81 છે. અહી પ્રાપ્ત થયેલ F ની કિંમત મોટી છે તેથી તફાવત સાર્થક છે. અહી $HO_7$ નો અસ્વિકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે શિક્ષકોની જાતિ, શાળાનો પ્રકાર અને વૈવાહિક દરજ્જાની આંતરક્રિયાના સંદર્ભમાં વ્યવસાય સંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

પરિણામ કોષ્ટક નં. 4.21માં જોતા જણાય છે કે શિક્ષકોની જાતિ, શાળાનો પ્રકાર અને વૈવાહિક દરજ્જાની આંતરક્રિયાના સંદર્ભમાં L.S.D. તફાવત 19 Pairs માં 0.01 અર્થસૂચક કક્ષાએ સાર્થક, 2 Pairs માં 0.05 અર્થસૂચક કક્ષાએ સાર્થક અને 7 Pairs માં અસાર્થક જોવા મળે છે જેમાં $A_1B_1C_1$ Vs $A_1B_1C_2$ એટલે કે સ્ત્રી ખાનગી શાળામાં નોકરી કરતા પરણિત શિક્ષકો અને સ્ત્રી ખાનગી શાળામાં નોકરી કરતા અપરણિત શિક્ષકોના વ્યવસાય સંતોષના મધ્યકો અનુક્રમે 63.17 અને 65.91 છે અને બંને વચ્ચેનો તફાવત 2.74 છે જે 0.01 અર્થકક્ષાએ સાર્થક છે તેથી કહી શકાય કે ખાનગી શાળામાં નોકરી કરતા પરણિત સ્ત્રી શિક્ષકો કરતા ખાનગી શાળામાં નોકરી કરતા અપરણિત સ્ત્રી શિક્ષકોનો વ્યવસાય સંતોષ વધુ છે.

આનું શકય કારણ આપતા કહી શકાય કે સ્ત્રીઓએ નોકરીની સાથે ઘરની, કુટંબની અને બાળકોની જવાબદારી ભજવવાની હોય છે તેમાય ખાનગી શાળામાં ઓછા વેતનમાં વધુ કામ કઢાવવામાં આવે છે જયારે અપરણિત સ્ત્રી શિક્ષકોએ ફકત નોકરીયાત તરીકેની જ ભૂમિકા ભજવવાની હોય છે. તેથી કહી શકાય કે ખાનગી શાળામાં નોકરી કરતા પરણિત સ્ત્રી શિક્ષકો કરતા ખાનગી શાળામાં નોકરી કરતા અપરણિત સ્ત્રી શિક્ષકોનો વ્યવસાય સંતોષ વધુ જોવા મળે છે.

$A_1B_2C_1$ Vs $A_1B_2C_2$ એટલે કે સ્ત્રી સરકારી શાળામાં નોકરી કરતા પરણિત શિક્ષકો અને સ્ત્રી સરકારી શાળામાં નોકરી કરતા અપરણિત શિક્ષકોના વ્યવસાય સંતોષના મધ્યકો અનુક્રમે 68.43 અને 71.43 છે અને બંને વચ્ચેનો તફાવત 3.45 છે જે 0.01 અર્થકક્ષાએ સાર્થક છે તેથી કહી શકાય કે સરકારી શાળામાં નોકરી કરતા પરણિત સ્ત્રી શિક્ષકો કરતા સરકારી શાળામાં નોકરી કરતા અપરણિત સ્ત્રી શિક્ષકોનો વ્યવસાય સંતોષ વધુ છે.

આનું શકય કારણ આપતા કહી શકાય કે પરણિત સ્ત્રીઓએ પત્નિ, માતા અને ગૃહિણી તરીકેની ભૂમિકા ભજવવાની હોય છે. ઉપરાંત શિક્ષક તરીકેનો કાર્યભાર તો હોય જ છે. જયારે અપરણિત સ્ત્રી શિક્ષકોની આવી જરૂરિયાતોની ભૂમિકા હોતી નથી.તેથી તેઓ વ્યવસાય સંતોષ પ્રાપ્ત કરી શકે છે. તેથી કહી શકાય કે સરકારી શાળામાં નોકરી કરતા પરણિત સ્ત્રી શિક્ષકો કરતા સરકારી શાળામાં નોકરી કરતા અપરણિત સ્ત્રી શિક્ષકોનો વ્યવસાય સંતોષ વધુ જોવા મળે છે.

$A_2B_1C_1$ Vs $A_2B_1C_2$ એટલે કે પુરૂષ ખાનગી શાળામાં નોકરી કરતા પરણિત શિક્ષકો અને પુરૂષ ખાનગી શાળામાં નોકરી કરતા અપરણિત શિક્ષકોના વ્યવસાય સંતોષના મધ્યકો અનુક્રમે 62.66 અને 64.33 છે અને બંને વચ્ચેનો તફાવત 1.67 છે જે અસાર્થક છે તેથી કહી શકાય કે ખાનગી શાળામાં નોકરી કરતા પરણિત પુરૂષ શિક્ષકો કરતા ખાનગી શાળામાં નોકરી કરતા અપરણિત પુરૂષ શિક્ષકોના વ્યવસાય સંતોષનાં પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળતો નથી.

આનું શકય કારણ આપતા કહી શકાય કે પુરૂષ શિક્ષકો પરણિત હોય કે અપરણિત તેઓ ખાનગી શાળામાં નોકરી કરતા હોવાથી ખૂબજ કાર્યભાર હોય છે અને જરાપણ નવરાશ મળતી નથી. તેઓને વ્યવસાયમાંથી સંતોષ પ્રાપ્ત થતો નથી. તેથી કહી શકાય કે ખાનગી શાળામાં નોકરી કરતા પરણિત પુરૂષ શિક્ષકો અને ખાનગી શાળામાં નોકરી કરતા અપરણિત પુરૂષ શિક્ષકોના વ્યવસાય સંતોષ વચ્ચે તફાવત જોવા મળતો નથી.

$A_2B_2C_1$ Vs $A_2B_2C_2$ એટલે કે પુરૂષ સરકારી શાળામાં નોકરી કરતા પરણિત શિક્ષકો અને પુરૂષ સરકારી શાળામાં નોકરી કરતા અપરણિત શિક્ષકોના વ્યવસાય સંતોષના મધ્યકો અનુક્રમે 66.41 અને 70.20 છે અને બંને વચ્ચેનો તફાવત 3.79 છે જે 0.01 અર્થકક્ષાએ સાર્થક છે તેથી કહી શકાય કે સરકારી શાળામાં નોકરી કરતા પરણિત પુરૂષ શિક્ષકો કરતા સરકારી શાળામાં નોકરી કરતા અપરણિત પુરૂષ શિક્ષકોનો વ્યવસાય સંતોષ વધુ જોવા મળે છે.

આનું શકય કારણ આપતા કહી શકાય કે પુરૂષ પરણિત શિક્ષકોને નોકરી સિવાય બીજા અનેક કાર્યની ચિંતા હોય છે અને વ્યવસાયમાંથી તેમનું ઘ્યાન ચલિત થતુ હોય છે. જયારે અપરણિત શિક્ષકોને આવી જવાબદારીઓની ચિંતા હોતી નથી તેથી તેઓ કાર્યમાંથી સંતોષ મેળવી શકે છેતેથી તેઓનો સંતોષ વધુ હોય છે. તેથી કહી શકાય કે સરકારી શાળામાં નોકરી કરતા પરણિત પુરૂષ

શિક્ષકો કરતા સરકારી શાળામાં નોકરી કરતા અપરણિત પુરૂષ શિક્ષકોનો વ્યવસાય સંતોષ વધુ જોવા મળે છે.

## 4.3.2 વ્યક્તિગત સામાજિક પરિવર્ત્યો અને વ્યવસાય સંતોષ વચ્ચેની t કસોટી.

### 4.3.2.1 શિક્ષકોની ઉંમરનાં સંદર્ભમાં વ્યવસાય સંતોષનો t કસોટી દ્વારા અભ્યાસ.

શિક્ષકોને ઉંમરનાં સંદર્ભમાં નીચેના બે વિભાગોમાં વહંચવામાં આવ્યા હતા.

(1) 21 થી 40 વર્ષ

(2) 41 થી 58 વર્ષ

આ બે વિભાગોના સંદર્ભમાં નીચેની ઉત્કલ્પના રચવામાં આવી હતી.

$HO_8$ : શિક્ષકોની ઉંમરના સંદર્ભમાં વ્યવસાય સંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહિ.

પરિણામ કોષ્ટક નં. 4.22

શિક્ષકોની ઉંમરના સંદર્ભમાં વ્યવસાય સંતોષના મધ્યકો, પ્રમાણ વિચલન

અને t કસોટીનું મૂલ્ય દર્શાતું કોષ્ટક (N=1200)

| ક્રમ | ઉંમર | N | Mean | SD | SEM | SED | t | Sig. |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 21 થી 40 વર્ષ | 789 | 65.40 | 7.84 | 0.28 | 0.51 | 6.98 | 0.01 |
| 2 | 41 થી 58 વર્ષ | 411 | 68.96 | 8.61 | 0.42 | | | |

0.05 = 1.96

0.01 = 2.58

ઉપરના પરિણામ કોષ્ટક નં. 4.22માં જોતા જણાય છે કે શિક્ષકોની ઉંમરના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ t ની કિંમત 6.98 છે. સ્વાતંત્ર્યની કક્ષા 1198 હોય ત્યારે 0.05 અર્થ સૂચક કક્ષાએ t ની કિંમત 1.96 અને 0.01અર્થ સૂચક કક્ષાએ t ની કિંમત 2.58 છે. અહી પ્રાપ્ત થયેલ t ની કિંમત મોટી છે. તેથી તફાવત સાર્થક છે. અહી $HO_8$ નો અસ્વિકાર કરવામાં આવે છે અને તારણ તારવવામાં આવે છે કે 21 થી 40 વર્ષના શિક્ષકો કરતા 41 થી 58 વર્ષના શિક્ષકોનો વ્યવસાય સંતોષ વધુ છે.

આનું શકય કારણ આપતા કહી શકાય કે21 થી 40 વર્ષના શિક્ષકોએ કુટુંબની, સમાજની અને વ્યવસાયની તેમજ લગ્ન સમાયોજનની ભૂમિકામાં સ્થિર થવાનું હોય છે અને ભાવિ દિશા નક્કી કરવાની હોય છે. જયારે 41 થી 58 વર્ષના શિક્ષકો આવી સંપૂર્ણ ભૂમિકાઓમાં સ્થિર થઈ ગયા

હોય છે. તેઓ વ્યવસાયમાંથી વધુ સંતોષ પ્રાપ્ત કરી શકે છે. તેથી કહી શકાય કે 21 થી 40 વર્ષના શિક્ષકો કરતા 41 થી 58 વર્ષના શિક્ષકોનો વ્યવસાય સંતોષ વધુ સારો છે.

### 4.3.2.2 શિક્ષકોના વેતનદરનાં સંદર્ભમાં વ્યવસાય સંતોષનો t કસોટી દ્વારા અભ્યાસ.

શિક્ષકોને વેતનદરનાં સંદર્ભમાં નીચેના બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

(1) 10,000 કે તેથી ઓછો

(2) 10,000થી વધુ

આ બે વિભાગોના સંદર્ભમાં નીચેની ઉત્કલ્પના રચવામાં આવી હતી.

$HO_9$ : શિક્ષકોના વેતનદરના સંદર્ભમાં વ્યવસાય સંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહિ.

પરિણામ કોષ્ટક નં. 4.23

શિક્ષકોના વેતનદરના સંદર્ભમાં વ્યવસાય સંતોષના મધ્યકો, પ્રમાણ વિચલન

અને t કસોટીનું મૂલ્ય દર્શાતું કોષ્ટક (N=1200)

| ક્રમ | વેતનદર | N | Mean | SD | SEM | SED | t | Sig. |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 10,000કે તેથી ઓછો | 821 | 65.61 | 8.11 | 0.28 | 0.53 | 6.01 | 0.01 |
| 2 | 10,000થી વધુ | 379 | 68.80 | 8.63 | 0.44 | | | |

0.05 = 1.96

0.01 = 2.58

ઉપરના પરિણામ કોષ્ટક નં. 4.23માં જોતા જણાય છે કે શિક્ષકોના વેતનદરના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ t ની કિંમત 6.01 છે. સ્વાતંત્ર્યની કક્ષા 1198 હોય ત્યારે 0.05અર્થ સૂચક કક્ષાએ t ની કિંમત 1.96 અને 0.01અર્થ સૂચક કક્ષાએ t ની કિંમત 2.58 છે. અહી પ્રાપ્ત થયેલ t ની કિંમત મોટી છે. તેથી તફાવત સાર્થક છે. અહીં $HO_9$ નો અસ્વિકાર કરવામાં આવે છે અને તારણ તારવવામાં આવે છે કે 10,000 કે તેથી ઓછો વેતનદર ધરાવતા શિક્ષકો કરતા 10,000 થી વધુ વેતનદર ધરાવનાર શિક્ષકોનો વ્યવસાય સંતોષ વધુ છે.

આનું શકય કારણ આપતા કહી શકાય કે આ મોંઘવારીના જમાનામાં પૈસો એ ખૂબજ મહત્વની બાબત છે. 10,000 થી વધુ પગાર ધરાવતા શિક્ષકો ઉચ્ચ જીવન ધોરણ જીવવા માટે જરૂરી તમામ જરૂરિયાતોનો સંતોષ મેળવી શકે છે. જયારે ઓછો પગાર ધરાવતા શિક્ષકો આવી જરૂરિયાતોનો સંતોષ મેળવી શકતા નથી અને સામાન્ય જીવન ધોરણથી જીવવું પડે છે તેથી કહી

શકાય કે10,000 કે તેથી ઓછો વેતનદર ધરાવનાર શિક્ષકો કરતા 10,000 થી વધુ વેતનદર ધરાવનાર શિક્ષકોનો વ્યવસાય સંતોષ વધુ સારો છે.

### 4.3.2.3 શિક્ષકોના કાર્યભારનાં સંદર્ભમાં વ્યવસાય સંતોષનો t કસોટી દ્વારા અભ્યાસ.

શિક્ષકોને કાર્યભારનાં સંદર્ભમાં નીચેના બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

(1) ખંડ સમય

(2) પૂર્ણ સમય

આ બે વિભાગોના સંદર્ભમાં નીચેની ઉત્કલ્પના રચવામાં આવી હતી.

$HO_{10}$ : શિક્ષકોના કાર્યભારના સંદર્ભમાં વ્યવસાય સંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહિ.

પરિણામ કોષ્ટક નં. 4.24

શિક્ષકોના કાર્યભારના સંદર્ભમાં વ્યવસાય સંતોષના મધ્યકો, પ્રમાણ વિચલન

અને t કસોટીનું મૂલ્ય દર્શાતું કોષ્ટક (N=1200)

| ક્રમ | કાર્યભાર | N | Mean | SD | SEM | SED | t | Sig. |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | ખંડ સમય | 293 | 65.13 | 8.75 | 0.28 | 0.60 | 3.28 | 0.01 |
| 2 | પૂર્ણ સમય | 907 | 67.10 | 9.43 | 0.31 | | | |

0.05 = 1.96


0.01 = 2.58

ઉપરના પરિણામ કોષ્ટક નં. 4.24માં જોતા જણાય છે કે શિક્ષકોના કાર્યભારના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ t ની કિંમત 3.28 છે. સ્વાતંત્ર્યની કક્ષા 1198 હોય ત્યારે 0.05અર્થ સૂચક કક્ષાએ t ની કિંમત 1.96 અને 0.01અર્થ સૂચક કક્ષાએ t ની કિંમત 2.58 છે. અહી પ્રાપ્ત થયેલ t ની કિંમત મોટી છે. તેથી તફાવત સાર્થક છે. અહીં $HO_{10}$ નો અસ્વિકાર કરવામાં આવે છે અને તારણ તારવવામાં આવે છે કે ખંડ સમયનો કાર્યભાર ધરાવતા શિક્ષકો કરતા પૂર્ણ સમયનો કાર્યભાર ધરાવતા શિક્ષકોનો વ્યવસાય સંતોષ વધુ સારો છે.

આનું શકય કારણ આપતા કહી શકાય કે ખંડ સમય નોકરી કરતા શિક્ષકોને માટે એક જગ્યાએથી બીજી જગ્યાએ સ્થળ બદલતા રહેવું પડે છે. તેથી તેઓને માનસિક શ્રમની સાથે શારીરિક શ્રમ પણ વધારે પડે છે જયારે તેના પ્રમાણમાં વેતનદર ખૂબજ ઓછો હોય છે. જયારે પૂર્ણ સમયના


## આલેખ નં. 4.4

### શિક્ષકોની ઉંમરના સંદર્ભમાં વ્યવસાય સંતોષના મધ્યકો દર્શાવતો સ્થંભાલેખ




## આલેખ નં. 4.5

### શિક્ષકોના વેતનદરના સંદર્ભમાં વ્યવસાય સંતોષના મધ્યકો દર્શાવતો સ્થંભાલેખ



## આલેખ નં. 4.6

**શિક્ષકોના કાર્યભારના સંદર્ભમાં વ્યવસાય સંતોષના મધ્યકો દર્શાવતો સ્થંભાલેખ**



શિક્ષકોનું કાર્યસ્થળ નિશ્ચિત હોવાથી તેમનો શારીરિક શ્રમ ઘટી જાય છે અને વેતનદર પણ સારો હોય છે તેથી કહી શકાય કે ખંડ સમયનો કાર્યભાર ધરાવતા શિક્ષકો કરતા પૂર્ણ સમયનો કાર્યભાર ધરાવતા શિક્ષકોનો વ્યવસાય સંતોષ વધુ સારો જોવા મળે છે.

## 4.4 વ્યકિતગત સામાજિક પરિવર્ત્યોના સંદર્ભમાં જીવન સંતોષનો અભ્યાસ.

### 4.4.1 વ્યકિતગત સામાજિક પરિવર્ત્યો અને જીવન સંતોષ વચ્ચેના સંબંધનું F કસોટી વડે પૃથક્કરણ, અર્થઘટન અને પરિણામ ચર્ચા :–

પ્રસ્તુત અધ્યયનમાં શિક્ષકોના વ્યકિતગત ઘટકો જેવા કે શિક્ષકોની જાતિ, શાળાનો પ્રકાર અને વૈવાહિક દરજ્જાની શી અસર થાય છે તેમજ આ સ્વતંત્ર પરિવર્ત્યોની વ્યવસાય સંતોષ પર થતી અસરની ચકાસણી કરવા માટે વિચરણ પૃથક્કરણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

<u>શિક્ષકોની જાતિ, શાળાનો પ્રકાર અને વૈવાહિક દરજ્જા</u> જેવા સ્વતંત્ર પરિવર્ત્યો ઉપર મુખ્ય તેમજ આંતર ક્રિયાત્મક અસર જાણવા માટે વિચરણ પૃથક્કરણ પદ્ધતિ દ્વારા F મૂલ્ય શોધવામાં આવ્યા હતા. આ દરેકની વિગતવાર ચર્ચા નીચે પ્રમાણે કરવામાં આવી છે. ઉપરાંત વિચરણ પૃથક્કરણ પ્રક્રિયામાં પ્રાપ્ત થતી અંતિમ કિમત F ગુણોતર સમષ્ટિના વિવિધ જૂથોના મધ્યકો વચ્ચે OVER ALL તફાવત સાર્થક છે કે કેમ તેનો અંતિમ નિર્ણય કરવા માટે મદદ કરે છે અને અહી સ્વતંત્ર પરિવર્ત્યો ત્રણ છે જે નીચે મુજબ છે.

(1) જાતિ (A)
- A1 : સ્ત્રી
- A2 : પુરૂષ

(2) શાળાનો પ્રકાર (B)
- B1 : ખાનગી
- B2 : સરકારી

(3) વૈવાહિક દરજ્જો (C)
- C1 : પરણિત
- C2 : અપરણિત

જયારે જીવન સંતોષ પરતંત્ર પરિવર્ત્ય છે. આ અંગેની તમામ વિગતો કોષ્ટક નં. 4.25 માં દર્શાવવામાં આવી છે.

પરિણામ કોષ્ટક નં. 4.25

2×2×2 આવયવિક યોજના અને જીવન સંતોષનું વિચરણ પૃથક્કરણ પરિણામ

(N=1200)

| ચલનનો ઉદ્દભવ Source of Variance | વર્ગોનો સરવાળો Sum of Square | સ્વાતંત્ર્યની કક્ષા df(n-1) | પ્રચરણ Mean Sum of Square | મૂલ્ય F | સાર્થકતાની કક્ષા Sig. |
|---|---|---|---|---|---|
| Main Effects | - | - | - | - | - |
| SSA | 1134.91 | 1 | 1134.91 | 25.41 | 0.01 |
| SSB | 946.87 | 1 | 946.87 | 21.19 | 0.01 |
| SSC | 1021.64 | 1 | 1021.64 | 22.87 | 0.01 |
| Interaction Effects | - | - | - | - | |
| SS A.B | 1987.07 | 1 | 1987.07 | 44.48 | 0.01 |
| SS B.C | 631.64 | 1 | 631.64 | 14.14 | 0.01 |
| SS A.C | 587.66 | 1 | 587.66 | 13.15 | 0.01 |
| SS A.B.C | 411.43 | 1 | 411.43 | 9.21 | 0.01 |
| Within SS Error | 53246.64 | 1192 | 44.67 | | |
| SS total | 59967.86 | 1199 | | | |

Significance Leval

| N | 0.05 | 0.01 |
|---|---|---|
| 150 | 3.91 | 6.81 |
| 300 | 3.86 | 6.70 |
| 600 | 3.85 | 6.66 |

### 4.4.1.1 શિક્ષકોની જાતિ (A) અને જીવન સંતોષ વચ્ચેની F કસોટી :–

શિક્ષકોને જાતિને ધ્યાનમાં રાખીને બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

(1) સ્ત્રી (2) પુરૂષ

આ બે પ્રકારના સંદર્ભમાં નીચે પ્રમાણે ઉત્કલ્પના રચવામાં આવી હતી.

$HO_{11}$ : શિક્ષકોની જાતિના સંદર્ભમાં જીવન સંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહિ.

પરિણામ કોષ્ટક નં. 4.26

શિક્ષકોની જાતિ (A) પરિવર્ત્યના જીવન સંતોષના

મધ્યકો અને F દર્શાવતુ કોષ્ટક :–

| શિક્ષકોની જાતિ (A) | N | Mean | F | Sig |
|---|---|---|---|---|
| સ્ત્રીઓ ($A_1$) | 600 | 37.70 | 25.41 | 0.01 |
| પુરૂષો ($A_2$) | 600 | 36.30 | | |

0.05 = 0.93

0.01 = 6.66

પરિણામ કોષ્ટક નં. 4.27

શિક્ષકોની જાતિ (A) પરિવર્ત્યના જીવન સંતોષના મધ્યકોના

તફાવત દર્શાવતુ L.S.D. કોષ્ટક :–

| Sr. No. | Pairs | Mean diff. | Sig. |
|---|---|---|---|
| 1 | $A_1$ Vs $A_2$ | 1.40 | 0.01 |

0.05 = 0.76

0.01 = 0.99

પરિણામ કોષ્ટક નં. 4.26માં જોતા જણાય છે કે શિક્ષકોની જાતિના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ F ની કિંમત 25.41 છે. જયારે 0.05 અર્થસૂચક કક્ષાએ F ની કિંમત 3.85 અને 0.01 અર્થસૂચક કક્ષાએ F ની કિંમત 6.66 છે. અહી પ્રાપ્ત થયેલ F ની કિંમત મોટી છે તેથી તફાવત સાર્થક છે. અહી $HO_{11}$ નો અસ્વિકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે પુરૂષ શિક્ષકો કરતા સ્ત્રી શિક્ષકોનો જીવન સંતોષ વધુ જોવા મળે છે.

શિક્ષકોની જાતિના સંદર્ભમાં L.S.D. તફાવત પણ સાર્થક જોવા મળે છે જે કોષ્ટક નં. 4.27માં દર્શાવવામાં આવેલ છે. અહી $A_1$ Vs $A_2$ એટલે કે સ્ત્રીઓ અને પુરૂષોના જીવન સંતોષના મધ્યકો અનુક્રમે 36.30 અને 37.70 છે અને બંને વચ્ચેનો તફાવત 1.40 છે જે 0.01 અર્થકક્ષાએ સાર્થક છે તેથી કહી શકાય કે પુરૂષ શિક્ષકો કરતા સ્ત્રી શિક્ષકોનો જીવન સંતોષ વધુ જોવા મળે છે.

આનું શકય કારણ આપતા કહી શકાય કે પુરૂષો પર કૌટુંબિક, સામાજિક અને આર્થિક એમ દરેક જાતની જવાબદારીઓ હોય છે તેથી જીવનનો આનંદ ઉઠાવી શકતા નથી. જયારે સ્ત્રીઓને શિરે આવી કોઈ જવાબદારી નહિવત હોય છે તેથી સ્ત્રીઓ પુરૂષોની સરખામણીમાં જીવનનો આનંદ વધારે ઉઠાવે છે. તેથી કહી શકાય કે પુરૂષ શિક્ષકો કરતા સ્ત્રી શિક્ષકોનો જીવન સંતોષ વધુ જોવા મળે છે.

### 4.4.1.2 શિક્ષકોની શાળાનો પ્રકાર (B) અને જીવન સંતોષ વચ્ચેની F કસોટી :–

શિક્ષકોને શાળાના પ્રકારને ધ્યાનમાં રાખીને બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

(1) ખાનગી (2) સરકારી

આ બે પ્રકારના સંદર્ભમાં નીચે પ્રમાણે ઉત્કલ્પના રચવામાં આવી હતી.

$HO_{12}$: શિક્ષકોની શાળાના પ્રકારના સંદર્ભમાં જીવન સંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહિ.

પરિણામ કોષ્ટક નં. 4.28

શિક્ષકોની શાળાના પ્રકાર (B) પરિવર્ત્યના જીવન સંતોષના

મધ્યકો અને F દર્શાવતુ કોષ્ટક :–

| શાળાનો પ્રકાર (B) | N | Mean | F | Sig |
|---|---|---|---|---|
| ખાનગી ($B_1$) | 600 | 34.90 | 21.19 | 0.01 |
| સરકારી($B_2$) | 600 | 39.11 | | |

0.05 = 3.85

0.01 = 6.66

પરિણામ કોષ્ટક નં. 4.29

શિક્ષકોની શાળાનો પ્રકાર (B) પરિવર્ત્યના જીવન સંતોષના મધ્યકોના

તફાવત દર્શાવતુ L.S.D. કોષ્ટક :–

| Sr. No. | Pairs | Mean diff. | Sig. |
|---|---|---|---|
| 1 | $B_1$ Vs $B_2$ | 4.21 | 0.01 |

0.05 = 0.76

0.01 = 0.99

પરિણામ કોષ્ટક નં. 4.28માં જોતા જણાય છે કે શિક્ષકોની શાળાના પ્રકારના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ F ની કિંમત 21.19 છે. જ્યારે 0.05 અર્થસૂચક કક્ષાએ F ની કિંમત 3.85 અને 0.01 અર્થસૂચક કક્ષાએ F ની કિંમત 6.66 છે. અહી પ્રાપ્ત થયેલ F ની કિંમત મોટી છે તેથી તફાવત સાર્થક છે. અહી $HO_{12}$ નો અસ્વિકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે ખાનગી કરતા સરકારી શાળામાં નોકરી કરતા શિક્ષકોનો જીવન સંતોષ વધુ સારો છે.

શિક્ષકોની શાળાના પ્રકારના સંદર્ભમાં L.S.D. તફાવત પણ સાર્થક જોવા મળે છે જે કોષ્ટક નં. 4.29માં દર્શાવવામાં આવેલ છે. અહી $B_1$ Vs $B_2$ એટલે કે ખાનગી અને સરકારી શાળાના શિક્ષકોના જીવન સંતોષના મધ્યકો અનુક્રમે 34.90 અને 39.11 છે અને બંને વચ્ચેનો તફાવત 4.21 છે જે 0.01 અર્થકક્ષાએ સાર્થક છે તેથી કહી શકાય કે ખાનગી કરતા સરકારી શાળામાં નોકરી કરતા શિક્ષકોનો જીવન સંતોષ વધુ સારો છે.

આનું શકય કારણ આપતા કહી શકાય કે જીવનમાં દરેક વ્યકિતને વ્યવસ્થિત રહેણી–કરણી, ખાન–પાન અને પહેરવેશની ઈચ્છા હોય છે. જયારે ખાનગી શાળમાં નોકરી કરતા શિક્ષકોનો વેતનદર ઓછો અને અનિયમિત હોવાથી પોતાની ઈચ્છાઓ સંતોષી શકતા નથી. જયારે સરકારી શાળામાં નોકરી કરતા શિક્ષકોનો વેતનદર નિયમિત મોંઘવારી સાથે તાલમેલ સાધી શકાય એ પ્રમાણેનો હોય છેતેથી તેઓ પોતાની ઈચ્છાઓ સંતોષી શકે છે.આથી કહી શકાય કે ખાનગી કરતા સરકારી શાળામાં નોકરી કરતા શિક્ષકોમાં જીવન સંતોષ વધુ સારો જોવા મળે છે.

### 4.4.1.3 **શિક્ષકોના વૈવાહિક દરજ્જા (C) અને જીવન સંતોષ વચ્ચેની F કસોટી :–**

શિક્ષકોના વૈવાહિક દરજ્જાને ધ્યાનમાં રાખીને બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

(1) પરણિત (2) અપરણિત

આ બે પ્રકારના સંદર્ભમાં નીચે પ્રમાણે ઉત્કલ્પના રચવામાં આવી હતી.

$HO_{13}$ : શિક્ષકોના લગ્ન દરજ્જાના સંદર્ભમાં જીવન સંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહિ.

પરિણામ કોષ્ટક નં. 4.30

શિક્ષકોના લગ્ન દરજ્જા (C) પરિવર્ત્યના જીવન સંતોષના

મધ્યકો અને F દર્શાવતુ કોષ્ટક :–

| લગ્ન દરજ્જો (C) | N | Mean | F | Sig |
|---|---|---|---|---|
| પરણિત ($C_1$) | 600 | 35.82 | 22.87 | 0.01 |
| અપરણિત($C_2$) | 600 | 38.19 | | |

0.05 = 3.85

0.01 = 6.66

પરિણામ કોષ્ટક નં. 4.31

શિક્ષકોની લગ્ન દરજ્જા(C) પરિવર્ત્યના જીવન સંતોષના મધ્યકોના

તફાવત દર્શાવતુ L.S.D. કોષ્ટક :–

| Sr. No. | Pairs | Mean diff. | Sig. |
|---|---|---|---|
| 1 | $C_1$ Vs $C_2$ | 2.37 | 0.01 |


0.05 = 0.76

0.01 = 0.99


પરિણામ કોષ્ટક નં. 4.30માં જોતા જણાય છે કે શિક્ષકોના વૈવાહિક દરજ્જાના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ F ની કિંમત 22.87 છે. જયારે 0.05 અર્થસૂચક કક્ષાએ F ની કિંમત 3.85 અને 0.01 અર્થસૂચક કક્ષાએ F ની કિંમત 6.66 છે. અહી પ્રાપ્ત થયેલ F ની કિંમત મોટી છે તેથી તફાવત સાર્થક છે. અહી $HO_{13}$ નો અસ્વિકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે પરણિત કરતા અપરણિત શિક્ષકોનો જીવન સંતોષ વધુ સારો છે.

શિક્ષકોના વૈવાહિક દરજ્જાના સંદર્ભમાં L.S.D. તફાવત પણ સાર્થક જોવા મળે છે જે કોષ્ટક નં. 4.31માં દર્શાવવામાં આવેલ છે. અહી $C_1$ Vs $C_2$ એટલે કે પરણિત અને અપરણિત શિક્ષકોના વ્યવસાય સંતોષના મધ્યકો અનુક્રમે 35.82 અને 38.19 છે અને બંને વચ્ચેનો તફાવત 2.37 છે જે 0.01 અર્થકક્ષાએ સાર્થક છે તેથી કહી શકાય કે પરણિત કરતા અપરણિત શિક્ષકોનો જીવન સંતોષ વધુ સારો છે.

શિક્ષકોની જાતિના સંદર્ભમાં જીવન સંતોષના મધ્યકો દર્શાવતો સ્થંભાલેખ




શિક્ષકોની શાળાના સંદર્ભમાં  જીવન  સંતોષના મધ્યકો દર્શાવતો સ્થંભાલેખ



## આલેખ નં. 4.9

**શિક્ષકોના વૈવાહિક દરજ્જાના સંદર્ભમાં  જીવન  સંતોષના મધ્યકો દર્શાવતો સ્થંભાલેખ**



આનું શકય કારણ આપતા કહી શકાય કે પરણિત શિક્ષકોને કાર્યસ્થળ તેમજ કૌટુંબિક, સામાજિક એમ ત્રેવડી જવાબદારી વહન કરવાની હોવાથી જીવન આનંદ મરી પરવારે છે. જયારે અપરણિત શિક્ષકોને કાર્યસ્થળ સિવાય કોઈ જવાબદારી નિભાવવાની ન હોવાથી આનંદ માણી શકે છે. તેથી કહી શકાય કે પરણિત શિક્ષકો કરતા અપરણિત શિક્ષકોનો જીવન સંતોષ વધુ સારો જોવા મળે છે.

### 4.4.1.4 **શિક્ષકોની જાતિ (A) અને શાળાનો પ્રકાર (B) વચ્ચેની આંતરક્રિયાની F કસોટી :–**

શિક્ષકોની જાતિ અને શાળાના પ્રકાર વચ્ચેની આંતરક્રિયા પ્રમાણે શિક્ષકોને ચાર વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

(1) ખાનગી શાળાના સ્ત્રી શિક્ષકો (2) સરકારી શાળાના સ્ત્રી શિક્ષકો

(3) ખાનગી શાળાના પુરૂષ શિક્ષકો (4) સરકારી શાળાના પુરૂષ શિક્ષકો

આ પ્રકારોના સંદર્ભમાં નીચે પ્રમાણે ઉત્કલ્પના રચવામાં આવી હતી.

$HO_{14}$ : શિક્ષકોની જાતિ અને શાળાના પ્રકારની આંતરક્રિયાના સંદર્ભમાં જીવન સંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહિ.

પરિણામ કોષ્ટક નં. 4.32

શિક્ષકોની જાતિ અને શાળાના પ્રકાર પરિવર્ત્યના જીવન સંતોષના મધ્યકો અને F દર્શાવતુ કોષ્ટક :–

| Variable | N | Mean | F | Sig |
|---|---|---|---|---|
| ખાનગી શાળાના સ્ત્રી શિક્ષકો ($A_1B_1$) | 300 | 35.68 | 44.48 | 0.01 |
| સરકારી શાળાના સ્ત્રી શિક્ષકો ($A_1B_2$) | 300 | 39.73 | | |
| ખાનગી શાળાના પુરૂષ શિક્ષકો ($A_2B_1$) | 300 | 34.11 | | |
| સરકારી શાળાના પુરૂષ શિક્ષકો ($A_2B_2$) | 300 | 38.48 | | |

0.05 = 3.86

0.01 = 6.70

પરિણામ કોષ્ટક નં. 4.33

શિક્ષકોની જાતિ અને શાળાના પ્રકાર પરિવર્ત્યોના મધ્યકોના

તફાવત દર્શાવતુ L.S.D. કોષ્ટક :–

| Sr. No. | Pairs | Mean diff. | Sig. |
|---|---|---|---|
| 1 | $A_1 B_1$ Vs $A_1 B_2$ | 4.05 | 0.01 |
| 2 | $A_1 B_1$ Vs $A_2 B_2$ | 1.57 | 0.01 |
| 3 | $A_1 B_1$ Vs $A_2 B_2$ | 2.80 | 0.01 |
| 4 | $A_1 B_2$ Vs $A_2 B_1$ | 5.62 | 0.01 |
| 5 | $A_1 B_2$ Vs $A_2 B_2$ | 1.25 | 0.05 |
| 6 | $A_2 B_1$ Vs $A_2 B_2$ | 4.37 | 0.01 |

0.05 = 1.07

0.01 = 1.44

પરિણામ કોષ્ટક નં. 4.32માં જોતા જણાય છે કે શિક્ષકોની જાતિ અને શાળાના પ્રકારની આંતરક્રિયાના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ F ની કિંમત 44.48 છે. જ્યારે 0.05 અર્થસૂચક કક્ષાએ F ની કિંમત 3.86 અને 0.01 અર્થસૂચક કક્ષાએ F ની કિંમત 6.70 છે. અહી પ્રાપ્ત થયેલ F ની કિંમત મોટી છે તેથી તફાવત સાર્થક છે. અહી $HO_{14}$ નો અસ્વિકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે શિક્ષકોની જાતિ અને શાળાના પ્રકારની આંતરક્રિયાના સંદર્ભમાં જીવન સંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

પરિણામ કોષ્ટક નં. 4.33માં જોતા જણાય છે કે શિક્ષકોની જાતિ અને શાળાના પ્રકારની આંતરક્રિયાના સંદર્ભમાં L.S.D. તફાવત 5 Pairs માં 0.01 અર્થસૂચક કક્ષાએ સાર્થક અને 1 Pairs માં 0.05 અર્થસૂચક કક્ષાએ સાર્થક જોવા મળે છે જેમાં $A_1B_1$ Vs $A_1B_2$ એટલે કે ખાનગી શાળાના સ્ત્રી શિક્ષકો અને સરકારી શાળાના સ્ત્રી શિક્ષકોના જીવન સંતોષના મધ્યકો અનુક્રમે 35.68 અને 39.73 છે અને બંને વચ્ચેનો તફાવત 4.05 છે જે 0.01 અર્થકક્ષાએ સાર્થક છે તેથી કહી શકાય કે ખાનગી શાળાના સ્ત્રી શિક્ષકો કરતા સરકારી શાળાના સ્ત્રી શિક્ષકોનો જીવન સંતોષ વધુ સારો છે.

આનું શકય કારણ આપતા કહી શકાય કે સરકારી શાળાના પ્રમાણમાં ખાનગી શાળામાં વેતનના પ્રમાણમાં ખૂબજ કાર્ય કરાવવામાં આવે છે અને ભવિષ્ય અંગે કોઈ સલામતી હોતી નથી.

જયારે સરકારી શાળામાં સરળતાથી સલામતીની ચિંતા વિના કાર્ય કરવાનું હોય છે. તેથી તેઓ જીવનમાં સંતોષ પ્રાપ્ત કરી શકે છે. તેથી કહી શકાય કે ખાનગી શાળાના સ્ત્રી શિક્ષકો કરતા સરકારી શાળાના સ્ત્રી શિક્ષકોનો જીવન સંતોષ વધુ જોવા મળે છે.

$A_2B_1$ Vs $A_2B_2$ એટલે કે ખાનગી શાળાના પુરૂષ શિક્ષકો અને સરકારી શાળાના પુરૂષ શિક્ષકોના વ્યવસાય સંતોષના મધ્યકો અનુક્રમે 34.11 અને 38.48 છે અને બંને વચ્ચેનો તફાવત 4.37 છે જે 0.01 અર્થકક્ષાએ સાર્થક છે તેથી કહી શકાય કે ખાનગી શાળાના પુરૂષ શિક્ષકો કરતા સરકારી શાળાના પુરૂષ શિક્ષકોનો જીવન સંતોષ વધુ છે.

આનું શકય કારણ આપતા કહી શકાય કે પુરૂષને ઘરના ભારણ પોષણની કૌટુંબિક અને સામાજિક જવાબદારી નિભાવવાની હોય છે. ઉપરાંત ખાનગી શાળાના કાર્યભારનું પણ વહન કરવાનું હોય છે. આટલા કાર્યભારની વચ્ચે જીવન સંતોષ પ્રાપ્ત થતો નથી. તેથી કહી શકાય કે ખાનગી શાળાના પુરૂષ શિક્ષકો કરતા સરકારી શાળાના પુરૂષ શિક્ષકોનો જીવન સંતોષ વધુ હોય છે.

### 4.4.1.5 શિક્ષકોની શાળાનો પ્રકાર (B) અને વૈવાહિક દરજ્જા (C) વચ્ચેની આંતરક્રિયાની F કસોટી :–

શિક્ષકોની શાળાના પ્રકાર અને વૈવાહિક દરજ્જા વચ્ચેની આંતરક્રિયા પ્રમાણે શિક્ષકોને ચાર વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

(1) ખાનગી શાળાના પરણિત શિક્ષકો

(2) ખાનગી શાળાના અપરણિત શિક્ષકો

(3) સરકારી શાળાના પરણિત શિક્ષકો

(4) સરકારી શાળાના અપરણિત શિક્ષકો

આ પ્રકારોના સંદર્ભમાં નીચે પ્રમાણે ઉત્કલ્પના રચવામાં આવી હતી.

$HO_{15}$ : શિક્ષકોની શાળાના પ્રકાર અને વૈવાહિક દરજ્જાની આંતરક્રિયાના સંદર્ભમાં જીવન સંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહિ.

પરિણામ કોષ્ટક નં. 4.34

શિક્ષકોની શાળાના પ્રકાર અને વૈવાહિક દરજ્જાના પરિવર્ત્યના જીવન

સંતોષના મધ્યકો અને F દર્શાવતુ કોષ્ટક :–

| Variable | N | Mean | F | Sig |
|---|---|---|---|---|
| ખાનગી શાળાના પરણિત શિક્ષકો ($B_1C_1$) | 300 | 33.58 | 14.14 | 0.01 |
| ખાનગી શાળાના અપરણિત શિક્ષકો ($B_1C_2$) | 300 | 36.22 | | |
| સરકારી શાળાના પરણિત શિક્ષકો ($B_2C_1$) | 300 | 38.05 | | |
| સરકારી શાળાના અપરણિત શિક્ષકો ($B_2C_2$) | 300 | 40.16 | | |

0.05 = 3.86

0.01 = 6.70

પરિણામ કોષ્ટક નં. 4.35

શિક્ષકોની શાળાના પ્રકાર અને વૈવાહિક દરજ્જા પરિવર્ત્યોના મધ્યકોના

તફાવત દર્શાવતુ L.S.D. કોષ્ટક :–

| Sr. No. | Pairs | Mean diff. | Sig. |
|---|---|---|---|
| 1 | $B_1 C_1$ Vs $B_1 C_2$ | 2.64 | 0.01 |
| 2 | $B_1 C_1$ Vs $B_2 C_2$ | 4.47 | 0.01 |
| 3 | $B_1 C_1$ Vs $B_2 C_2$ | 6.58 | 0.01 |
| 4 | $B_1 C_2$ Vs $B_2 C_1$ | 1.83 | 0.01 |
| 5 | $B_1 C_2$ Vs $B_2 C_2$ | 3.94 | 0.01 |
| 6 | $B_2 C_1$ Vs $B_2 C_2$ | 2.11 | 0.01 |

0.05 = 1.07

0.01 = 1.44

પરિણામ કોષ્ટક નં. 4.34માં જોતા જણાય છે કે શિક્ષકોની શાળાના પ્રકાર અને વૈવાહિક દરજ્જાની આંતરક્રિયાના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ F ની કિંમત 14.14 છે. જયારે 0.05 અર્થસૂચક કક્ષાએ F ની કિંમત 3.86 અને 0.01 અર્થસૂચક કક્ષાએ F ની કિંમત 6.70 છે. અહી પ્રાપ્ત થયેલ F ની કિંમત મોટી છે તેથી તફાવત સાર્થક છે. અહી $HO_{15}$ નો અસ્વિકાર

થાય છે અને તારણ તારવવામાં આવે છે કે શિક્ષકોની શાળાના પ્રકાર અને વૈવાહિક દરજ્જાની આંતરક્રિયાના સંદર્ભમાં જીવન સંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

પરિણામ કોષ્ટક નં. 4.35માં જોતા જણાય છે કે શિક્ષકોની શાળાના પ્રકાર અને વૈવાહિક દરજ્જાની આંતરક્રિયાના સંદર્ભમાં L.S.D. તફાવત 6 Pairs માં 0.01 અર્થસૂચક કક્ષાએ સાર્થક જેમાં $B_1C_1$ Vs $B_1C_2$ એટલે કે ખાનગી શાળાના પરણિત શિક્ષકો અને ખાનગી શાળાના અપરણિત શિક્ષકોના જીવન સંતોષના મધ્યકો અનુક્રમે 33.58 અને 36.22 છે અને બંને વચ્ચેનો તફાવત 2.64 છે જે 0.01 અર્થકક્ષાએ સાર્થક છે તેથી કહી શકાય કે ખાનગી શાળાના પરણિત શિક્ષકો કરતા ખાનગી શાળાના અપરણિત શિક્ષકોનો જીવન સંતોષ વધુ છે.

આનું શકય કારણ આપતા કહી શકાય કે અપરણિત શિક્ષકો કરતા પરણિત શિક્ષકોનો કાર્યભાર અને જવાબદારી વધુ હોય છે. વ્યકિતના જીવન સંતોષને તેની સુખાકારી સાથે સંબંધ છે. કાર્યભારને લીધે તેઓને પુરતો જીવન સંતોષ મળતો નથી. તેથી ખાનગી શાળાના પરણિત શિક્ષકો કરતા અપરણિત શિક્ષકોનો જીવન સંતોષ વધુ જોવા મળે છે.

$B_2C_1$ Vs $B_2C_2$ એટલે કે સરકારી શાળાના પરણિત શિક્ષકો અને સરકારી શાળાના અપરણિત શિક્ષકોના જીવન સંતોષના મધ્યકો અનુક્રમે 38.05 અને 40.16 છે અને બંને વચ્ચેનો તફાવત 2.11 છે જે 0.01 અર્થકક્ષાએ સાર્થક છે તેથી કહી શકાય કે સરકારી શાળાના પરણિત શિક્ષકો કરતા સરકારી શાળાના અપરણિત શિક્ષકોનો જીવન સંતોષ વધુ છે.

આનું શકય કારણ આપતા કહી શકાય કે ‘ સરકારી શાળાના પરણિત શિક્ષકોએ પોતાના દરજ્જા મુજબ સામાજિક, કૌટુંબિક અને વ્યાવહારિક જવાબદારી નિભાવવી પડે છે. જયારે અપરણિત શિક્ષકો પાસેથી સમાજને આવી કોઈ અપેક્ષા હોતી નથી તેથી તેઓનો જીવન સંતોષ વધુ હોય છે. તેથી કહી શકાય કે સરકારી શાળાના પરણિત શિક્ષકો કરતા સરકારી શાળાના અપરણિત શિક્ષકોનો જીવન સંતોષ વધુ હોય છે.

### 4.4.1.6 **શિક્ષકોની જાતિ (A) અને વૈવાહિક દરજ્જા (C) વચ્ચેની આંતરક્રિયાની F કસોટી :–**

શિક્ષકોની જાતિ અને વૈવાહિક દરજ્જા વચ્ચેની આંતરક્રિયા પ્રમાણે શિક્ષકોને ચાર વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

(1) સ્ત્રી પરણિત શિક્ષકો

(2) સ્ત્રી અપરણિત શિક્ષકો

(3) પુરૂષ પરણિત શિક્ષકો

(4) પુરૂષ અપરણિત શિક્ષકો

આ પ્રકારોના સંદર્ભમાં નીચે પ્રમાણે ઉત્કલ્પના રચવામાં આવી હતી.

$HO_{16}$ : શિક્ષકોની જાતિ અને વૈવાહિક દરજ્જાની આંતરક્રિયાના સંદર્ભમાં જીવન સંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહિ.

પરિણામ કોષ્ટક નં. 4.36

શિક્ષકોની જાતિ અને વૈવાહિક દરજ્જાના પરિવર્ત્યના જીવન

સંતોષના મધ્યકો અને F દર્શાવતુ કોષ્ટક :–

| Variable | N | Mean | F | Sig |
|---|---|---|---|---|
| સ્ત્રી પરણિત શિક્ષકો ($A_1C_1$) | 300 | 36.46 | 13.15 | 0.01 |
| સ્ત્રી અપરણિત શિક્ષકો ($A_1C_2$) | 300 | 38.95 | | |
| પુરૂષ પરણિત શિક્ષકો ($A_2C_1$) | 300 | 35.18 | | |
| પુરૂષ અપરણિત શિક્ષકો ($A_2C_2$) | 300 | 36.26 | | |

0.05 = 3.86

0.01 = 6.70

પરિણામ કોષ્ટક નં. 4.37

શિક્ષકોની જાતિ અને વૈવાહિક દરજ્જા પરિવર્ત્યોના જીવન સતોષના

મધ્યકોના તફાવત દર્શાવતુ L.S.D. કોષ્ટક :–

| Sr. No. | Pairs | Mean diff. | Sig. |
|---|---|---|---|
| 1 | $A_1 C_1$ Vs $A_1 C_2$ | 2.49 | 0.01 |
| 2 | $A_1 C_1$ Vs $A_2 C_2$ | 1.28 | 0.05 |
| 3 | $A_1 C_1$ Vs $A_2 C_2$ | 0.20 | NS |
| 4 | $A_1 C_2$ Vs $A_2 C_1$ | 3.77 | 0.01 |
| 5 | $A_1 C_2$ Vs $A_2 C_2$ | 2.69 | 0.01 |
| 6 | $A_2 C_1$ Vs $A_2 C_2$ | 1.08 | 0.05 |

0.05 = 1.07

0.01 = 1.44

પરિણામ કોષ્ટક નં. 4.36માં જોતા જણાય છે કે શિક્ષકોની જાતિ અને વૈવાહિક દરજ્જાની આંતરક્રિયાના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ F ની કિંમત 13.15 છે. જયારે

0.05 અર્થસૂચક કક્ષાએ F ની કિંમત 3.86 અને 0.01 અર્થસૂચક કક્ષાએ F ની કિંમત 6.70 છે. અહી પ્રાપ્ત થયેલ F ની કિંમત મોટી છે તેથી તફાવત સાર્થક છે. અહીં $HO_{16}$ નો અસ્વિકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે શિક્ષકોની જાતિ અને વૈવાહિક દરજ્જાની આંતરક્રિયાના સંદર્ભમાં જીવન સંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

પરિણામ કોષ્ટક નં. 4.37માં જોતા જણાય છે કે શિક્ષકોની જાતિ અને વૈવાહિક દરજ્જાની આંતરક્રિયાના સંદર્ભમાં L.S.D. તફાવત 3 Pairs માં 0.01 અર્થસૂચક કક્ષાએ સાર્થક, 2 Pairsમાં 0.05 અર્થસૂચક કક્ષાએ સાર્થક અને 1 Pairs માં અસાર્થક જોવા મળે છે જેમાં $A_1C_1$ Vs $A_1C_2$ એટલે કે સ્ત્રી પરણિત શિક્ષકો અને સ્ત્રી અપરણિત શિક્ષકોના જીવન સંતોષના મધ્યકો અનુક્રમે 36.46 અને 38.95 છે અને બંને વચ્ચેનો તફાવત 2.49 છે જે 0.01 અર્થકક્ષાએ સાર્થક છે તેથી કહી શકાય કે સ્ત્રી પરણિત શિક્ષકો કરતા સ્ત્રી અપરણિત શિક્ષકોનો જીવન સંતોષ વધુ છે.

આનું શકય કારણ આપતા કહી શકાય કે સ્ત્રીના લગ્ન પછી તેની ભૂમિકામાં બહું મોટું પરિવર્તન આવે છે. ઉપરાંત લગ્ન કરેલ સ્ત્રી પર મર્યાદા અને અપેક્ષાનું પ્રમાણ વધુ હોય છે. જયારે અપરણિત સ્ત્રીઓ સ્વતંત્ર હોવાથી જીવનમાંથી સંતોષ પ્રાપ્ત કરી શકે છે. તેથી કહી શકાય કે સ્ત્રી પરણિત શિક્ષકો કરતા સ્ત્રી અપરણિત શિક્ષકોનો જીવન સંતોષ વધુ જોવા મળે છે.

$A_2C_1$ Vs $A_2C_2$ એટલે કે પુરૂષ પરણિત શિક્ષકો અને પુરૂષ અપરણિત શિક્ષકોના જીવન સંતોષના મધ્યકો અનુક્રમે 35.18 અને 36.26 છે અને બંને વચ્ચેનો તફાવત 1.08 છે જે 0.05 અર્થકક્ષાએ સાર્થક છે તેથી કહી શકાય કે પુરૂષ પરણિત શિક્ષકો કરતા પુરૂષ અપરણિત શિક્ષકોનો જીવન સંતોષ વધુ છે.

આનું શકય કારણ આપતા કહી શકાય કે લગ્ન પહેલા પુરૂષે ફકત પોતાની જવાબદારી જ રાખવાની હોય છે પરંતુ લગ્ન પછી પત્નિ, બાળકો અને કુટુંબની તેમજ વ્યવહારની પણ જવાબદારી નિભાવવાની હોય છે તેથી તેમનો જીવન સંતોષ ઓછો થઈ જાય છે. તેથી કહી શકાય કે પુરૂષ પરણિત શિક્ષકો કરતા પુરૂષ અપરણિત શિક્ષકોનો જીવન સંતોષ વધુ હોય છે.

### 4.4.1.7 શિક્ષકોની જાતિ (A), શાળનો પ્રકાર (B) અને વૈવાહિક દરજ્જા (C) વચ્ચેની આંતરક્રિયાની F કસોટી :–

શિક્ષકોની જાતિ, શાળાનો પ્રકાર અને વૈવાહિક દરજ્જા વચ્ચેની આંતરક્રિયા પ્રમાણે શિક્ષકોને આઠ વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

(1) સ્ત્રી ખાનગી શાળામાં નોકરી કરતા પરણિત શિક્ષકો

(2) સ્ત્રી ખાનગી શાળામાં નોકરી કરતા અપરણિત શિક્ષકો

(3) સ્ત્રી સરકારી શાળામાં નોકરી કરતા પરણિત શિક્ષકો

(4) સ્ત્રી સરકારી શાળામાં નોકરી કરતા અપરણિત શિક્ષકો

(5) પુરૂષ ખાનગી શાળામાં નોકરી કરતા પરણિત શિક્ષકો

(6) પુરૂષ ખાનગી શાળામાં નોકરી કરતા અપરણિત શિક્ષકો

(7) પુરૂષ સરકારી શાળામાં નોકરી કરતા પરણિત શિક્ષકો

(8) પુરૂષ સરકારી શાળામાં નોકરી કરતા અપરણિત શિક્ષકો

આ પ્રકારોના સંદર્ભમાં નીચે પ્રમાણે ઉત્કલ્પના રચવામાં આવી હતી.

$HO_{17}$ : શિક્ષકોની જાતિ, શાળાનો પ્રકાર અને વૈવાહિક દરજ્જાની આંતરક્રિયાના સંદર્ભમાં જીવન સંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહિ.

પરિણામ કોષ્ટક નં. 4.38

શિક્ષકોની જાતિ, શાળાનો પ્રકાર અને વૈવાહિક દરજ્જાના પરિવર્ત્યના જીવન સંતોષના મધ્યકો અને F દર્શાવતુ કોષ્ટક :–

| Variable | N | Mean | F | Sig |
|---|---|---|---|---|
| સ્ત્રી ખાનગી શાળામાં નોકરી કરતા પરણિત શિક્ષકો ($A_1 B_1C_1$) | 150 | 34.25 | 9.21 | 0.01 |
| સ્ત્રી ખાનગી શાળામાં નોકરી કરતા અપરણિત શિક્ષકો ($A_1 B_1C_2$) | 150 | 37.10 | | |
| સ્ત્રી સરકારી શાળામાં નોકરી કરતા પરણિત શિક્ષકો ($A_1 B_2C_1$) | 150 | 38.66 | | |
| સ્ત્રી સરકારી શાળામાં નોકરી કરતા અપરણિત શિક્ષકો ($A_1 B_2C_2$) | 150 | 40.80 | | |
| પુરૂષ ખાનગી શાળામાં નોકરી કરતા અપરણિત શિક્ષકો ($A_1 B_1C_1$) | 150 | 32.90 | | |
| પુરૂષ ખાનગી શાળામાં નોકરી કરતા અપરણિત શિક્ષકો ($A_1 B_1C2_1$) | 150 | 35.33 | | |
| પુરૂષ સરકારી શાળામાં નોકરી કરતા પરણિત શિક્ષકો ($A_1 B_2C_1$) | 150 | 37.45 | | |
| પુરૂષ સરકારી શાળામાં નોકરી કરતા અપરણિત શિક્ષકો ($A_1 B_2C_2$) | 150 | 39.51 | | |

0.05 = 3.91

0.01 = 6.81

પરિણામ કોષ્ટક નં. 4.39

શિક્ષકોની જાતિ, શાળાનો પ્રકાર અને વૈવાહિક દરજ્જા પરિવર્ત્યોના જીવન સંતોષના

મધ્યકોના તફાવત દર્શાવતુ L.S.D. કોષ્ટક :–

| Sr. No. | Pairs | Mean diff. | Sig. |
|---|---|---|---|
| 1 | $A_1B_1C_1$ Vs $A_1B_1C_2$ | 2.85 | 0.01 |
| 2 | $A_1B_1C_1$ Vs $A_1B_2C_1$ | 4.41 | 0.01 |
| 3 | $A_1B_1C_1$ Vs $A_1B_2C_2$ | 6.55 | 0.01 |
| 4 | $A_1B_1C_1$ Vs $A_2B_1C_1$ | 1.35 | NS |
| 5 | $A_1B_1C_1$ Vs $A_2B_1C_2$ | 1.08 | NS |
| 6 | $A_1B_1C_1$ Vs $A_2B_2C_1$ | 3.20 | 0.01 |
| 7 | $A_1B_1C_1$ Vs $A_2B_2C_2$ | 5.26 | 0.01 |
| 8 | $A_1B_1C_2$ Vs $A_1B_2C_1$ | 1.56 | 0.05 |
| 9 | $A_1B_1C_2$ Vs $A_1B_2C_2$ | 3.70 | 0.01 |
| 10 | $A_1B_1C_2$ Vs $A_2B_1C_1$ | 4.20 | 0.01 |
| 11 | $A_1B_1C_2$ Vs $A_2B_1C_2$ | 1.77 | 0.05 |
| 12 | $A_1B_1C_2$ Vs $A_2B_2C_1$ | 0.35 | NS |
| 13 | $A_1B_1C_2$ Vs $A_2B_2C_1$ | 2.41 | 0.01 |
| 14 | $A_1B_2C_1$ Vs $A_1B_2C_2$ | 2.14 | 0.01 |
| 15 | $A_1B_2C_1$ Vs $A_2B_1C_1$ | 5.76 | 0.01 |
| 16 | $A_1B_2C_1$ Vs $A_2B_1C_1$ | 3.33 | 0.01 |
| 17 | $A_1B_2C_1$ Vs $A_2B_2C_1$ | 1.21 | NS |
| 18 | $A_1B_2C_1$ Vs $A_2B_2C_2$ | 0.85 | NS |
| 19 | $A_1B_2C_2$ Vs $A_2B_1C_1$ | 7.90 | 0.01 |
| 20 | $A_1B_2C_2$ Vs $A_2B_1C_2$ | 5.47 | 0.01 |
| 21 | $A_1B_2C_2$ Vs $A_2B_2C_1$ | 3.35 | 0.01 |
| 22 | $A_1B_2C_2$ Vs $A_2B_2C_1$ | 1.29 | NS |

| | | | |
|---|---|---|---|
| 23 | $A_2B_1C_1$Vs $A_2B_2C_2$ | 2.43 | 0.01 |
| 24 | $A_2B_1C_1$Vs $A_2B_2C_1$ | 4.45 | 0.01 |
| 25 | $A_2B_1C_1$Vs $A_2B_2C_2$ | 6.61 | 0.01 |
| 26 | $A_2B_1C_2$Vs $A_1B_2C_1$ | 2.12 | 0.05 |
| 27 | $A_2B_1C_2$Vs $A_2B_2C_2$ | 4.18 | 0.01 |
| 28 | $A_2B_2C_1$Vs $A_2B_2C_2$ | 2.06 | 0.01 |

0.05 = 1.51

0.01 = 1.99

પરિણામ કોષ્ટક નં. 4.38માં જોતા જણાય છે કે શિક્ષકોની જાતિ, શાળાનો પ્રકાર અને વૈવાહિક દરજ્જાની આંતરક્રિયાના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ F ની કિંમત 9.21 છે. જયારે 0.05 અર્થસૂચક કક્ષાએ F ની કિંમત 3.91 અને 0.01 અર્થસૂચક કક્ષાએ F ની કિંમત 6.81 છે. અહી પ્રાપ્ત થયેલ F ની કિંમત મોટી છે તેથી તફાવત સાર્થક છે. અહી $HO_{17}$ નો અસ્વિકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે શિક્ષકોની જાતિ, શાળાનો પ્રકાર અને વૈવાહિક દરજ્જાની આંતરક્રિયાના સંદર્ભમાં જીવન સંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

પરિણામ કોષ્ટક નં. 4.39માં જોતા જણાય છે કે શિક્ષકોની જાતિ, શાળાનો પ્રકાર અને વૈવાહિક દરજ્જાની આંતરક્રિયાના સંદર્ભમાં L.S.D. તફાવત 20 Pairs માં 0.01 અર્થસૂચક કક્ષાએ સાર્થક, 2 Pairs માં 0.05 અર્થસૂચક કક્ષાએ સાર્થક અને 6 Pairs માં અસાર્થક જોવા મળે છે જેમાં $A_1B_1C_1$ Vs $A_1B_1C_2$ એટલે કે સ્ત્રી ખાનગી શાળામાં નોકરી કરતા પરણિત શિક્ષકો અને સ્ત્રી ખાનગી શાળામાં નોકરી કરતા અપરણિત શિક્ષકોના જીવન સંતોષના મધ્યકો અનુક્રમે 34.25 અને 37.10 છે અને બંને વચ્ચેનો તફાવત 2.85 છે જે 0.01 અર્થકક્ષાએ સાર્થક છે તેથી કહી શકાય કે ખાનગી શાળામાં નોકરી કરતા પરણિત સ્ત્રી શિક્ષકો કરતા ખાનગી શાળામાં નોકરી કરતા અપરણિત સ્ત્રી શિક્ષકોનો જીવન સંતોષ વધુ છે.

આનું શકય કારણ આપતા કહી શકાય કે ઘરકામ, બાળકોનો ઉછેર તેમજ તેમના સારસંભાળની સંપૂર્ણ જવાબદારી સ્ત્રીઓની હોય છે. આવા કાર્યની વચ્ચે તેઓ ખાનગી શાળાનો કાર્યભાર પણ સંભાળતી હોય છે. જયારે સ્ત્રી અપરણિત શિક્ષકોએ ફકત શાળાકિય પ્રવૃતિઓ પ્રત્યે જ ધ્યાન રાખવાનું હોય છે. ઘરકામની જવાબદારી હોતી નથી તેથી તેઓનો જીવન સંતોષ વધુ હોય

છે. તેથી કહી શકાય કે ખાનગી શાળામાં નોકરી કરતા પરણિત સ્ત્રી શિક્ષકો કરતા ખાનગી શાળામાં નોકરી કરતા અપરણિત સ્ત્રી શિક્ષકોનો જીવન સંતોષ વધુ જોવા મળે છે.

$A_1B_2C_1$ Vs $A_1B_2C_2$ એટલે કે સ્ત્રી સરકારી શાળામાં નોકરી કરતા પરણિત શિક્ષકો અને સ્ત્રી સરકારી શાળામાં નોકરી કરતા અપરણિત શિક્ષકોના જીવન સંતોષના મધ્યકો અનુક્રમે 38.66 અને 40.80 છે અને બંને વચ્ચેનો તફાવત 2.14 છે જે 0.01 અર્થકક્ષાએ સાર્થક છે તેથી કહી શકાય કે સરકારી શાળામાં નોકરી કરતા પરણિત સ્ત્રી શિક્ષકો કરતા સરકારી શાળામાં નોકરી કરતા અપરણિત સ્ત્રી શિક્ષકોનો જીવન સંતોષ વધુ છે.

આનું શકય કારણ આપતા કહી શકાય કે પરણિત સ્ત્રીઓએ કુટુંબની, બાળકોની અને નોકરીયાત તરીકેની ભૂમિકા ભજવવાની હોય છે. ઉપરાંત શાળામાં અપ–ડાઉન, વધારાના સરકારી કાર્યભારની વચ્ચે જીવન સંતોષ ઓછો હોય છે. જયારે અપરણિત સ્ત્રીઓએ પોતે સરકારી નોકરીયાત તરીકેનું જ કાર્ય કરવાનું હોય છે. તેથી કહી શકાય કે સરકારી શાળામાં નોકરી કરતા પરણિત સ્ત્રી શિક્ષકો કરતા સરકારી શાળામાં નોકરી કરતા અપરણિત સ્ત્રી શિક્ષકોનો જીવન સંતોષ વધુ જોવા મળે છે.

$A_2B_1C_1$ Vs $A_2B_1C_2$ એટલે કે પુરૂષ ખાનગી શાળામાં નોકરી કરતા પરણિત શિક્ષકો અને પુરૂષ ખાનગી શાળામાં નોકરી કરતા અપરણિત શિક્ષકોના જીવન સંતોષના મધ્યકો અનુક્રમે 32.90 અને 35.33 છે અને બંને વચ્ચેનો તફાવત 2.43 છે જે 0.01 અર્થકક્ષાએ સાર્થક છે તેથી કહી શકાય કે ખાનગી શાળામાં નોકરી કરતા પરણિત પુરૂષ શિક્ષકો કરતા ખાનગી શાળામાં નોકરી કરતા અપરણિત પુરૂષ શિક્ષકોનો જીવન સંતોષ વધુ જોવા મળે છે.

આનું શકય કારણ આપતા કહી શકાય કે પરણિત પુરૂષોએ ઘરની, કુટુંબની, સમાજની અને વ્યવહારિક ભૂમિકાઓ ભજવવાની હોય છે. ઉપરાંત ખાનગી શાળાનો કાર્યભાર પણ ઉંચકવો પડે છે. આ કાર્યભારને લીધે તેઓનો જીવન સંતોષ ઓછો હોય છે. જયારે અપરણિત શિક્ષકો પોતે વ્યકિતગત રીતે સ્વતંત્ર હોય છે તેથી તેઓનો જીવન સંતોષ વધુ હોય છે. તેથી કહી શકાય કે ખાનગી શાળામાં નોકરી કરતા પરણિત પુરૂષ શિક્ષકો અને ખાનગી શાળામાં નોકરી કરતા અપરણિત પુરૂષ શિક્ષકોનો જીવન સંતોષ વધુ હોય છે.

$A_2B_2C_1$ Vs $A_2B_2C_2$ એટલે કે પુરૂષ સરકારી શાળામાં નોકરી કરતા પરણિત શિક્ષકો અને પુરૂષ સરકારી શાળામાં નોકરી કરતા અપરણિત શિક્ષકોના જીવન સંતોષના મધ્યકો અનુક્રમે 37.45 અને 39.51 છે અને બંને વચ્ચેનો તફાવત 2.06 છે જે 0.01 અર્થકક્ષાએ

સાર્થક છે તેથી કહી શકાય કે સરકારી શાળામાં નોકરી કરતા પરણિત પુરૂષ શિક્ષકો કરતા સરકારી શાળામાં નોકરી કરતા અપરણિત પુરૂષ શિક્ષકોનો જીવન સંતોષ વધુ જોવા મળે છે.

આનું શકય કારણ આપતા કહી શકાય કે આપણા સમાજમાં લગ્ન પછી પુરૂષો કુટુંબના જવાબદાર સભ્ય બની જાય છે. હવે પછી તેને પોતાના ઉપરાંત અન્ય સભ્યોની પણ દરેક પ્રકારની કાળજી રાખવાની હોય છે. જયારે અપરણિત શિક્ષકોએ આવા પ્રકારની જવાબદારી હોતી નથી ફકત પોતાની જ કાળજી રાખવાની હોય છે. તેથી તેઓનો જીવન સંતોષ વધુ હોય છે. તેથી કહી શકાય કે સરકારી શાળમાં નોકરી કરતા પરણિત પુરૂષ શિક્ષકો કરતા સરકારી શાળામાં નોકરી કરતા અપરણિત પુરૂષ શિક્ષકોનો જીવન સંતોષ વધુ જોવા મળે છે.

## 4.4.2 વ્યકિતગત સામાજિક પરિવર્ત્યો અને જીવન સંતોષ વચ્ચેની t કસોટી.

### 4.4.2.1 શિક્ષકોની ઉંમરનાં સંદર્ભમાં જીવન સંતોષનો t કસોટી દ્વારા અભ્યાસ.

શિક્ષકોને ઉંમરનાં સંદર્ભમાં નીચેના બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

(1) 21 થી 40 વર્ષ

(2) 41 થી 58 વર્ષ

આ બે વિભાગોના સંદર્ભમાં નીચેની ઉત્કલ્પના રચવામાં આવી હતી.

$HO_{18}$ : શિક્ષકોની ઉંમરના સંદર્ભમાં જીવન સંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહિ.

પરિણામ કોષ્ટક નં. 4.40

શિક્ષકોની ઉંમરના સંદર્ભમાં જીવન સંતોષના મધ્યકો, પ્રમાણ વિચલન

અને t કસોટીનું મૂલ્ય દર્શાતું કોષ્ટક (N=1200)

| ક્રમ | ઉંમર | N | Mean | SD | SEM | SED | t | Sig. |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 21 થી 40 વર્ષ | 789 | 35.72 | 5.24 | 0.28 | 0.36 | 10.36 | 0.01 |
| 2 | 41 થી 58 વર્ષ | 411 | 39.45 | 6.21 | 0.31 | | | |

0.05 = 1.96

0.01 = 2.58

ઉપરના પરિણામ કોષ્ટક નં. 4.40માં જોતા જણાય છે કે શિક્ષકોની ઉંમરના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ t ની કિંમત 10.36 છે. સ્વાતંત્ર્યની કક્ષા 1198 હોય ત્યારે 0.05 અર્થ સૂચક કક્ષાએ t ની કિંમત 1.96 અને 0.01અર્થ સૂચક કક્ષાએ t ની કિંમત 2.58 છે. અહી

પ્રાપ્ત થયેલ t ની કિંમત મોટી છે. તેથી તફાવત સાર્થક છે. અહીં $HO_{18}$ નો અસ્વિકાર કરવામાં આવે છે અને તારણ તારવવામાં આવે છે કે 21 થી 40 વર્ષના શિક્ષકો કરતા 41 થી 58 વર્ષના શિક્ષકોનો જીવન સંતોષ વધુ છે.

આનું શકય કારણ આપતા કહી શકાય કે 21 થી 40 વર્ષની ઉંમર દરમિયાન કૌટુંબિક, સામાજિક અને વ્યવસાયિક ભૂમિકામાં સેટ થવાનું હોય છે. ઉપરાંત લગ્ન કરેલ હોય તેવા શિક્ષકો ઉપર બાળકો અને પત્નિની જવાબદારી આવી ગઈ હોય છે. તેઓના જીવનમાં સતત સંઘર્ષ જોવા મળે છે. જયારે 41 થી 58 વર્ષની ઉંમરમાં લગભગ તમામ પાસાઓમાં સેટ થઈ ગયા હોય છે તેથી તેઓ દરેક રીતે સ્વસ્થ હોય છે. આથી કહી શકાય કે 21 થી 40 વર્ષની ઉંમર ધરાવતા શિક્ષકો કરતા 41 થી 58 વર્ષના શિક્ષકોનો જીવન સંતોષ વધુ સારો છે.

4.4.2.2 **શિક્ષકોના વેતનદરનાં સંદર્ભમાં જીવન સંતોષનો t કસોટી દ્વારા અભ્યાસ.**

શિક્ષકોને વેતનદરનાં સંદર્ભમાં નીચેના બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

(1) 10,000કે તેથી ઓછો

(2) 10,000થી વધુ

આ બે વિભાગોના સંદર્ભમાં નીચેની ઉત્કલ્પના રચવામાં આવી હતી.

$HO_{19}$ : શિક્ષકોના વેતનદરના સંદર્ભમાં જીવન સંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહિ.

પરિણામ કોષ્ટક નં. 4.41

શિક્ષકોના વેતનદરના સંદર્ભમાં જીવન સંતોષના મધ્યકો, પ્રમાણ વિચલન

અને t કસોટીનું મૂલ્ય દર્શાતું કોષ્ટક (N=1200)

| ક્રમ | વેતનદર | N | Mean | SD | SEM | SED | t | Sig. |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 10,000કે તેથી ઓછો | 821 | 36.25 | 5.84 | 0.20 | 0.39 | 6.08 | 0.01 |
| 2 | 10,000થી વધુ | 379 | 38.62 | 6.49 | 0.33 | | | |

0.05 = 1.96

0.01 = 2.58

ઉપરના પરિણામ કોષ્ટક નં. 4.41માં જોતા જણાય છે કે શિક્ષકોના વેતનદરના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ t ની કિંમત 6.08 છે. સ્વાતંત્ર્યની કક્ષા 1198 હોય ત્યારે 0.05 અર્થ સૂચક કક્ષાએ t ની કિંમત 1.96 અને 0.01અર્થ સૂચક કક્ષાએ t ની કિંમત 2.58 છે. અહી પ્રાપ્ત

થયેલ t ની કિંમત મોટી છે. તેથી તફાવત સાર્થક છે. અહીં $HO_{19}$ નો અસ્વિકાર કરવામાં આવે છે અને તારણ તારવવામાં આવે છે કે10,000 કે તેથી ઓછો વેતનદર ધરાવતા શિક્ષકો કરતા 10,000 થી વધુ વેતનદર ધરાવનાર શિક્ષકોનો જીવન સંતોષ વધુ છે.

આનું શકય કારણ આપતા કહી શકાય કે10,000 થી ઓછો પગાર ધરાવતા શિક્ષકો પોતે મોંઘવારીના જમાનામાં પોતાની જરૂરીયાતો પૂર્ણ કરી શકતા નથી અને સામાન્ય જીવનધોરણ કે જીવન કેવી રીતીથી જીવન જીવવું પડે છે આર્થિક સમસ્યા સામે ઝઝુમવું પડે છે. જયારે10,000 થી વધુ વેતન ધરાવતા શિક્ષકો પોતાની જરૂરિયાતો પૂર્ણ કરી શકે છે અને ઉચ્ચ જીવનધોરણથી જીવન જીવી શકે છે. તેથી જીવન સંતોષ વધુ હોય છે. તેથી કહી શકાય કે 10,000 કે તેથી ઓછો વેતનદર ધરાવનાર શિક્ષકો કરતા 10,000 થી વધુ વેતનદર ધરાવનાર શિક્ષકોનો જીવન સંતોષ વધુ સારો છે.

### 4.4.2.3 **શિક્ષકોના કાર્યભારનાં સંદર્ભમાં જીવન સંતોષનો t કસોટી દ્વારા અભ્યાસ.**

શિક્ષકોને કાર્યભારનાં સંદર્ભમાં નીચેના બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

(1) ખંડ સમય

(1) પૂર્ણ સમય

આ બે વિભાગોના સંદર્ભમાં નીચેની ઉત્કલ્પના રચવામાં આવી હતી.

$HO_{20}$ : શિક્ષકોના કાર્યભારના સંદર્ભમાં જીવન સંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહિ.

પરિણામ કોષ્ટક નં. 4.42

શિક્ષકોના કાર્યભારના સંદર્ભમાં જીવન સંતોષના મધ્યકો, પ્રમાણ વિચલન

અને t કસોટીનું મૂલ્ય દર્શાતું કોષ્ટક (N=1200)

| ક્રમ | કાર્યભાર | N | Mean | SD | SEM | SED | t | Sig. |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | ખંડ સમય | 293 | 35.04 | 6.11 | 0.36 | 0.43 | 6.02 | 0.01 |
| 2 | પૂર્ણ સમય | 907 | 37.63 | 7.09 | 0.23 | | | |


0.05 = 1.96

0.01 = 2.58

ઉપરના પરિણામ કોષ્ટક નં. 4.42માં જોતા જણાય છે કે શિક્ષકોના કાર્યભારના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ t ની કિંમત 6.02 છે. સ્વાતંત્ર્યની કક્ષા 1198 હોય ત્યારે 0.05અર્થ સૂચક કક્ષાએ t ની કિંમત 1.96 અને 0.01અર્થ સૂચક કક્ષાએ t ની કિંમત 2.58 છે. અહીં પ્રાપ્ત


## આલેખ નં. 4.10

**શિક્ષકોની ઉંમરના સંદર્ભમાં જીવન સંતોષના મધ્યકો દર્શાવતો સ્થંભાલેખ**




## આલેખ નં. 4.11

**શિક્ષકોના વેતનદરના સંદર્ભમાં જીવન સંતોષના મધ્યકો દર્શાવતો સ્થંભાલેખ**



## આલેખ નં. 4.12

**શિક્ષકોના કાર્યભારના સંદર્ભમાં  જીવન સંતોષના મધ્યકો દર્શાવતો સ્થંભાલેખ**



થયેલ t ની કિંમત મોટી છે. તેથી તફાવત સાર્થક છે. અહી $HO_{20}$ નો અસ્વિકાર કરવામાં આવે છે અને તારણ તારવવામાં આવે છે કે ખંડ સમયનો કાર્યભાર ધરાવતા શિક્ષકો કરતા પૂર્ણ સમયનો કાર્યભાર ધરાવતા શિક્ષકોનો જીવન સંતોષ વધુ સારો છે.

આનું શકય કારણ આપતા કહી શકાય કે ખંડ સમય નોકરી કરતા શિક્ષકોએ એક કરતા વધુ શાળા કે સંસ્થાઓમાં નોકરી કરવી પડે છે. જયારે પૂર્ણ સમય શાળામાં નોકરી કરતા શિક્ષકોએ એકજ શાળામાં નોકરી કરવી પડે છે અને એકજ નોકરીની ભૂમિકાની ચિંતા હોય છે તેથી તેઓનો જીવન સંતોષ વધુ હોય છે. તેથી કહી શકાય કે ખંડ સમયનો કાર્યભાર ધરાવતા શિક્ષકો કરતા પૂર્ણ સમયનો કાર્યભાર ધરાવતા શિક્ષકોનો જીવન સંતોષ વધુ સારો જોવા મળે છે.

## 4.5 વ્યકિતગત સામાજિક પરિવર્ત્યોના સંદર્ભમાં માનસિક સ્વાસ્થ્યનો અભ્યાસ.

### 4.5.1 વ્યકિતગત સામાજિક પરિવર્ત્યો અને માનસિક સ્વાસ્થ્ય વચ્ચેના સંબંધનું F કસોટી વડે પૃથક્કરણ, અર્થઘટન અને પરિણામ ચર્ચા :–

પ્રસ્તુત અઘ્યયનમાં શિક્ષકોના વ્યકિતગત ઘટકો જેવા કે શિક્ષકોની જાતિ, શાળાનો પ્રકાર અને વૈવાહિક દરજ્જાની શી અસર થાય છે તેમજ આ સ્વતંત્ર પરિવર્ત્યોની વ્યવસાય સંતોષ પર થતી અસરની ચકાસણી કરવા માટે વિચરણ પૃથક્કરણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

શિક્ષકોની જાતિ, શાળાનો પ્રકાર અને વૈવાહિક દરજ્જા જેવા સ્વતંત્ર પરિવર્ત્યો ઉપર મુખ્ય તેમજ આંતર ક્રિયાત્મક અસર જાણવા માટે વિચરણ પૃથક્કરણ પદ્ધતિ દ્વારા F મૂલ્ય શોધવામાં આવ્યા હતા. આ દરેકની વિગતવાર ચર્ચા નીચે પ્રમાણે કરવામાં આવી છે. ઉપરાંત વિચરણ પૃથક્કરણ પ્રક્રિયામાં પ્રાપ્ત થતી અંતિમ કિમત F ગુણોતર સમષ્ટિના વિવિધ જૂથોના મધ્યકો વચ્ચે OVER ALL તફાવત સાર્થક છે કે કેમ તેનો અંતિમ નિર્ણય કરવા માટે મદદ કરે છે અને અહી સ્વતંત્ર પરિવર્ત્યો ત્રણ છે જે નીચે મુજબ છે.

(1) જાતિ (A)
- A1 : સ્ત્રી
- A2 : પુરૂષ

(2) શાળાનો પ્રકાર (B)
- B1 : ખાનગી
- B2 : સરકારી

(3) વૈવાહિક દરજ્જો (C)
- C1 : પરણિત
- C2 : અપરણિત

જ્યારે માનસિક સ્વાસ્થ્ય પરતંત્ર પરિવર્ત્ય છે. આ અંગેની તમામ વિગતો કોષ્ટક નં. 4.43માં દર્શાવવામાં આવી છે.

પરિણામ કોષ્ટક નં. 4.43

2×2×2 આવયવિક યોજના અને માનસિક સ્વાસ્થ્યનું વિચરણ પૃથક્કરણ પરિણામ

(N=1200)

| ચલનનો ઉદ્દભવ Source of Variance | વર્ગોનો સરવાળો Sum of Square | સ્વાતંત્ર્યની કક્ષા df(n-1) | પ્રચરણ Mean Sum of Square | મૂલ્ય F | સાર્થકતાની કક્ષા Sig. |
|---|---|---|---|---|---|
| Main Effects | - | - | - | - | - |
| SSA | 541.64 | 1 | 541.64 | 14.71 | 0.01 |
| SSB | 364.81 | 1 | 364.81 | 9.91 | 0.01 |
| SSC | 541.66 | 1 | 541.66 | 14.71 | 0.01 |
| Interaction Effects | - | - | - | - | |
| SS A.B | 1041.91 | 1 | 1041.91 | 28.30 | 0.01 |
| SS B.C | 941.07 | 1 | 941.07 | 25.56 | 0.01 |
| SS A.C | 847.69 | 1 | 847.69 | 23.02 | 0.01 |
| SS A.B.C | 639.09 | 1 | 639.09 | 17.36 | 0.01 |
| Within SS Error | 53246.64 | 1192 | 36.81 | | |
| SS total | 48795.39 | 1199 | | | |

Significance Leval

| N | 0.05 | 0.01 |
|---|---|---|
| 150 | 3.91 | 6.81 |
| 300 | 3.86 | 6.70 |
| 600 | 3.85 | 6.66 |

### 4.5.1.1 શિક્ષકોની જાતિ (A) અને માનસિક સ્વાસ્થ્ય વચ્ચેની F કસોટી :–

શિક્ષકોને જાતિને ધ્યાનમાં રાખીને બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

(1) સ્ત્રી (2) પુરૂષ

આ બે પ્રકારના સંદર્ભમાં નીચે પ્રમાણે ઉત્કલ્પના રચવામાં આવી હતી.

$HO_{21}$ : શિક્ષકોની જાતિના સંદર્ભમાં માનસિક સ્વાસ્થ્યના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહિ.

પરિણામ કોષ્ટક નં. 4.44

શિક્ષકોની જાતિ (A) પરિવર્ત્યના માનસિક સ્વાસ્થ્યના

મધ્યકો અને F દર્શાવતુ કોષ્ટક :–

| શિક્ષકોની જાતિ (A) | N | Mean | F | Sig |
|---|---|---|---|---|
| સ્ત્રીઓ ($A_1$) | 600 | 83.37 | 14.71 | 0.01 |
| પુરૂષો ($A_2$) | 600 | 82.58 | | |

0.05 = 3.85

0.01 = 6.66

પરિણામ કોષ્ટક નં. 4.45

શિક્ષકોની જાતિ (A) પરિવર્ત્યના માનસિક સ્વાસ્થ્યના મધ્યકોના

તફાવત દર્શાવતુ L.S.D. કોષ્ટક :–

| Sr. No. | Pairs | Mean diff. | Sig. |
|---|---|---|---|
| 1 | $A_1$ Vs $A_2$ | 0.79 | 0.05 |

0.05 = 0.68

0.01 = 0.90

પરિણામ કોષ્ટક નં. 4.44માં જોતા જણાય છે કે શિક્ષકોની જાતિના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ F ની કિંમત 14.71 છે. જ્યારે 0.05 અર્થસૂચક કક્ષાએ F ની કિંમત 3.85 અને 0.01 અર્થસૂચક કક્ષાએ F ની કિંમત 6.66 છે. અહીં પ્રાપ્ત થયેલ F ની કિંમત મોટી છે તેથી તફાવત સાર્થક છે. અહીં $HO_{21}$ નો અસ્વિકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે પુરૂષ શિક્ષકો કરતા સ્ત્રી શિક્ષકોનું માનસિક સ્વાસ્થ્ય વધુ સારુ જોવા મળે છે.

શિક્ષકોની જાતિના સંદર્ભમાં L.S.D. તફાવત પણ સાર્થક જોવા મળે છે જે કોષ્ટક નં. 4.45માં દર્શાવવામાં આવેલ છે. અહી $A_1$ Vs $A_2$ એટલે કે સ્ત્રીઓ અને પુરૂષોના માનસિક સ્વાસ્થ્યના મધ્યકો અનુક્રમે 83.37 અને 82.58 છે અને બંને વચ્ચેનો તફાવત 0.79 છે જે 0.05 અર્થકક્ષાએ સાર્થક છે તેથી કહી શકાય કે પુરૂષ શિક્ષકો કરતા સ્ત્રી શિક્ષકોનું માનસિક સ્વાસ્થ્ય વધુ સારુ જોવા મળે છે.

આનું શકય કારણ આપતા કહી શકાય કે સ્ત્રીઓ પોતાના સ્વાસ્થ્ય પ્રત્યે વધુ સજાગ અને સભાન હોય છે. તેઓ પોતાના શરીરની અને સ્વાસ્થ્યની વધુ કાળજી લેતી હોય છે. ઉપરાંત ઘરકામ વખતે શરીરનાં અંગો તેમજ હાથ પગ વારંવાર ધોવા પડે છે. જયારે પુરૂષો મોટાભાગનો સમય ઘરની બહાર હોવાથી સ્વાસ્થ્યની પૂરતી કાળજી લઈ શકતા નથી તેથી કહી શકાય કે પુરૂષ શિક્ષકો કરતા સ્ત્રી શિક્ષકોનું માનસિક સ્વાસ્થ્ય વધુ સારુ જોવા મળે છે.

### 4.5.1.2 **શિક્ષકોની શાળાનો પ્રકાર (B) અને માનસિક સ્વાસ્થ્ય વચ્ચેની F કસોટી :–**

શિક્ષકોને શાળાના પ્રકારને ધ્યાનમાં રાખીને બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

(1) ખાનગી (2) સરકારી

આ બે પ્રકારના સંદર્ભમાં નીચે પ્રમાણે ઉત્કલ્પના રચવામાં આવી હતી.

$HO_{22}$: શિક્ષકોની શાળાના પ્રકારના સંદર્ભમાં માનસિક સ્વાસ્થ્યના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહિ.

પરિણામ કોષ્ટક નં. 4.46

શિક્ષકોની શાળાના પ્રકાર (B) પરિવર્ત્યના માનસિક સ્વાસ્થ્યના

મધ્યકો અને F દર્શાવતુ કોષ્ટક :–

| શાળાનો પ્રકાર (B) | N | Mean | F | Sig |
|---|---|---|---|---|
| ખાનગી ($B_1$) | 600 | 81.13 | 9.91 | 0.01 |
| સરકારી($B_2$) | 600 | 84.87 | | |

0.05 = 3.85

0.01 = 6.66

પરિણામ કોષ્ટક નં. 4.47

શિક્ષકોની શાળાનો પ્રકાર (B) પરિવર્ત્યના માનસિક સ્વાસ્થ્યના મધ્યકોના

તફાવત દર્શાવતુ L.S.D. કોષ્ટક :–

| Sr. No. | Pairs | Mean diff. | Sig. |
|---|---|---|---|
| 1 | $B_1$ Vs $B_2$ | 3.74 | 0.01 |

0.05 = 0.68

0.01 = 0.90

પરિણામ કોષ્ટક નં. 4.46માં જોતા જણાય છે કે શિક્ષકોની શાળાના પ્રકારના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ F ની કિંમત 9.91 છે. જયારે 0.05 અર્થસૂચક કક્ષાએ F ની કિંમત 3.85 અને 0.01 અર્થસૂચક કક્ષાએ F ની કિંમત 6.66 છે. અહી પ્રાપ્ત થયેલ F ની કિંમત મોટી છે તેથી તફાવત સાર્થક છે. અહી $HO_{22}$ નો અસ્વિકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે ખાનગી કરતા સરકારી શાળામાં નોકરી કરતા શિક્ષકોનું માનસિક સ્વાસ્થ્ય વધુ સારૂ છે.

શિક્ષકોની શાળાના પ્રકારના સંદર્ભમાં L.S.D. તફાવત પણ સાર્થક જોવા મળે છે જે કોષ્ટક નં. 4.47માં દર્શાવવામાં આવેલ છે. અહી $B_1$ Vs $B_2$ એટલે કે ખાનગી અને સરકારી શાળાના શિક્ષકોના માનસિક સ્વાસ્થ્યના મધ્યકો અનુક્રમે 83.13 અને 84.87 છે અને બંને વચ્ચેનો તફાવત 3.74 છે જે 0.01 અર્થકક્ષાએ સાર્થક છે તેથી કહી શકાય કે ખાનગી કરતા સરકારી શાળામાં નોકરી કરતા શિક્ષકોનું માનસિક સ્વાસ્થ્ય વધુ સારૂ છે.

આનું શકય કારણ આપતા કહી શકાય કે સરકારી શાળામાં નોકરી કરતા શિક્ષકોનો કાર્યભાર નિયત હોય ઉપરાંત તેઓ નોકરીમાં સલામત હોય છે અને જરૂરિયાત અને મોંઘવારી મુજબ પગાર મળે છે. જયારે ખાનગી શાળામાં નોકરી કરતા શિક્ષકોનો કાર્યભાર વધુ હોય છે અને પગાર ઓછો હોય છે. ઉપરાંત નોકરીમાં સલામત હોતા નથી તેથી ખાનગી શાળામાં નોકરી કરતા સરકારી શાળામાં નોકરી કરતા શિક્ષકોનું માનસિક સ્વાસ્થ્ય સારૂ છે.

### 4.5.1.3 **શિક્ષકોના વૈવાહિક દરજ્જા (C) અને માનસિક સ્વાસ્થ્ય વચ્ચેની F કસોટી :–**

શિક્ષકોના વૈવાહિક દરજ્જાને ધ્યાનમાં રાખીને બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

(1) પરણિત (2) અપરણિત

આ બે પ્રકારના સંદર્ભમાં નીચે પ્રમાણે ઉત્કલ્પના રચવામાં આવી હતી.

$HO_{23}$ : શિક્ષકોના લગ્ન દરજ્જાના સંદર્ભમાં માનસિક સ્વાસ્થ્યના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહિ.

પરિણામ કોષ્ટક નં. 4.48

શિક્ષકોના લગ્ન દરજ્જા (C) પરિવર્ત્યના માનસિક સ્વાસ્થ્યના

મધ્યકો અને F દર્શાવતુ કોષ્ટક :–

| લગ્ન દરજ્જો (C) | N | Mean | F | Sig |
|---|---|---|---|---|
| પરણિત ($C_1$) | 600 | 81.91 | 14.71 | 0.01 |
| અપરણિત($C_2$) | 600 | 84.09 | | |

0.05 = 3.85

0.01 = 6.66

પરિણામ કોષ્ટક નં. 4.49

શિક્ષકોની લગ્ન દરજ્જા(C) પરિવર્ત્યના માનસિક સ્વાસ્થ્યના મધ્યકોના

તફાવત દર્શાવતુ L.S.D. કોષ્ટક :–

| Sr. No. | Pairs | Mean diff. | Sig. |
|---|---|---|---|
| 1 | $C_1$ Vs $C_2$ | 2.18 | 0.01 |

0.05 = 0.68


0.01 = 0.90

પરિણામ કોષ્ટક નં. 4.48માં જોતા જણાય છે કે શિક્ષકોના વૈવાહિક દરજ્જાના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ F ની કિંમત 14.61 છે. જયારે 0.05 અર્થસૂચક કક્ષાએ F ની કિંમત 3.85 અને 0.01 અર્થસૂચક કક્ષાએ F ની કિંમત 6.66 છે. અહી પ્રાપ્ત થયેલ F ની કિંમત મોટી છે તેથી તફાવત સાર્થક છે. અહી $HO_{23}$ નો અસ્વિકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે પરણિત કરતા અપરણિત શિક્ષકોનું માનસિક સ્વાસ્થ્ય વધુ સારૂ છે.

શિક્ષકોના વૈવાહિક દરજ્જાના સંદર્ભમાં L.S.D. તફાવત પણ સાર્થક જોવા મળે છે જે કોષ્ટક નં. 4.49માં દર્શાવવામાં આવેલ છે. અહી $C_1$ Vs $C_2$ એટલે કે પરણિત અને અપરણિત શિક્ષકોના માનસિક સ્વાસ્થ્યના મધ્યકો અનુક્રમે 81.91 અને 84.09 છે અને બંને વચ્ચેનો તફાવત 2.18 છે જે 0.01 અર્થકક્ષાએ સાર્થક છે તેથી કહી શકાય કે પરણિત કરતા અપરણિત શિક્ષકોનું માનસિક સ્વાસ્થ્ય વધુ સારૂ છે.


## આલેખ નં. 4.13

**શિક્ષકોની જાતિના સંદર્ભમાં માનસિક સ્વાસ્થ્યના મધ્યકો દર્શાવતો સ્થંભાલેખ**




## આલેખ નં. 4.14

**શિક્ષકોની શાળાના પ્રકારના સંદર્ભમાં  માનસિક સ્વાસ્થ્યના  મધ્યકો દર્શાવતો સ્થંભાલેખ**



## આલેખ નં. 4.15

**શિક્ષકોના વૈવાહિક દરજ્જાના સંદર્ભમાં  માનસિક સ્વાસ્થ્યના મધ્યકો દર્શાવતો સ્થંભાલેખ**



આનું શકય કારણ આપતા કહી શકાય કે પરણિત શિક્ષકોએ કુટુંબનું ભરણપોષણ, બાળકોના ઉછેરની શિક્ષણની જવાબદારી તેમજ સામાજિક અને કૌટુંબિક જવાબદારી નિભાવવી પડે છે જયારે અપરણિત શિક્ષકો આવી જવાબદારીઓમાંથી મુકત હોય છે તેથી તેઓ સ્વસ્થતાથી જીવન જીવી શકે છે. તેથી કહી શકાય કે પરણિત શિક્ષકો કરતા અપરણિત શિક્ષકોનું માનસિક સ્વાસ્થ્ય વધુ સારૂ જોવા મળે છે.

### 4.5.1.4 શિક્ષકોની જાતિ (A) અને શાળાનો પ્રકાર (B) વચ્ચેની આંતરક્રિયાની F કસોટી :–

શિક્ષકોની જાતિ અને શાળાના પ્રકાર વચ્ચેની આંતરક્રિયા પ્રમાણે શિક્ષકોને ચાર વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

(1) ખાનગી શાળાના સ્ત્રી શિક્ષકો (2) સરકારી શાળાના સ્ત્રી શિક્ષકો

(3) ખાનગી શાળાના પુરૂષ શિક્ષકો (4) સરકારી શાળાના પુરૂષ શિક્ષકો

આ પ્રકારોના સંદર્ભમાં નીચે પ્રમાણે ઉત્કલ્પના રચવામાં આવી હતી.

$HO_{24}$ : શિક્ષકોની જાતિ અને શાળાના પ્રકારની આંતરક્રિયાના સંદર્ભમાં માનસિક સ્વાસ્થ્યના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહિ.

પરિણામ કોષ્ટક નં. 4.50

શિક્ષકોની જાતિ અને શાળાના પ્રકાર પરિવર્ત્યના માનસિક સ્વાસ્થ્યના

મધ્યકો અને F દર્શાવતુ કોષ્ટક :–

| Variable | N | Mean | F | Sig |
|---|---|---|---|---|
| ખાનગી શાળાના સ્ત્રી શિક્ષકો ($A_1B_1$) | 300 | 81.63 | 28.30 | 0.01 |
| સરકારી શાળાના સ્ત્રી શિક્ષકો ($A_1B_2$) | 300 | 85.22 | | |
| ખાનગી શાળાના પુરૂષ શિક્ષકો ($A_2B_1$) | 300 | 80.64 | | |
| સરકારી શાળાના પુરૂષ શિક્ષકો ($A_2B_2$) | 300 | 84.52 | | |

0.05 = 3.86

0.01 = 6.70

પરિણામ કોષ્ટક નં. 4.51

શિક્ષકોની જાતિ અને શાળાના પ્રકાર પરિવર્ત્યોના માનસિક સ્વાસ્થ્યના

મધ્યકોના તફાવત દર્શાવતુ L.S.D. કોષ્ટક :–

| Sr. No. | Pairs | Mean diff. | Sig. |
|---|---|---|---|
| 1 | $A_1 B_1$ Vs $A_1 B_2$ | 3.59 | 0.01 |
| 2 | $A_1 B_1$ Vs $A_2 B_2$ | 0.99 | 0.05 |
| 3 | $A_1 B_1$ Vs $A_2 B_2$ | 2.89 | 0.01 |
| 4 | $A_1 B_2$ Vs $A_2 B_1$ | 4.58 | 0.01 |
| 5 | $A_1 B_2$ Vs $A_2 B_2$ | 0.70 | NS |
| 6 | $A_2 B_1$ Vs $A_2 B_2$ | 3.88 | 0.01 |

0.05 = 0.97

0.01 = 1.26

પરિણામ કોષ્ટક નં. 4.50માં જોતા જણાય છે કે શિક્ષકોની જાતિ અને શાળાના પ્રકારની આંતરક્રિયાના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ F ની કિંમત 28.30 છે. જ્યારે 0.05 અર્થસૂચક કક્ષાએ F ની કિંમત 3.86 અને 0.01 અર્થસૂચક કક્ષાએ F ની કિંમત 6.70 છે. અહી પ્રાપ્ત થયેલ F ની કિંમત મોટી છે તેથી તફાવત સાર્થક છે. અહી $HO_{24}$ નો અસ્વિકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે શિક્ષકોની જાતિ અને શાળાના પ્રકારની આંતરક્રિયાના સંદર્ભમાં માનસિક સ્વાસ્થ્યના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

પરિણામ કોષ્ટક નં. 4.51માં જોતા જણાય છે કે શિક્ષકોની જાતિ અને શાળાના પ્રકારની આંતરક્રિયાના સંદર્ભમાં L.S.D. તફાવત 4 Pairs મા 0.01 અર્થસૂચક કક્ષાએ સાર્થક તથા 1 Pairs માં 0.05 અર્થસૂચક કક્ષાએ સાર્થક અને 1 Pairs માં અસાર્થક જોવા મળે છે જેમાં $A_1B_1$ Vs $A_1B_2$ એટલે કે ખાનગી શાળાના સ્ત્રી શિક્ષકો અને સરકારી શાળાના સ્ત્રી શિક્ષકોના માનસિક સ્વાસ્થ્યના મધ્યકો અનુક્રમે 81.63 અને 85.22 છે અને બંને વચ્ચેનો તફાવત 3.59 છે જે 0.01 અર્થકક્ષાએ સાર્થક છે તેથી કહી શકાય કે ખાનગી શાળાના સ્ત્રી શિક્ષકો કરતા સરકારી શાળાના સ્ત્રી શિક્ષકોનું માનસિક સ્વાસ્થ્ય વધુ સારૂ છે.

આનું શકય કારણ આપતા કહી શકાય કે સરકારી શાળા કરતા ખાનગી શાળામાં કાર્યભાર વધુ હોય છે અને વેતન ઓછુ આપવામાં આવે છે. ઉપરાંત રજાઓ પણ ઓછી મળતી હોય છે. ઉપરાંત સ્ત્રીઓને પુરૂષો કરતા પણ ઓછુ વેતન આપવામાં આવે છે તેથી કહી શકાય કે ખાનગી શાળાના સ્ત્રી શિક્ષકો કરતા સરકારી શાળાના સ્ત્રી શિક્ષકોનું માનસિક સ્વાસ્થ્ય વધુ સારૂ હોય છે.

$A_2B_1$ Vs $A_2B_2$ એટલે કે ખાનગી શાળાના પુરૂષ શિક્ષકો અને સરકારી શાળાના પુરૂષ શિક્ષકોના માનસિક સ્વાસ્થ્યના મધ્યકો અનુક્રમે 80.64 અને 84.52 છે અને બંને વચ્ચેનો તફાવત 3.88 છે જે 0.01 અર્થકક્ષાએ સાર્થક છે તેથી કહી શકાય કે ખાનગી શાળાના પુરૂષ શિક્ષકો કરતા સરકારી શાળાના પુરૂષ શિક્ષકોનું માનસિક સ્વાસ્થ્ય વધુ સારૂ હોય છે.

આનું શકય કારણ આપતા કહી શકાય કે ભારતીય પુરૂષ પ્રધાન સમાજમાં તમામ આર્થિક, કૌટુંબિક અને સામાજિક જવાબદારી પુરૂષના માથે હોય છે. ખાનગી શાળામાં સરકારી શાળાની સરખામણીમાં વેતન ઓછુ મળે છે અને જયારે સામાજિક વ્યાવહારિક કાર્ય વખતે રજાઓ પણ ઓછી મળે છે તેથી કાર્યના દબાણ વચ્ચે નોકરી કરવી પડે છે અને તેઓ માનસિક રીતે અસ્વસ્થ હોય છે. તેથી કહી શકાય કે ખાનગી શાળાના પુરૂષ શિક્ષકો કરતા સરકારી શાળાના પુરૂષ શિક્ષકોનું માનસિક સ્વાસ્થ્ય વધુ સારૂ હોય છે.

### 4.5.1.5 **શિક્ષકોની શાળાનો પ્રકાર (B) અને વૈવાહિક દરજ્જા (C) વચ્ચેની આંતરક્રિયાની F કસોટી :–**

શિક્ષકોની શાળાના પ્રકાર અને વૈવાહિક દરજ્જા વચ્ચેની આંતરક્રિયા પ્રમાણે શિક્ષકોને ચાર વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

(1) ખાનગી શાળાના પરણિત શિક્ષકો

(2) ખાનગી શાળાના અપરણિત શિક્ષકો

(3) સરકારી શાળાના પરણિત શિક્ષકો

(4) સરકારી શાળાના અપરણિત શિક્ષકો

આ પ્રકારોના સંદર્ભમાં નીચે પ્રમાણે ઉત્કલ્પના રચવામાં આવી હતી.

$HO_{25}$ : શિક્ષકોની શાળાના પ્રકાર અને વૈવાહિક દરજ્જાની આંતરક્રિયાના સંદર્ભમાં માનસિક સ્વાસ્થ્યના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહિ.

પરિણામ કોષ્ટક નં. 4.52

શિક્ષકોની શાળાના પ્રકાર અને વૈવાહિક  દરજ્જાના પરિવર્ત્યના માનસિક સ્વાસ્થ્યના

મધ્યકો અને F દર્શાવતુ કોષ્ટક :–

| Variable | N | Mean | F | Sig |
|---|---|---|---|---|
| ખાનગી શાળાના પરણિત શિક્ષકો ($B_1C_1$) | 300 | 79.79 | 25.56 | 0.01 |
| ખાનગી શાળાના અપરણિત શિક્ષકો ($B_1C_2$) | 300 | 82.48 | | |
| સરકારી શાળાના પરણિત શિક્ષકો ($B_2C_1$) | 300 | 84.04 | | |
| સરકારી શાળાના અપરણિત શિક્ષકો ($B_2C_2$) | 300 | 85.70 | | |

0.05 = 3.86

0.01 = 6.70

પરિણામ કોષ્ટક નં. 4.53

શિક્ષકોની શાળાના પ્રકાર અને વૈવાહિક દરજ્જા પરિવર્ત્યોના માનસિક સ્વાસ્થ્યના

મધ્યકોના તફાવત દર્શાવતુ L.S.D. કોષ્ટક :–

| Sr. No. | Pairs | Mean diff. | Sig. |
|---|---|---|---|
| 1 | $B_1$ $C_1$Vs $B_1$ $C_2$ | 2.69 | 0.01 |
| 2 | $B_1$ $C_1$Vs $B_2$ $C_2$ | 4.25 | 0.01 |
| 3 | $B_1$ $C_1$Vs $B_2$ $C_2$ | 5.91 | 0.01 |
| 4 | $B_1$ $C_2$Vs $B_2$ $C_1$ | 1.56 | 0.01 |
| 5 | $B_1$ $C_2$Vs $B_2$ $C_2$ | 3.22 | 0.01 |
| 6 | $B_2$ $C_1$Vs $B_2$ $C_2$ | 1.66 | 0.01 |

0.05 = 0.97

0.01 = 1.26

પરિણામ કોષ્ટક નં. 4.52માં જોતા જણાય છે કે શિક્ષકોની શાળાના પ્રકાર અને  વૈવાહિક દરજ્જાની આંતરક્રિયાના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ F ની કિંમત 25.56 છે. જયારે

0.05 અર્થસૂચક કક્ષાએ F ની કિંમત 3.86 અને 0.01 અર્થસૂચક કક્ષાએ F ની કિંમત 6.70 છે. અહી પ્રાપ્ત થયેલ F ની કિંમત મોટી છે તેથી તફાવત સાર્થક છે. અહી $HO_{25}$ નો અસ્વિકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે શિક્ષકોની શાળાના પ્રકાર અને વૈવાહિક દરજ્જાની આંતરક્રિયાના સંદર્ભમાં માનસિક સ્વાસ્થ્યના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

પરિણામ કોષ્ટક નં. 4.53માં જોતા જણાય છે કે શિક્ષકોની શાળાના પ્રકાર અને વૈવાહિક દરજ્જાની આંતરક્રિયાના સંદર્ભમાં L.S.D. તફાવત 6 Pairs માં 0.01 અર્થસૂચક કક્ષાએ સાર્થક જેમાં $B_1C_1$ Vs $B_1C_2$ એટલે કે ખાનગી શાળાના પરણિત શિક્ષકો અને ખાનગી શાળાના અપરણિત શિક્ષકોના માનસિક સ્વાસ્થ્યના મધ્યકો અનુક્રમે 79.79 અને 82.48 છે અને બંને વચ્ચેનો તફાવત 2.69 છે જે 0.01 અર્થકક્ષાએ સાર્થક છે તેથી કહી શકાય કે ખાનગી શાળાના પરણિત શિક્ષકો કરતા ખાનગી શાળાના અપરણિત શિક્ષકોનું માનસિક સ્વાસ્થ્ય વધુ સારૂ છે.

આનું શકય કારણ આપતા કહી શકાય કે પરણિત શિક્ષકો કુટુંબની જવાબદારી ઉપરાંત વ્યાવહારિક અને સામાજિક જવાબદારી પણ નિભાવવાની હોય છે જયારે અપરણિત શિક્ષકોએ ફકત પોતાની જ જરૂરિયાતો પૂર્ણ કરવાની હોય છે. ખાનગી શાળાના ઓછા પગારમાં અનેક જવાબદારીઓ નિભાવવી મુશ્કેલ હોય છે. જયારે વ્યકિતગત જવાબદારી નિભાવવી સહેલી હોય છે. તેથી કહી શકાય કે ખાનગી શાળાના પરણિત શિક્ષકો કરતા ખાનગી શાળાના અપરણિત શિક્ષકોનું માનસિક સ્વાસ્થ્ય વધુ સારૂં છે.

$B_2C_1$ Vs $B_2C_2$ એટલે કે સરકારી શાળાના પરણિત શિક્ષકો અને સરકારી શાળાના અપરણિત શિક્ષકોના માનસિક સ્વાસ્થ્યના મધ્યકો અનુક્રમે 84.04 અને 85.70 છે અને બંને વચ્ચેનો તફાવત 1.66 છે જે 0.01 અર્થકક્ષાએ સાર્થક છે તેથી કહી શકાય કે સરકારી શાળાના પરણિત શિક્ષકો કરતા સરકારી શાળાના અપરણિત શિક્ષકોનું માનસિક સ્વાસ્થ્ય વધુ સારૂં છે.

આનું શકય કારણ આપતા કહી શકાય કે પરણિત શિક્ષકોએ નોકરીની સાથે કુટુંબની જવાબદારી અને જરૂરિયાતો તેમજ સામાજિક વ્યવહારમાં પણ ભાગ ભજવવો પડે છે. ઉપરાંત નોકરી સ્થળે અપ–ડાઉન, વધારાના સરકારી કામ જેવા કે બોર્ડની પરીક્ષા, ચુંટણીનું કાર્ય, મીટીગ તેમજ વસ્તી ગણતરી જેવા કાર્યો કરવા પડે છે. જયારે અપરણિત શિક્ષકોની કૌટુંબિક, સામાજિક જવાબદારી ઓછી હોવાથી તેઓ સ્વસ્થતાથી કાર્ય કરી શકે છે. તેથી કહી શકાય કે સરકારી શાળાના પરણિત શિક્ષકો કરતા સરકારી શાળાના અપરણિત શિક્ષકોનું માનસિક સ્વાસ્થ્ય વધુ સારૂં હોય છે.

### 4.5.1.6 **શિક્ષકોની જાતિ (A) અને વૈવાહિક દરજ્જા (C) વચ્ચેની આંતરક્રિયાની F કસોટી :–**

શિક્ષકોની જાતિ અને વૈવાહિક દરજ્જા વચ્ચેની આંતરક્રિયા પ્રમાણે શિક્ષકોને ચાર વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

(1) સ્ત્રી પરણિત શિક્ષકો

(2) સ્ત્રી અપરણિત શિક્ષકો

(3) પુરૂષ પરણિત શિક્ષકો

(4) પુરૂષ અપરણિત શિક્ષકો

આ પ્રકારોના સંદર્ભમાં નીચે પ્રમાણે ઉત્કલ્પના રચવામાં આવી હતી.

$HO_{26}$ : શિક્ષકોની જાતિ અને વૈવાહિક દરજ્જાની આંતરક્રિયાના સંદર્ભમાં માનસિક સ્વાસ્થ્યના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહિ.

પરિણામ કોષ્ટક નં. 4.54

શિક્ષકોની જાતિ અને વૈવાહિક દરજ્જાના પરિવર્ત્યના માનસિક સ્વાસ્થ્યના મધ્યકો અને F દર્શાવતુ કોષ્ટક :–

| Variable | N | Mean | F | Sig |
|---|---|---|---|---|
| સ્ત્રી પરણિત શિક્ષકો ($A_1C_1$) | 300 | 82.39 | 23.02 | 0.01 |
| સ્ત્રી અપરણિત શિક્ષકો ($A_1C_2$) | 300 | 84.45 | | |
| પુરૂષ પરણિત શિક્ષકો ($A_2C_1$) | 300 | 81.44 | | |
| પુરૂષ અપરણિત શિક્ષકો ($A_2C_2$) | 300 | 83.73 | | |

0.05 = 3.86

0.01 = 6.70

પરિણામ કોષ્ટક નં. 4.55

શિક્ષકોની જાતિ અને વૈવાહિક દરજ્જા પરિવર્ત્યોના માનસિક સ્વાસ્થ્યના મધ્યકોના તફાવત દર્શાવતુ L.S.D. કોષ્ટક :–

| Sr. No. | Pairs | Mean diff. | Sig. |
|---|---|---|---|
| 1 | $A_1 C_1$ Vs $A_1 C_2$ | 2.06 | 0.01 |
| 2 | $A_1 C_1$ Vs $A_2 C_2$ | 0.95 | NS |
| 3 | $A_1 C_1$ Vs $A_2 C_2$ | 1.34 | 0.01 |
| 4 | $A_1 C_2$ Vs $A_2 C_1$ | 3.01 | 0.01 |

| | | | |
|---|---|---|---|
| 5 | $A_1 C_2$ Vs $A_2 C_2$ | 0.72 | NS |
| 6 | $A_2 C_1$ Vs $A_2 C_2$ | 2.29 | 0.01 |

0.05 = 0.97

0.01 = 1.26

પરિણામ કોષ્ટક નં. 4.54માં જોતા જણાય છે કે શિક્ષકોની જાતિ અને વૈવાહિક દરજ્જાની આંતરક્રિયાના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ F ની કિંમત 23.02 છે. જયારે 0.05 અર્થસૂચક કક્ષાએ F ની કિંમત 3.86 અને 0.01 અર્થસૂચક કક્ષાએ F ની કિંમત 6.70 છે. અહીં પ્રાપ્ત થયેલ F ની કિંમત મોટી છે તેથી તફાવત સાર્થક છે. અહીં $HO_{26}$ નો અસ્વિકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે શિક્ષકોની જાતિ અને વૈવાહિક દરજ્જાની આંતરક્રિયાના સંદર્ભમાં માનસિક સ્વાસ્થ્યના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

પરિણામ કોષ્ટક નં. 4.55માં જોતા જણાય છે કે શિક્ષકોની જાતિ અને વૈવાહિક દરજ્જાની આંતરક્રિયાના સંદર્ભમાં L.S.D. તફાવત 4 Pairs માં 0.01 અર્થસૂચક કક્ષાએ સાર્થક, 2 Pairsમાં અસાર્થક જોવા મળે છે જેમાં $A_1C_1$ Vs $A_1C_2$ એટલે કે સ્ત્રી પરણિત શિક્ષકો અને સ્ત્રી અપરણિત શિક્ષકોના માનસિક સ્વાસ્થ્યના મધ્યકો અનુક્રમે 82.39 અને 84.45 છે અને બંને વચ્ચેનો તફાવત 2.06 છે જે 0.01 અર્થકક્ષાએ સાર્થક છે તેથી કહી શકાય કે સ્ત્રી પરણિત શિક્ષકો કરતા સ્ત્રી અપરણિત શિક્ષકોનું માનસિક સ્વાસ્થ્ય વધુ સારૂં છે.

આનું શકય કારણ આપતા કહી શકાય કે પરણિત સ્ત્રીઓ શિક્ષક હોય ત્યારે તેઓએ પત્નિ, માતા, ગૃહિણી અને નોકરી એમ ચતુર્વિધ ભૂમિકા ભજવવી પડે છે અને તેઓ સતત દબાણ સાથે કાર્ય કરતી હોય છે. સતત અસ્વસ્થ હોય છે. જયારે અપરણિત સ્ત્રીઓએ ફકત નોકરીયાત તરીકેની જ ભૂમિકા ભજવવાની હોય છે. તેથી કહી શકાય કે સ્ત્રી પરણિત શિક્ષકો કરતા સ્ત્રી અપરણિત શિક્ષકોનું માનસિક સ્વાસ્થ્ય વધુ સારૂં જોવા મળે છે.

$A_2C_1$ Vs $A_2C_2$ એટલે કે પુરૂષ પરણિત શિક્ષકો અને પુરૂષ અપરણિત શિક્ષકોના માનસિક સ્વાસ્થ્યના મધ્યકો અનુક્રમે 81.41 અને 83.73 છે અને બંને વચ્ચેનો તફાવત 2.29 છે જે 0.01 અર્થકક્ષાએ સાર્થક છે તેથી કહી શકાય કે પુરૂષ પરણિત શિક્ષકો કરતા પુરૂષ અપરણિત શિક્ષકોનું માનસિક સ્વાસ્થ્ય વધુ સારૂં છે.

આનું શકય કારણ આપતા કહી શકાય કે ભારત જેવા પુરૂષ પ્રધાન સમાજમાં ઘરની સંપૂર્ણ જવાબદારી માત્ર પુરૂષ ઉપર જ હોય છે. તેઓએ ઘરનું ભરણપોષણ, નોકરી, વ્યાવહારિક કાર્યો વગેરે કરવા પડે છે. જયારે અપરણિત પુરૂષોએ ફકત વ્યકિતગત જવાબદારી જ નિભાવવાની હોય

છે. તેથી કહી શકાય કે પુરૂષ પરણિત શિક્ષકો કરતા પુરૂષ અપરણિત શિક્ષકોનું માનસિક સ્વાસ્થ્ય વધુ સારૂં હોય છે.

### 4.5.1.7 **શિક્ષકોની જાતિ (A), શાળનો પ્રકાર (B) અને વૈવાહિક દરજ્જા (C) વચ્ચેની આંતરક્રિયાની F કસોટી :–**

શિક્ષકોની જાતિ, શાળાનો પ્રકાર અને વૈવાહિક દરજ્જા વચ્ચેની આંતરક્રિયા પ્રમાણે શિક્ષકોને આઠ વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

(1) સ્ત્રી ખાનગી શાળામાં નોકરી કરતા પરણિત શિક્ષકો

(2) સ્ત્રી ખાનગી શાળામાં નોકરી કરતા અપરણિત શિક્ષકો

(3) સ્ત્રી સરકારી શાળામાં નોકરી કરતા પરણિત શિક્ષકો

(4) સ્ત્રી સરકારી શાળામાં નોકરી કરતા અપરણિત શિક્ષકો

(5) પુરૂષ ખાનગી શાળામાં નોકરી કરતા પરણિત શિક્ષકો

(6) પુરૂષ ખાનગી શાળામાં નોકરી કરતા અપરણિત શિક્ષકો

(7) પુરૂષ સરકારી શાળામાં નોકરી કરતા પરણિત શિક્ષકો

(8) પુરૂષ સરકારી શાળામાં નોકરી કરતા અપરણિત શિક્ષકો

આ પ્રકારોના સંદર્ભમાં નીચે પ્રમાણે ઉત્કલ્પના રચવામાં આવી હતી.

$HO_{27}$ : શિક્ષકોની જાતિ, શાળાનો પ્રકાર અને વૈવાહિક દરજ્જાની આંતરક્રિયાના સંદર્ભમાં માનસિક સ્વાસ્થ્યના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહિ.

પરિણામ કોષ્ટક નં. 4.56

શિક્ષકોની જાતિ, શાળાનો પ્રકાર અને વૈવાહિક દરજ્જાના પરિવર્ત્યના માનસિક સ્વાસ્થ્યના મધ્યકો અને F દર્શાવતુ કોષ્ટક :–

| Variable | N | Mean | F | Sig |
|---|---|---|---|---|
| સ્ત્રી ખાનગી શાળામાં નોકરી કરતા પરણિત શિક્ષકો ($A_1 B_1 C_1$) | 150 | 80.45 | 17.36 | 0.01 |
| સ્ત્રી ખાનગી શાળામાં નોકરી કરતા અપરણિત શિક્ષકો ($A_1 B_1 C_2$) | 150 | 82.80 | | |
| સ્ત્રી સરકારી શાળામાં નોકરી કરતા પરણિત | 150 | 84.33 | | |

| | | | | |
|---|---|---|---|---|
| શિક્ષકો ($A_1$ $B_2C_1$) | | | | |
| સ્ત્રી સરકારી શાળામાં નોકરી કરતા અપરણિત શિક્ષકો ($A_1$ $B_2C_2$) | 150 | 86.10 | | |
| પુરૂષ ખાનગી શાળામાં નોકરી કરતા પરણિત શિક્ષકો ($A_1$ $B_1C_1$) | 150 | 79.12 | | |
| પુરૂષ ખાનગી શાળામાં નોકરી કરતા અપરણિત શિક્ષકો ($A_1$ $B_1C2_1$) | 150 | 82.15 | | |
| પુરૂષ સરકારી શાળામાં નોકરી કરતા પરણિત શિક્ષકો ($A_1$ $B_2C_1$) | 150 | 83.75 | | |
| પુરૂષ સરકારી શાળામાં નોકરી કરતા અપરણિત શિક્ષકો ($A_1$ $B_2C_2$) | 150 | 85.30 | | |

0.05 = 3.91

0.01 = 6.81

પરિણામ કોષ્ટક નં. 4.57

શિક્ષકોની જાતિ, શાળાનો પ્રકાર અને વૈવાહિક દરજ્જા પરિવર્ત્યોના મધ્યકોના

માનસિક સ્વાસ્થ્યના તફાવત દર્શાવતુ L.S.D. કોષ્ટક :–

| Sr. No. | Pairs | Mean diff. | Sig. |
|---|---|---|---|
| 1 | $A_1B_1C_1$Vs $A_1B_1C_2$ | 2.35 | 0.01 |
| 2 | $A_1B_1C_1$Vs $A_1B_2C_1$ | 3.88 | 0.01 |
| 3 | $A_1B_1C_1$Vs $A_1B_2C_2$ | 5.65 | 0.01 |
| 4 | $A_1B_1C_1$Vs $A_2B_1C_1$ | 1.33 | NS |
| 5 | $A_1B_1C_1$Vs $A_2B_1C_2$ | 1.70 | 0.05 |
| 6 | $A_1B_1C_1$Vs $A_2B_2C_1$ | 3.30 | 0.01 |
| 7 | $A_1B_1C_1$Vs $A_2B_2C_2$ | 4.85 | 0.01 |
| 8 | $A_1B_1C_2$Vs $A_1B_2C_1$ | 1.53 | 0.05 |
| 9 | $A_1B_1C_2$Vs $A_1B_2C_2$ | 3.30 | 0.01 |
| 10 | $A_1B_1C_2$Vs $A_2B_1C_1$ | 3.68 | 0.01 |

| | | | |
|---|---|---|---|
| 11 | $A_1B_1C_2$ Vs $A_2B_1C_2$ | 0.65 | NS |
| 12 | $A_1B_1C_2$ Vs $A_2B_2C_1$ | 0.95 | NS |
| 13 | $A_1B_1C_2$ Vs $A_2B_2C_1$ | 2.50 | 0.01 |
| 14 | $A_1B_2C_1$ Vs $A_1B_2C_2$ | 1.77 | 0.05 |
| 15 | $A_1B_2C_1$ Vs $A_2B_1C_1$ | 5.21 | 0.01 |
| 16 | $A_1B_2C_1$ Vs $A_2B_1C_1$ | 2.18 | 0.01 |
| 17 | $A_1B_2C_1$ Vs $A_2B_2C_1$ | 0.58 | NS |
| 18 | $A_1B_2C_1$ Vs $A_2B_2C_2$ | 0.97 | NS |
| 19 | $A_1B_2C_2$ Vs $A_2B_1C_1$ | 9.22 | 0.01 |
| 20 | $A_1B_2C_2$ Vs $A_2B_1C_2$ | 3.95 | 0.01 |
| 21 | $A_1B_2C_2$ Vs $A_2B_2C_1$ | 2.35 | 0.01 |
| 22 | $A_1B_2C_2$ Vs $A_2B_2C_1$ | 0.80 | NS |
| 23 | $A_2B_1C_1$ Vs $A_2B_2C_2$ | 3.03 | 0.01 |
| 24 | $A_2B_1C_1$ Vs $A_2B_2C_1$ | 4.63 | 0.01 |
| 25 | $A_2B_1C_1$ Vs $A_2B_2C_2$ | 6.18 | 0.01 |
| 26 | $A_2B_1C_2$ Vs $A_1B_2C_1$ | 1.60 | 0.05 |
| 27 | $A_2B_1C_2$ Vs $A_2B_2C_2$ | 3.15 | 0.01 |
| 28 | $A_2B_2C_1$ Vs $A_2B_2C_2$ | 1.55 | 0.05 |

0.05 = 1.37

0.01 = 1.81

પરિણામ કોષ્ટક નં. 4.56માં જોતા જણાય છે કે શિક્ષકોની જાતિ, શાળાનો પ્રકાર અને વૈવાહિક દરજ્જાની આંતરક્રિયાના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ F ની કિંમત 17.36 છે. જયારે 0.05 અર્થસૂચક કક્ષાએ F ની કિંમત 3.91 અને 0.01 અર્થસૂચક કક્ષાએ F ની કિંમત 6.81 છે. અહી પ્રાપ્ત થયેલ F ની કિંમત મોટી છે તેથી તફાવત સાર્થક છે. અહી $HO_{27}$ નો અસ્વિકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે શિક્ષકોની જાતિ, શાળાનો પ્રકાર અને વૈવાહિક દરજ્જાની આંતરક્રિયાના સંદર્ભમાં માનસિક સ્વાસ્થ્યના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

પરિણામ કોષ્ટક નં. 4.57માં જોતા જણાય છે કે શિક્ષકોની જાતિ, શાળાનો પ્રકાર અને વૈવાહિક દરજ્જાની આંતરક્રિયાના સંદર્ભમાં L.S.D. તફાવત 17 Pairs માં 0.01 અર્થસૂચક કક્ષાએ સાર્થક, 5 Pairs માં 0.05 અર્થસૂચક કક્ષાએ સાર્થક અને 6 Pairs માં અસાર્થક જોવા મળે છે જેમાં $A_1B_1C_1$ Vs $A_1B_1C_2$ એટલે કે સ્ત્રી ખાનગી શાળામાં નોકરી કરતા પરણિત શિક્ષકો અને સ્ત્રી ખાનગી શાળામાં નોકરી કરતા અપરણિત શિક્ષકોના માનસિક સ્વાસ્થ્યના મધ્યકો અનુક્રમે 80.45 અને 82.80 છે અને બંને વચ્ચેનો તફાવત 2.35 છે જે 0.01 અર્થકક્ષાએ સાર્થક છે તેથી કહી શકાય કે ખાનગી શાળામાં નોકરી કરતા પરણિત સ્ત્રી શિક્ષકો કરતા ખાનગી શાળામાં નોકરી કરતા અપરણિત સ્ત્રી શિક્ષકોનું માનસિક સ્વાસ્થ્ય વધુ સારૂ છે.

આનું શકય કારણ આપતા કહી શકાય કે ખાનગી શાળામાં નોકરી કરતી પરણિત સ્ત્રીઓએ પત્નિ, માતા અને ગૃહિણી તરીકેની ત્રિવિધ ભૂમિકા ભજવવાની જ હોય છે ઉપરાંત ખાનગી શાળાના કાર્યભાર વાળી ભૂમિકા પણ ભજવવાની હોય છે. જયારે અપરણિત સ્ત્રીઓએ ફકત નોકરીયાત તરીકેની જ ભૂમિકા ભજવવાની હોય છે તેથી તેઓનું સ્વાસ્થ્ય સારૂ હોય છે. તેથી કહી શકાય કે ખાનગી શાળામાં નોકરી કરતા પરણિત સ્ત્રી શિક્ષકો કરતા ખાનગી શાળામાં નોકરી કરતા અપરણિત સ્ત્રી શિક્ષકોનું માનસિક સ્વાસ્થ્ય વધુ સારૂ છે.

$A_1B_2C_1$ Vs $A_1B_2C_2$ એટલે કે સ્ત્રી સરકારી શાળામાં નોકરી કરતા પરણિત શિક્ષકો અને સ્ત્રી સરકારી શાળામાં નોકરી કરતા અપરણિત શિક્ષકોના માનસિક સ્વાસ્થ્યના મધ્યકો અનુક્રમે 84.33 અને 86.10 છે અને બંને વચ્ચેનો તફાવત 1.77 છે જે 0.01 અર્થકક્ષાએ સાર્થક છે તેથી કહી શકાય કે સરકારી શાળામાં નોકરી કરતા પરણિત સ્ત્રી શિક્ષકો કરતા સરકારી શાળામાં નોકરી કરતા અપરણિત સ્ત્રી શિક્ષકોનું માનસિક સ્વાસ્થ્ય વધુ સારૂં છે.

આનું શકય કારણ આપતા કહી શકાય કે પરણિત સ્ત્રીઓએ ઘરની, કૌટુંબિક અને સામાજિક જવાબદારીઓની સાથે સાથે નોકરીમાં અપ–ડાઉન, વધારાના સરકારી કામની વચ્ચે સતત મુશ્કેલીઓ અને માનસિક અસ્વસ્થતાનો સામનો કરે છે જયારે અપરણિત સ્ત્રીઓએ ફકત નોકરીયાતની જ ભૂમિકા ભજવવાની હોય છે. તેથી કહી શકાય કે સરકારી શાળામાં નોકરી કરતા પરણિત સ્ત્રી શિક્ષકો કરતા સરકારી શાળામાં નોકરી કરતા અપરણિત સ્ત્રી શિક્ષકોનું માનસિક સ્વાસ્થ્ય વધુ સારૂં છે.

$A_2B_1C_1$ Vs $A_2B_1C_2$ એટલે કે પુરૂષ ખાનગી શાળામાં નોકરી કરતા પરણિત શિક્ષકો અને પુરૂષ ખાનગી શાળામાં નોકરી કરતા અપરણિત શિક્ષકોના માનસિક સ્વાસ્થ્યના મધ્યકો અનુક્રમે 79.12 અને 82.15 છે અને બંને વચ્ચેનો તફાવત 3.03 છે જે 0.01 અર્થકક્ષાએ સાર્થક

છે તેથી કહી શકાય કે ખાનગી શાળામાં નોકરી કરતા પરણિત પુરૂષ શિક્ષકો કરતા ખાનગી શાળામાં નોકરી કરતા અપરણિત પુરૂષ શિક્ષકોનું માનસિક સ્વાસ્થ્ય વધુ સારૂં છે.

આનું શકય કારણ આપતા કહી શકાય કે આપણા ભારતીય સમાજમાં કુટુંબની, સામાજિક, વ્યાવહારિક અને આર્થિક જવાબદારી પુરૂષના માથે હોય છે. ઉપરાંત ખાનગી શાળાના કાર્યભાર વચ્ચે અસ્વસ્થતા અનુભવે છે. જયારે અપરણિત શિક્ષકોએ આવા પ્રકારની જવાબદારી ન હોવાથી તેઓ સ્વસ્થતાથી કાર્ય કરી શકે છે. તેથી કહી શકાય કે ખાનગી શાળામાં નોકરી કરતા પરણિત પુરૂષ શિક્ષકો અને ખાનગી શાળામાં નોકરી કરતા અપરણિત પુરૂષ શિક્ષકોનું માનસિક સ્વાસ્થ્ય વધુ સારૂં છે.

$A_2B_2C_1$ Vs $A_2B_2C_2$ એટલે કે પુરૂષ સરકારી શાળામાં નોકરી કરતા પરણિત શિક્ષકો અને પુરૂષ સરકારી શાળામાં નોકરી કરતા અપરણિત શિક્ષકોના માનસિક સ્વાસ્થ્યના મધ્યકો અનુક્રમે 83.75 અને 85.30 છે અને બંને વચ્ચેનો તફાવત 1.55 છે જે 0.01 અર્થકક્ષાએ સાર્થક છે તેથી કહી શકાય કે સરકારી શાળામાં નોકરી કરતા પરણિત પુરૂષ શિક્ષકો કરતા સરકારી શાળામાં નોકરી કરતા અપરણિત પુરૂષ શિક્ષકોનું માનસિક સ્વાસ્થ્ય વધુ સારૂં છે.

આનું શકય કારણ આપતા કહી શકાય કે લગ્ન કર્યા પછી પુરૂષની જવાબદારીમાં અનેકગણો વધારો થઈ જાય છે. આર્થિક, કૌટુંબિક અને સામાજિક જવાબદારી પુરૂષને માથે હોય છે. ઉપરાંત સરકારી નોકરીમાં નોકરી ઉપરાંત અન્ય સરકારી કાર્ય પણ કરવાની જવાબદારી હોય છે. જયારે અપરણિત શિક્ષકોએ ફકત નોકરીયાત તરીકેની જ ભૂમિકા ભજવવાની હોય છે. તેથી કહી શકાય કે સરકારી શાળમાં નોકરી કરતા પરણિત પુરૂષ શિક્ષકો કરતા સરકારી શાળામાં નોકરી કરતા અપરણિત પુરૂષ શિક્ષકોનું માનસિક સ્વાસ્થ્ય વધુ સારૂં છે.

## 4.5.2 વ્યકિતગત સામાજિક પરિવર્ત્યો અને માનસિક સ્વાસ્થ્ય વચ્ચેની t કસોટી.

### 4.5.2.1 શિક્ષકોની ઉંમરનાં સંદર્ભમાં માનસિક સ્વાસ્થ્યનો t કસોટી દ્વારા અભ્યાસ.

શિક્ષકોને ઉંમરનાં સંદર્ભમાં નીચેના બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

(1) 21 થી 40 વર્ષ

(2) 41 થી 58 વર્ષ

આ બે વિભાગોના સંદર્ભમાં નીચેની ઉત્કલ્પના રચવામાં આવી હતી.

$HO_{28}$ : શિક્ષકોની ઉંમરના સંદર્ભમાં માનસિક સ્વાસ્થ્યના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહિ.

પરિણામ કોષ્ટક નં. 4.58

શિક્ષકોની ઉંમરના સંદર્ભમાં માનસિક સ્વાસ્થ્યના મધ્યકો, પ્રમાણ વિચલન અને t કસોટીનું મૂલ્ય દર્શાતું કોષ્ટક (N=1200)

| ક્રમ | ઉંમર | N | Mean | SD | SEM | SED | t | Sig. |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 21 થી 40 વર્ષ | 789 | 82.60 | 7.84 | 0.17 | 0.29 | 4.00 | 0.01 |
| 2 | 41 થી 58 વર્ષ | 411 | 83.76 | 5.12 | 0.25 | | | |

0.05 = 1.96

0.01 = 2.58

ઉપરના પરિણામ કોષ્ટક નં. 4.58માં જોતા જણાય છે કે શિક્ષકોની ઉંમરના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ t ની કિંમત 4.00 છે. સ્વાતંત્ર્યની કક્ષા 1198 હોય ત્યારે 0.05અર્થ સૂચક કક્ષાએ t ની કિંમત 1.96 અને 0.01અર્થ સૂચક કક્ષાએ t ની કિંમત 2.58 છે. અહીં પ્રાપ્ત થયેલ t ની કિંમત મોટી છે. તેથી તફાવત સાર્થક છે. અહીં HO28 નો અસ્વિકાર કરવામાં આવે છે અને તારણ તારવવામાં આવે છે કે 21 થી 40 વર્ષના શિક્ષકો કરતા 41 થી 58 વર્ષના શિક્ષકોનું માનસિક સ્વાસ્થ્ય વધુ સારૂં છે.

આનું શકય કારણ આપતા કહી શકાય કે 21 થી 40 વર્ષની ઉંમર દરમિયાન વ્યકિતએ કૌટુંબિક, સામાજિક, લગ્ન તેમજ વ્યાવસાયિક સમાયોજન સાધવાનું હોય છે. તેમજ દરેક જવાબદારીઓ લગભગ નવી હોય છે. જયારે 41 થી 58 વર્ષના શિક્ષકો કૌટુંબિક, સામાજિક અને વ્યાવસાયિક જવાબદારીઓમાં સમાયોજન સાધી લીધુ હોય છે. તેમજ તેઓ આર્થિક રીતે સદ્ધર થઈ ગયા હોય છે. તેથી તેઓ માનસિક રીતે સ્વસ્થ હોય છે તેથી કહી શકાય કે 21 થી 40 વર્ષની ઉંમર ધરાવનાર શિક્ષકો કરતા 41 થી 58 વર્ષની ઉમંર ધરાવતા શિક્ષકોનું માનસિક સ્વાસ્થ્ય વધુ સારૂં છે.

4.4.2.2 **શિક્ષકોના વેતનદરનાં સંદર્ભમાં માનસિક સ્વાસ્થ્યનો t કસોટી દ્વારા અભ્યાસ.**

શિક્ષકોને વેતનદરનાં સંદર્ભમાં નીચેના બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

(1) 10,000 કે તેથી ઓછો

(2) 10,000 થી વધુ

આ બે વિભાગોના સંદર્ભમાં નીચેની ઉત્કલ્પના રચવામાં આવી હતી.

HO29 : શિક્ષકોના વેતનદરના સંદર્ભમાં માનસિક સ્વાસ્થ્યના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહિ.

પરિણામ કોષ્ટક નં. 4.59

શિક્ષકોના વેતનદરના સંદર્ભમાં માનસિક સ્વાસ્થ્યના મધ્યકો, પ્રમાણ વિચલન

અને t કસોટીનું મૂલ્ય દર્શાતું કોષ્ટક (N=1200)

| ક્રમ | વેતનદર | N | Mean | SD | SEM | SED | t | Sig. |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 10,000કે તેથી ઓછો | 821 | 80.84 | 4.13 | 0.14 | 0.53 | 10.86 | 0.01 |
| 2 | 10,000થી વધુ | 379 | 83.99 | 5.04 | 0.26 | | | |

0.05 = 1.96

0.01 = 2.58

ઉપરના પરિણામ કોષ્ટક નં. 4.59માં જોતા જણાય છે કે શિક્ષકોના વેતનદરના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ t ની કિંમત 10.86 છે. સ્વાતંત્ર્યની કક્ષા 1198 હોય ત્યારે 0.05અર્થ સૂચક કક્ષાએ t ની કિંમત 1.96 અને 0.01અર્થ સૂચક કક્ષાએ t ની કિંમત 2.58 છે. અહી પ્રાપ્ત થયેલ t ની કિંમત મોટી છે. તેથી તફાવત સાર્થક છે. અહી HO29 નો અસ્વિકાર કરવામાં આવે છે અને તારણ તારવવામાં આવે છે કે 10,000 કે તેથી ઓછો વેતનદર ધરાવતા શિક્ષકો કરતા 10,000 થી વધુ વેતનદર ધરાવનાર શિક્ષકોનું માનસિક સ્વાસ્થ્ય વધુ સારૂં છે.

આનું શકય કારણ આપતા કહી શકાય કે ઉચ્ચ જીવનધોરણ જીવવા માટે પૈસો એ ખૂબજ જરૂરી છે. ઉપરાંત કાર્યના બદલામાં મળતુ વેતન એ સંતોષ કે સ્વસ્થતા માટેનું કારણછે. 10,000 કે તેથી ઓછુ વેતન ધરાવતા શિક્ષકો નિમ્ન જીવનરીતી મુજબ જીવન જીવતા હોય છે. જયારે 10,000 થી વધુ વેતન ધરાવતા શિક્ષકો પોતે મોટાભાગની જરૂરિયતો પૂર્ણ કરી શકે છે તેથી તેઓ સ્વસ્થ હોય છે. તેથી કહી શકાય કે10,000 કે તેથી ઓછો વેતનદર ધરાવનાર શિક્ષકો કરતા 10,000 થી વધુ વેતનદર ધરાવનાર શિક્ષકોનું માનસિક સ્વાસ્થ્ય વધુ સારૂં છે.

4.5. 2.3 **શિક્ષકોના કાર્યભારનાં સંદર્ભમાં માનસિક સ્વાસ્થ્યનો t કસોટી દ્વારા અભ્યાસ.**

શિક્ષકોને કાર્યભારનાં સંદર્ભમાં નીચેના બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

(1) ખંડ સમય

(2) પૂર્ણ સમય

આ બે વિભાગોના સંદર્ભમાં નીચેની ઉત્કલ્પના રચવામાં આવી હતી.

$HO_{30}$ : શિક્ષકોના કાર્યભારના સંદર્ભમાં માનસિક સ્વાસ્થ્યના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહિ.

પરિણામ કોષ્ટક નં. 4.60

શિક્ષકોના કાર્યભારના સંદર્ભમાં માનસિક સ્વાસ્થ્યના મધ્યકો, પ્રમાણ વિચલન

અને t કસોટીનું મૂલ્ય દર્શાતું કોષ્ટક (N=1200)

| ક્રમ | કાર્યભાર | N | Mean | SD | SEM | SED | t | Sig. |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | ખંડ સમય | 293 | 82.10 | 4.43 | 0.26 | 0.31 | 3.84 | 0.01 |
| 2 | પૂર્ણ સમય | 907 | 83.29 | 5.21 | 0.17 | | | |

0.05 = 1.96

0.01 = 2.58

ઉપરના પરિણામ કોષ્ટક નં. 4.60માં જોતા જણાય છે કે શિક્ષકોના કાર્યભારના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ t ની કિંમત 3.84 છે. સ્વાતંત્ર્યની કક્ષા 1198 હોય ત્યારે 0.05અર્થ સૂચક કક્ષાએ t ની કિંમત 1.96 અને 0.01અર્થ સૂચક કક્ષાએ t ની કિંમત 2.58 છે. અહી પ્રાપ્ત થયેલ t ની કિંમત મોટી છે. તેથી તફાવત સાર્થક છે. અહીં $HO_{30}$ નો અસ્વિકાર કરવામાં આવે છે અને તારણ તારવવામાં આવે છે કે ખંડ સમયનો કાર્યભાર ધરાવતા શિક્ષકો કરતા પૂર્ણ સમયનો કાર્યભાર ધરાવતા શિક્ષકોનું માનસિક સ્વાસ્થ્ય વધુ સારૂં છે.


આનું શકય કારણ આપતા કહી શકાય કે ખંડ સમય નોકરી કરતા શિક્ષકોની નોકરી કાયમી કે નિશ્ચિત હોતી નથી. ઉપરાંત તેઓનું વેતન તદ્દન ઓછુ મળે છે. ઉપરાંત તેઓ આવી ખંડ સમયની નોકરી બે કે ત્રણ શાળાઓમાં કરતા હોય છે તેથી તેઓ માનસિક રીતે અસ્વસ્થ હોય છે. જયારે પૂર્ણ સમય નોકરી કરતા શિક્ષકો પોતે જે જગ્યાએ પૂર્ણ સમય ફાળવતા હોય તેની જ ચિંતા હોય છે. આથી તેઓ સ્વસ્થતાથી નોકરી કરી શકે છે. તેથી કહી શકાય કે ખંડ સમય નોકરી કરતા શિક્ષકો કરતા પૂર્ણ સમય નોકરી કરતા શિક્ષકોનું માનસિક સ્વાસ્થ્ય વધુ સારૂં છે.

## 4.6 વ્યવસાય સંતોષ, જીવન સંતોષ અને માનસિક સ્વાસ્થ્ય વચ્ચેના સહસંબંધનો અભ્યાસ :–

### 4.6.1 શિક્ષકોના વ્યવસાય સંતોષ અને જીવન સંતોષ વચ્ચેના સહસંબંધનો અભ્યાસ :–


## આલેખ નં. 4.16

**શિક્ષકોની ઉંમરના સંદર્ભમાં માનસિક સ્વાસ્થ્યના મધ્યકો દર્શાવતો સ્થંભાલેખ**




## આલેખ નં. 4.17

**શિક્ષકોના વેતનદરના સંદર્ભમાં  માનસિક સ્વાસ્થ્યના મધ્યકો દર્શાવતો સ્થંભાલેખ**



## આલેખ નં. 4.18

**શિક્ષકોના કાર્યભારના સંદર્ભમાં માનસિક સ્વાસ્થ્યના મધ્યકો દર્શાવતો સ્થંભાલેખ**



HO31 : શિક્ષકોના વ્યવસાય સંતોષ અને જીવન સંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક સહસંબંધ જોવા મળશે નહિ.

પરિણામ કોષ્ટક નં. 4.61

શિક્ષકોના વ્યવસાય સંતોષ અને જીવન સંતોષ વચ્ચેનો સહસંબંધાંક દર્શાવતુ કોષ્ટક

| ક્રમ | વિગત | N | સ્વાતંત્ર્યની કક્ષા Df (N-1) | સહસંબંધાંક |
|---|---|---|---|---|
| 1 | વ્યવસાય સંતોષ | 1200 | 1199 | 0.43 |
| 2 | જીવન સંતોષ | 1200 | 1199 | |

Significance Level

0.05 = 0.062

0.01 = 0.081

ઉપરોક્ત કોષ્ટક નં. 4.61નો ઉપયોગ HO31 ચકાસણી કરવા માટે કરવામાં આવ્યો હતો. શિક્ષકોના વ્યવસાય સંતોષ અને જીવન સંતોષ વચ્ચેનો સહસંબંધ ગણવા માટે કાર્લપિયરસન r નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેના દ્વારા ગણતરી કરીને પ્રાપ્ત થયેલ બંને વચ્ચેના સહસંબંધનું મૂલ્ય 0.43 આવે છે જે નોંધપાત્ર સહસંબંધ દર્શાવે છે. જે Df 1199 હોય ત્યારે 0.05 અર્થસૂચક કક્ષાએ r કિંમત 0.062 અને 0.01 અર્થસૂચક કક્ષાએ 0.081 છે. અહિં પ્રાપ્ત થયેલ કિંમત મોટી છે. તેથી શૂન્ય પરિકલ્પનાનો અસ્વિકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે શિક્ષકોના વ્યવસાય સંતોષ અને જીવન સંતોષ વચ્ચે વિધાયક સાર્થક સહસંબંધ જોવા મળે છે.

### 4.6.2 **શિક્ષકોના જીવન સંતોષ અને માનસિક સ્વાસ્થ્ય વચ્ચેના સહસંબંધનો અભ્યાસ :–**

HO32 : શિક્ષકોના જીવન સંતોષ અને માનસિક સ્વાસ્થ્યના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક સહસંબંધ જોવા મળશે નહિ.

પરિણામ કોષ્ટક નં. 4.62

શિક્ષકોના જીવન સંતોષ અને માનસિક સ્વાસ્થ્ય વચ્ચેનો સહસંબંધાંક દર્શાવતુ કોષ્ટક

| ક્રમ | વિગત | N | સ્વાતંત્ર્યની કક્ષા Df (N-1) | સહસંબંધાંક |
|---|---|---|---|---|
| 1 | જીવન સંતોષ | 1200 | 1199 | 0.61 |
| 2 | માનસિક સ્વાસ્થ્ય | 1200 | 1199 | |

Significance Level

0.05 = 0.062

0.01 = 0.081

ઉપરોકત કોષ્ટક નં. 4.62નો ઉપયોગ HO32 ચકાસણી કરવા માટે કરવામાં આવ્યો હતો. શિક્ષકોના જીવન સંતોષ અને માનસિક સ્વાસ્થ્ય વચ્ચેનો સહસંબંધ ગણવા માટે કાર્લપિયરસન r નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેના દ્વારા ગણતરી કરીને પ્રાપ્ત થયેલ બંને વચ્ચેના સહસંબંધનું મૂલ્ય 0.61 આવે છે જે નોંધપાત્ર સહસંબંધ દર્શાવે છે. જે Df 1199 હોય ત્યારે 0.05 અર્થસૂચક કક્ષાએ r કિંમત 0.062 અને 0.01 અર્થસૂચક કક્ષાએ 0.081 છે. અહિં પ્રાપ્ત થયેલ કિંમત મોટી છે. તેથી શૂન્ય પરિકલ્પનાનો અસ્વિકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે શિક્ષકોના જીવન સંતોષ અને માનસિક સ્વાસ્થ્ય વચ્ચે વિધાયક સાર્થક સહસંબંધ જોવા મળે છે.

### 4.6.3 શિક્ષકોના વ્યવસાય સંતોષ અને માનસિક સ્વાસ્થ્યના વચ્ચેના સહસંબંધનો અભ્યાસ :–

HO33 : શિક્ષકોના વ્યવસાય સંતોષ અને માનસિક સ્વાસ્થ્યના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક સહસંબંધ જોવા મળશે નહિ.

પરિણામ કોષ્ટક નં. 4.63

શિક્ષકોના વ્યવસાય સંતોષ અને માનસિક સ્વાસ્થ્ય વચ્ચેનો સહસંબંધાંક દર્શાવતુ કોષ્ટક

| ક્રમ | વિગત | N | સ્વાતંત્ર્યની કક્ષા Df (N-1) | સહસંબંધાંક |
|---|---|---|---|---|
| 1 | વ્યવસાય સંતોષ | 1200 | 1199 | 0.54 |
| 2 | માનસિક સ્વાસ્થ્ય | 1200 | 1199 | |

Significance Level

0.05 = 0.062

0.01 = 0.081

ઉપરોક્ત કોષ્ટક નં. 4.63નો ઉપયોગ HO33 ચકાસણી કરવા માટે કરવામાં આવ્યો હતો. શિક્ષકોના વ્યવસાય સંતોષ અને માનસિક સ્વાસ્થ્ય વચ્ચેનો સહસંબંધ ગણવા માટે કાર્લપિયરસન r નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેના દ્વારા ગણતરી કરીને પ્રાપ્ત થયેલ બંને વચ્ચેના સહસંબંધનું મૂલ્ય 0.54 આવે છે જે નોંધપાત્ર સહસંબંધ દર્શાવે છે. જે Df 1199 હોય ત્યારે 0.05 અર્થસૂચક કક્ષાએ r કિંમત 0.062 અને 0.01 અર્થસૂચક કક્ષાએ 0.081 છે. અહિં પ્રાપ્ત થયેલ કિંમત મોટી છે. તેથી શૂન્ય પરિકલ્પનાનો અસ્વિકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે શિક્ષકોના વ્યવસાય સંતોષ અને માનસિક સ્વાસ્થ્ય વચ્ચે વિધાયક સાર્થક સહસંબંધ જોવા મળે છે.

પરિણામ કોષ્ટક નં. 4.64

શિક્ષકોના વ્યવસાય સંતોષ, જીવન સંતોષ અને માનસિક સ્વાસ્થ્ય

વચ્ચેનો આંશિક સહસંબંધ દર્શાવતુ કોષ્ટક

| ક્રમ | વિગત | સ્વાતંત્ર્યની કક્ષા Df (N-1) | આંશિક વિગત | r Value | આંશિક સહસંબંધ | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|
| 1 | વ્યવસાય સંતોષ | 1197 | r 12.3 | 0.43 | 0.91 | 0.01 |
| 2 | જીવન સંતોષ | 1197 | r 23.1 | 0.61 | 0.21 | 0.01 |
| 3 | માનસિક સ્વાસ્થ્ય | 1197 | r 31.2 | 0.54 | 0.18 | 0.01 |

Significance Level

0.05 = 0.062

0.01 = 0.081


### 4.6.4 શિક્ષકોના વ્યવસાય સંતોષ અને જીવન સંતોષ વચ્ચેના આંશિક સહસંબંધનો અભ્યાસ :–

HO34 : શિક્ષકોના માનસિક સ્વાસ્થ્યના પ્રાપ્તાંકો સ્થિર હોય ત્યારે વ્યવસાય સંતોષ અને જીવન સંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક સહસંબંધ જોવા મળશે નહિ.

ઉપરોક્ત કોષ્ટક નં. 4.64ની માહિતીનો HO34 ચકાસણી કરવા માટે ઉપયોગ કરવામાં આવ્યો હતો. જયારે શિક્ષકોનું માનસિક સ્વાસ્થ્ય સ્થિર હોય ત્યારે શિક્ષકોના વ્યવસાય સંતોષ અને જીવન સંતોષ વચ્ચેના આંશિક સહસંબંધ દ્વારા પ્રાપ્ત થયેલ r કિંમત 0.19 જે Df 1199 હોય ત્યારે 0.05 અર્થસૂચક કક્ષાએ r કિંમત 0.062 અને 0.01 અર્થસૂચક કક્ષાએ 0.081 છે. અહિં પ્રાપ્ત

## આલેખ નં. 4.19

**શિક્ષકોનો વ્યવસાય સંતોષ, જીવન સંતોષ અને માનસિક સ્વાસ્થ્યના મધ્યકો દર્શાવતો સ્થંભાલેખ**



થયેલ કિંમત મોટી છે. આથી HO34 નો અસ્વિકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે શિક્ષકોના માનસિક સ્વાસ્થ્યના પ્રાપ્તાંકો સ્થિર હોય ત્યારે શિક્ષકોના વ્યવસાય સંતોષ અને જીવન સંતોષ વચ્ચે વિધાયક સાર્થક સહસંબંધ જોવા મળશે નહિ.

### 4.6.5 શિક્ષકોના જીવન સંતોષ અને માનસિક સ્વાસ્થ્ય વચ્ચેના આંશિક સહસંબંધનો અભ્યાસ :–

HO35 : શિક્ષકોના વ્યવસાય સંતોષના પ્રાપ્તાંકો સ્થિર હોય ત્યારે જીવન સંતોષ અને માનસિક સ્વાસ્થ્યના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક સહસંબંધ જોવા મળશે નહિ.

ઉપરોકત કોષ્ટક નં. 4.64ની માહિતીનો HO35 ચકાસણી કરવા માટે ઉપયોગ કરવામાં આવ્યો હતો. જયારે શિક્ષકોનો વ્યવસાય સંતોષ સ્થિર હોય ત્યારે શિક્ષકોના જીવન સંતોષ અને માનસિક સ્વાસ્થ્ય વચ્ચેના આંશિક સહસંબંધ દ્વારા પ્રાપ્ત થયેલ r કિંમત 0.21 જે Df 1199 હોય ત્યારે 0.05 અર્થસૂચક કક્ષાએ r કિંમત 0.062 અને 0.01 અર્થસૂચક કક્ષાએ 0.081 છે. અહિં પ્રાપ્ત થયેલ કિંમત મોટી છે. આથી HO35 નો અસ્વિકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે શિક્ષકોના વ્યવસાય સંતોષના પ્રાપ્તાંકો સ્થિર હોય ત્યારે શિક્ષકોના જીવન સંતોષ અને માનસિક સ્વાસ્થ્ય વચ્ચે વિધાયક સાર્થક સહસંબંધ જોવા મળશે નહિ.

### 4.6.6 શિક્ષકોના વ્યવસાય સંતોષ અને માનસિક સ્વાસ્થ્ય વચ્ચેના આંશિક સહસંબંધનો અભ્યાસ :–

HO36 : શિક્ષકોના જીવન સંતોષના પ્રાપ્તાંકો સ્થિર હોય ત્યારે વ્યવસાય સંતોષ અને માનસિક સ્વાસ્થ્યના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક સહસંબંધ જોવા મળશે નહિ.

ઉપરોકત કોષ્ટક નં. 4.64ની માહિતીનો HO36 ચકાસણી કરવા માટે ઉપયોગ કરવામાં આવ્યો હતો. જયારે શિક્ષકોનો જીવન સંતોષ સ્થિર હોય ત્યારે શિક્ષકોના વ્યવસાય સંતોષ અને માનસિક સ્વાસ્થ્ય વચ્ચેના આંશિક સહસંબંધ દ્વારા પ્રાપ્ત થયેલ r કિંમત 0.18 જે Df 1199 હોય ત્યારે 0.05 અર્થસૂચક કક્ષાએ r કિંમત 0.062 અને 0.01 અર્થસૂચક કક્ષાએ 0.081 છે. અહિં પ્રાપ્ત થયેલ કિંમત મોટી છે. આથી HO36 નો અસ્વિકાર થાય છે અને તારણ તારવવામાં આવે છે કે શિક્ષકોના જીવન સંતોષના પ્રાપ્તાંકો સ્થિર હોય ત્યારે શિક્ષકોના વ્યવસાય સંતોષ અને માનસિક સ્વાસ્થ્ય વચ્ચે વિધાયક સાર્થક સહસંબંધ જોવા મળશે નહિ.

## 4.7 વ્યવસાય સંતોષ, જીવન સંતોષ અને માનસિક સ્વાસ્થ્ય વચ્ચેનો સંબંધ :–

મનોવિજ્ઞાન અને તેની સાથે જોડાયેલા વિજ્ઞાનો માનવ સ્વભાવને ઓળખવા માટે માનવ સ્વભાવ, વ્યકિતત્વ અને ચારિત્ર્યને અનુલક્ષીને ઉત્પન્ન થતા વર્તનભાતોના આટાપાટાને ઉકેલવામાં રસ ધરાવે છે. મનુષ્યનું વર્તન જે તેના સમગ્ર જીવન કાર્ય દરમિયાન સર્જિત અને વિસર્જિત થાય છે તેને સમજવામાં મનોવિજ્ઞાન પ્રથમ વિજ્ઞાન છે જે આવી ગુંચવણોનો સંબંધ જાણે છે અને સમજાવે છે ત્યારબાદ તેના ઉપર નિયંત્રણ કે આગાહી કરવા માટે ક્ષમતા ધરાવે છે.

પ્રસ્તુત સંશોધન વ્યકિતના જીવન દરમિયાન જે અર્થોપાર્જન માટે જે સંસ્થાઓ સાથે જોડાય તે સંસ્થા ફકત પૈસા જ આપતી નથી. પરંતુ તેની સાથે માનવીય તત્વોનો આર્વિભાવ પણ ઈચ્છે છે. આવા જ માનવીય તત્વો એટલે શિક્ષકોનો વ્યવસાય સંતોષ, જીવન સંતોષ અને માનસિક સ્વાસ્થ્ય આ ત્રણેય બાબતોને ધ્યાનમાં રાખીને સંશોધન હાથ ધરવામાં આવ્યું છે.

કવિવર ટાગોર જણાવે છે કે"યોગ્ય વ્યકિત માટે યોગ્ય ધંધો અને યોગ્ય ધંધા માટે યોગ્ય વ્યકિત મળે તો દરેક કાર્યને પોતાનો આનંદ હશે."

"વ્યકિતએ એવી મનપસંદ વ્યવસાય પ્રવૃતિમાં ખુંપી જવું જોઈએ કે તે સ્વયં આનંદ અને સ્ફુર્તિ આપે જેથી વ્યકિતને રજા ભોગવવાની કયારેય સ્પૃહા ન થાય."

એમર્સન જણાવે છે કે કોઈપણ સંસ્થા વડે માણસને કાર્ય અને સુખ મળે છે તે સંસ્થા માટે જન્મવું એ માણસનું મોટામાં મોટું ભાગ્ય છે.

શિક્ષણકાર્ય એ જટિલ કાર્ય છે. જો શિક્ષકને પોતાના વ્યવસાય કાર્યમાંથી વ્યવસાય સંતોષ મળશે તો તેનો જીવન સંતોષ વધુ સારો હોય છે અને જીવન સંતોષ સારો હશે તો તેનું માનસિક સ્વાસ્થ્ય પણ સારૂ જ હોય છે. આમ ઉપર્યુકત ત્રણેય પરિબળો પરસ્પર ગાઢ રીતે સંબંધ ધરાવે છે.

## 4.8 શિક્ષકોનો વ્યવસાય સંતોષ વધારવાના ઉપાયો :–

વ્યવસાય સંતોષ એ વ્યવસાય સાથે સંકળાયેલો સૌથી અગત્યનો ખ્યાલ છે. વ્યવસાય સાથે સંકળાયેલા અનેક પાસાને ધ્યાનમાં રાખીને વિધાયક મનોવલણના પાસાને મહત્વ આપી વ્યકિત પોતાનો વ્યવસાય સંતોષ વધારી શકે છે. આ માટેના મૌલિક સૂચનો આપવા માટેનો પ્રયત્ન કર્યો છે જે નીચે મુજબ છે.

(1) નોકરીમાં મળતો સમય, સ્થળ અને આર્થિક બાબતો યોગ્ય છે અને તેને વધુ વિકાસશીલ બનાવી શકાશે તેમ સમજવાથી વ્યકિત પોતાનો વ્યવસાય સંતોષ વધારી શકે છે.

(2) માનવજીવનમાં પોતાનું સ્થાન જે રીતે અગત્યનું છે તેમ કંપની કે ઉદ્યોગમાં કર્મચારીનું સ્થાન ખૂબજ મહત્વનું છે તેવો સતત અનુભવ કરવો જોઈએ.

(3) પોતાના વ્યવસાય સ્થળે એક વ્યકિત પોતે વિકાસશીલ કર્મચારી તરીકે અનુભવ કરી વ્યવસાય સંતોષ વધી શકે છે.

(4) પોતાનું કાર્ય શ્રેષ્ઠ છે અને તેનું એક અવિભાજ્ય અંગ છે તેમ સમજવાથી વ્યવસાય સંતોષ વધી શકે છે.

(5) વ્યકિતને પોતાના વ્યવસાય પ્રત્યે સતત વિધાયક અભિગમ વધુને વધુ વિકસાવવો જોઈએ.

(6) આજના આ વૈજ્ઞાનિક યુગમાં વ્યકિત પોતે વિકાસશીલ કર્મચારી તરીકે અનુભવ કરી વ્યવસાય સંતોષ મેળવી શકે છે.

(7) કાર્યનું વિશ્લેષણ કરી પોતાના કાર્યને વિશિષ્ટ અને મહત્વનું ગણી પોતાના કાર્ય પ્રત્યે સંતોષ કેળવી શકે છે.

(8) વ્યકિત પોતાની વિશિષ્ટ શકિતમાં અન્ય લોકો સાથે સમજપૂર્વક સાથે રહીને તેમજ પોતાની નાનકડી ક્ષતિને આ પરિબળના સંદર્ભમાં સુધારો કરીને વ્યવસાય સંતોષ વધારી શકાય છે.

(9) વ્યવસાય સંતોષ પર અસર કરતા ઘટકો અનેક છે જેમાં વ્યકિત, સમય, સ્થળ, પરિસ્થિતિ, સાધનો, સંચાલકો, સામાજિક જરૂરિયતો, પોતાની અભિરુચિ કે અભિયોગ્યતાનો ઉપયોગ કરીને યોગ્યતમ કક્ષાએ વ્યવસાય સંતોષ વધારી શકે છે.

## 4.9 **શિક્ષકોના જીવન સંતોષ વધારવાના ઉપાયો :–**

જીવન સંતોષ એ માનવજીવન સાથે સંકળાયેલ મનોવૈજ્ઞાનિક પરિબળ છે. કેમ કે વ્યકિતનું જીવન સતત પરિવર્તનશીલ છે. માટે પરિવર્તિત પરિસ્થિતિ સાથે વ્યકિતના જીવન સંતોષમાં પરિવર્તન આવે છે ત્યારે વ્યકિતના વિચારો અને જીવન પ્રત્યેનો દ્રષ્ટિકોણ અલગ–અલગ જોવા મળે છે.

(1) વાસ્તવિક પરિસ્થિતિની સમજૂતિ મેળવી તેને અનુરૂપ વર્તવાથી જીવન સંતોષ વધારી શકાય છે.

(2) સતત પરિવર્તનશીલતાને સ્વિકારી અને તેની સાથે ચાલવાથી વ્યકિતમાં વિકાસશીલતાનો ગુણ કેળવી શકાય અને નવા દ્રષ્ટિકોણ દ્વારા પોતાના વ્યકિતત્વને વધારે વિકાસશીલ બનાવી જીવન સંતોષ વધારી શકાય.

(3) ભૂતકાળ અને ભવિષ્યની ચિંતા છોડી વર્તમાનમાં વ્યકિતને જે અમુલ્ય જીંદગી મળી છે. તેમાં આવેલ પરિસ્થિતિ, સફળતા, નિષ્ફળતા એ જીવનનું અંગ છે તેમ માની જીવન જીવવાથી વ્યકિતનો જીવન સંતોષ વધારી શકાય છે.

(4) કે. એસ. બનહાર્ટ મુજબ હંમેશા પ્રસન્ન અને આશાવાદી જીવન જીવવાથી જીવનમાં સંતોષ કેળવી શકાય.

(5) હંમેશા ક્ષમતાને અનુરૂપ ઉચ્ચ ધ્યેયો, ઉન્નત વિચારો અને ઉમદા આદર્શ રાખવાથી જીવન સંતોષની ગુણવતા વધી શકે છે.

(6) સમય, શકિત, સુવિધાઓ, સુખો અને આરામ આ બધુ શકય હોય ત્યાં સુધી બીજાના ભલા માટે સમર્પિત કરવાથી કોઈનું સારૂ કરવાથી બદલામાં આપણને સુખ અને સંતોષ પ્રાપ્ત થાય છે. માટે અન્ય માટે જરૂર પડયે ઘસાતા શીખો.

(7) સાક્રેટિસે કહયુ છે કે – Know thyself "તમારી જાતને ઓળખો" અને Accept thyself "તમારી જાતનો સ્વિકાર કરો" આમ, માનવીએ પોતાની શકિતઓ, કૌશલ્યો અને મર્યાદાઓને ઓળખીને સ્વિકારવાથી સંતોશરૂપી ધન મેળવી શકાય છે.

## 4.10 શિક્ષકોનું માનસિક સ્વાસ્થ્ય સુધારવાના સૂચનો :–

ઈશ્વરે માનવને શરીર અને મન આપ્યા છે. શરીરને સારૂ રાખવા માટે માણસ સારો ખોરાક લે છે અને કસરત કરે છે. તેજ રીતે માનવીએ મનને સારૂ રાખવા માટે માનસિક કસરત કરવી જોઈએ. શરીરમાં કોઈપણ પ્રકારની ખામી આવે કે તરત જ માનવી ડૉક્ટર પાસે જાય છે પરંતુ મનમાં કોઈ ખામી દેખાય તો વ્યકિત તેની સંપૂર્ણ નોંધ લેતી નથી. તેથી માનસિક અસ્વસ્થતા અનુભવે છે. તેથી માનવીએ શારીરિક સ્વાસ્થ્ય તેમજ માનસિક સ્વાસ્થ્ય મેળવવાનો હંમેશા પ્રયત્ન કરવો જોઈએ.

આજના સ્પર્ધાત્મક યુગમાં ભૌતિક સુખ, સમૃદ્ધિની ઝંખના માણસને અનેક પ્રકારની દોડધામ કરવા છતા ઈચ્છિત ફળની અપ્રાપ્તિ કે નિષ્ફળતાની સતત ચિંતા અને તાણની ભીંસમાં માણસના માનસિક સ્વાસ્થ્યને ગંભીર અને વિપરીત અસર કરી જોખમાવે છે ત્યારે આવા જોખમકારક ઘટકોની અસર ઓછી કરવાના સૂચનો કરી માનસિક સ્વાસ્થ્યમાં વધારો કરી શકાય છે. આવા સૂચનો નીચે પ્રમાણે કરી શકાય.

(1) યોગિક પદ્ધતિ દ્વારા ધીરજ, હિંમત, શાંતી અને દ્રઢ આત્મવિશ્વાસ કેળવવાથી.

(2) પ્રેરણાદાયિ પુસ્તકોના વાચન દ્વારા રચનાત્મક દ્રષ્ટિકોણ કેળવીને.

(3) પોતાની વિશિષ્ટતા મુજબ ઘ્યેય અને અભિપ્સા જાણીને તેને અનુરૂપ જીવનશૈલી વિકસાવવાથી.

(4) આસપાસના જગત પ્રત્યે વાસ્તવિકતાનું વલણ વિકસાવવાથી.

(5) આંતર નિરીક્ષણ દ્વારા દુર્ગુણોને સ્વિકારીને દુર કરવા અને સદગુણો વિકસાવવાથી.

(6) સ્વમાન, સ્વલાગણી અને સ્વસલામતીની જાગૃતિ વિકસાવવાથી તેની જાળવણી કરવાથી માનસિક સ્વાસ્થ્ય જાળવી શકાય છે.

(7) આત્મ નિરીક્ષણ દ્વારા પોતાની જાત સાથે વિધાયક વાર્તાલાપ અને ચિંતન કરવાથી.